MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૯-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 લોકો નાણાંકીય ભીડમાં હોય તો જનધન ખાતા ભરેલા ન હોયઃ કેવી સુબ્રમણ્યમ

6 દિલ્હીમાં એમ્બ્યુલન્સ સેવાના ૪૫ કર્મચારીઓ કોરોનાની ચપેટમાં

8 ગાંધીનગરમાં કોરોનાના વધુ ૯ કેસ, કુડાસણમાં એક જ પરિવારમાં ત્રણ લોકો પોઝિટિવ

12 રાજપીપળા રેડક્રોસ ખાતે ઇન્ટર નેશનલ રક્તદાન દિવસ નિમિત્તે રકદાન કરતા જાગૃત નાગરિકો

લોકડાઉનની કરૂણ અને માનવીય સંવેદનાના તારોને હચમચાવનારી કમકમાટીભરી ઘટના

ઔરંગાબાદમાં માલગાડીએ પ્રવાસી મજૂરોને કચડ્યા: ૧૬ નાં મોત

લૉકડાઉનથી ત્રાસીને ઘરે જવા નિકળ્યા અને રસ્તામાં જ કાળ ભરખી ગયો,રેલ્વે ટ્રેક પર શ્રમિકોની વેરવિખેર રોટલીઓ મળી આવતા કરુણા સભર દ્રશ્યો સર્જાયા,રેલ્વે દ્વારા તપાસના આદેશો,મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશ સરકારે મૃતકોને પાંચ-પાંચ લાખ રૂપિયાની સહાય જાહેર કરી



અમારો શું વાક?: લોકડાઉનમાં રેલવે બંધ છે, એમ માનીને શ્રમિકો રેલવેના પાટા પર જ સૂઈ ગયા હતા,કાળના પૈડા ફરી વળ્યા

ઔરંગાબાદ

આખો દેશ લોકડાઉનમાં કેદ છે ત્યારે માનવીય સંવેદનાને હચમચાવી દે એવી એક ઘટનામાં કોરોના લોકડાઉનથી ત્રસ્ત ગરીબ-લાચાર બેબસ કેટલાક શ્રમિકો પોતાની નોકરી- ધંધો છોડીને, ગામડે પોતાના નાનકડા ઘરે પરિવારની સાથે બેસીને સુખદુઃખની વાતો કરવાના શમણાં જોઈને પગપાળા જઈ રહ્યાં છે. આવા જ કંઈક શમણાં જોતા જોતાં પોતાના ઘરે જવા નિકળેલા કેટલાક શ્રમિકો રેલવેના પાટે પાટે સતત ચાલીને થાકથી લોથપોથ થઈને રેલવેના પાટા પર માથુ મૂકીને સૂઈ ગયેલા એ શ્રમિકો પૈકી ૧૫ અભાગિયા શ્રમિકોને શું ખબર કે વિધાતાના લેખમાં તેમના માટે રેલવેના પાટા પર જ કાયમ માટે પોઢી જવાનું લખાયેલું છે અને તેઓ ક્યારેય પોતાના ગામ કે ''ધરતીનો છેડો ઘર'' સુધી પહોંચી શકવાના નથી.....!

ભલભલાના આંખમાં આંસુ લાવી દે એવી આ કરૂણ ઘટના મહારાષ્ટ્રના ઔરંગાબાદ નજીકના કરમાદ ગામની નજીક રેલવેના પાટા પર સૂઈ ગયેલા મધ્યપ્રદેશના શ્રમિકો સાથે ઘટી હતી. જેમાં જે રેલવેના પાટા પર શ્રમિકો સૂઈ ગયા હતા એ જ પાટા પરથી આજે વહેલી સવારે એક માલગાડી એકાએક પસાર થતાં તેના પૈડા લોકડાઉનની હારેલા શ્રમિકોના શરીર પરથી પસાર થતાં ઓછામાં ઓછા ૧૫ શ્રમિકોના શરીરના ટુકડે ટુકડા થઈ ગયા હતા. કેટલાક ઘાયલ થયા હતા. પોતાની સાથેના શ્રમિકોના લોહીથી લથબથ અને ક્ષતવિક્ષત શરીરના અંગો જોઈને બચી ગયેલા સાવ દિગ્મૂઢ બની ગયા હતા અને એક પળમાં શું બની ગયું તે વિચારે તે પહેલા તો કેટલીય જિંદગીઓ કોરોના લોકડાઉન ખતમ થાય તે પહેલા ખતમ

અનુસંધાન પાના નં. ૬

કોરોના સંકટ પર રાહુલની કેન્દ્ર સરકારને સલાહ

સરકાર લોકોનો ભય દૂર કરે, આર્થિક મદદ સમયની માંગઃ રાહુલ ગાંધી

અત્યારે સમય સરકારની આલોચના કરવાનો નથી,અર્થતંત્ર માટે જોખમ ખેડવું જરૂરી,કેન્દ્રએ રાજ્ય-જિલ્લા સ્તરને સાથે લઈ ચાલવું પડશે

ન્યુ દિલ્હી

કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે સવારે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મીડિયા સાથે કોરોના વાયરસના વધી રહેલા જોખમ અને લોકડાઉનના કારણે જે મુશ્કેલીઓ આવી રહી છે તેના અંગે વાતચીત કરી હતી. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ સતત મોદી સરકારના નિર્ણયો અને નીતિ પર સવાલ કરતી આવી છે. ત્યારે રાહુલ ગાંધીએ સરકારે લોકડાઉન ખોલવાની નીતિ અંગે જનતા સાથે સ્પષ્ટતા કરવી જોઈએ તેમ જણાવ્યું હતું. રાહુલ ગાંધીના કહેવા પ્રમાણે ભારતમાં જૂન-જુલાઈ બાદ પણ કોરોના પ્રસરવાની ઝડપ વધી શકે છે અને સરકારે સીધું મજૂરોના ખાતામાં જ પૈસા જમા કરવા જોઈએ.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે, "કોંગ્રેસે સરકારને કેટલાક સૂચનો આપવાનો નિર્ણય લીધો છે તથા હવે લોકડાઉન ખોલવાની તૈયારી કરવાનો અને નાના વેપારીઓને રાહત પેકેજ આપવાનો સમય આવી ગયો છે. સરકારે ક્યારે લોકડાઉન ખોલવામાં આવશે તે લોકોને જણાવવું પડશે કારણ કે, લોકડાઉન દરમિયાન ઘણું બધું બદલાઈ ગયું છે અને મહામારી ખૂબ ખતરનાક થઈ ગઈ છે.

રાહુલ ગાંધીના કહેવા પ્રમાણે રાજ્ય સરકાર અને જિલ્લા પ્રશાસનને કેન્દ્ર સરકારનો હિસ્સો બનાવવા જોઈએ અને સાથે મળીને રણનીતિ પર કામ કરવું જોઈએ. વધુમાં તેમના મતે લોકડાઉન ખોલી દેવાની જરૂર છે કારણ કે, કોઈ પણ વેપારી સપ્લાય ચેઈનની મુશ્કેલી જણાવી રહ્યો છે અને પ્રવાસી મજૂરો, ગરીબો, નાના વેપારીઓને પૈસાની જરૂર છે તથા અનેક લોકોને નોકરી ગુમાવવી પડે તેવો સમય આવી ગયો છે.

રાહુલે જણાવ્યું કે,

અનુસંધાન પાના નં. ૬

કોરોના સંક્રમિતોનો આંકડો ૫૬૦૦૦ને પાર,૧૯૦૦ લોકોના મોત

દેશમાં ૨૪ કલાકમાં ૩૩૯૦ પોઝિટિવ કેસઃ ૧૦૩ લોકોના મોત

છેલ્લા ૨૪ કલાકમાં ૧,૨૭૩ લોકો સાજા થઈને ઘરે પરત ફર્યા

ન્યુ દિલ્હી

સ્વાસ્થ્ય વિભાગે શુક્રવારે સવારે નવા આંકડા બહાર પાડ્યા હતા જેમાં કુલ કન્ફર્મ કેસની સંખ્યા ૫૬,૩૪૨ આવી છે. તે પૈકીના ૧,૮૮૬ લોકોના મોત થયા છે પરંતુ સદનસીબે ૧૬,૫૩૯ લોકો સાજા થયા છે. હાલ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૭,૯૧૬ જેટલી છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩,૩૯૦ કેસની પૃષ્ટિ થઈ છે અને ૧૦૩ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૩૦૦થી વધારે લોકો કોરોનાથી સંક્રમિત આવ્યા છે અને તેમાં માત્ર મુંબઈના દર્દીઓની સંખ્યા ૬૮૦ છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણનો કુલ આંકડો ૧૭,૯૭૪ છે અને તેમાંથી માત્ર મુંબઈના કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૧૧,૩૯૪ છે. મુંબઈના ૪૩૭ દર્દીઓ સાથે મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૬૯૪ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આ તરફ દિલ્હીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધીને ૫,૯૮૦ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં નવા ૪૪૮ કેસ સામે આવ્યા છે જે એક જ દિવસનો રેકોર્ડ સમાન આંકડો છે. ચોંકાવનારી વાત એ છે કે, દિલ્હીમાં માત્ર છ જ દિવસમાં ૨,૦૦૦ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે.

ગત ૩૦ એપ્રિલ સુધી દેશમાં કુલ કન્ફર્મ કેસની સંખ્યા ૩૩,૦૦૦ જેટલી હતી જે મે મહીનાના શરૂઆતના સાત દિવસોમાં જ વધીને ૫૬,૦૦૦ થઈ ગઈ છે. મતલબ કે, છેલ્લા સાત જ દિવસમાં નવા ૨૩,૦૦૦ કેસ સામે આવ્યા છે.

તે સિવાય ૩૦મી એપ્રિલ સુધીમાં કોરોનાના કારણે કુલ ૧,૦૫૭ લોકોના મોત થયા હતા જે આંકડો વધીને ૧,૮૮૬ થઈ ગયો છે. મતલબ કે, છેલ્લા સાત દિવસમાં વધુ ૮૦૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જો કે, કોરોનાના કારણે લોકો ઝડપથી સાજા થઈ રહ્યા છે તે રાહતના સમાચાર છે. ૩૦મી એપ્રિલ સુધીમાં આશરે ૮,૦૦૦ લોકો સાજા થયા હતા જે આંકડો હવે ૧૬,૦૦૦થી વધી ગયો છે. મતલબ કે, સાજા થનારા લોકોની સંખ્યામાં બમણો વધારો થયો છે.

ભારતીય સેના આક્રમકઃ પાકિસ્તાનની ૪ ચોકીઓ ઉડાવી, ૪ પાક.સૈનિક ઠાર

અત્યારે સમય સરકારની આલોચના કરવાનો નથી,અર્થતંત્ર માટે જોખમ ખેડવું જરૂરી,કેન્દ્રએ રાજ્ય-જિલ્લા સ્તરને સાથે લઈ ચાલવું પડશે

ન્યુ દિલ્હી

કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે સવારે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મીડિયા સાથે કોરોના વાયરસના વધી રહેલા જોખમ અને લોકડાઉનના કારણે જે મુશ્કેલીઓ આવી રહી છે તેના અંગે વાતચીત કરી હતી. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ સતત મોદી સરકારના નિર્ણયો અને નીતિ પર સવાલ કરતી આવી છે. ત્યારે રાહુલ ગાંધીએ સરકારે લોકડાઉન ખોલવાની નીતિ અંગે જનતા સાથે સ્પષ્ટતા કરવી જોઈએ તેમ જણાવ્યું હતું. રાહુલ ગાંધીના કહેવા પ્રમાણે ભારતમાં જૂન-જુલાઈ બાદ પણ કોરોના પ્રસરવાની ઝડપ વધી શકે છે અને સરકારે સીધું મજૂરોના ખાતામાં જ પૈસા જમા કરવા જોઈએ.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે, "કોંગ્રેસે સરકારને કેટલાક સૂચનો આપવાનો નિર્ણય લીધો છે તથા હવે લોકડાઉન ખોલવાની તૈયારી કરવાનો અને નાના વેપારીઓને રાહત પેકેજ આપવાનો સમય આવી ગયો છે. સરકારે ક્યારે લોકડાઉન ખોલવામાં આવશે તે લોકોને જણાવવું પડશે કારણ કે, લોકડાઉન દરમિયાન ઘણું બધું બદલાઈ ગયું છે અને મહામારી ખૂબ ખતરનાક થઈ ગઈ છે.

રાહુલ ગાંધીના કહેવા પ્રમાણે રાજ્ય સરકાર અને જિલ્લા પ્રશાસનને કેન્દ્ર સરકારનો હિસ્સો બનાવવા જોઈએ અને સાથે મળીને રણનીતિ પર કામ કરવું જોઈએ. વધુમાં તેમના મતે લોકડાઉન ખોલી દેવાની જરૂર છે કારણ કે, કોઈ પણ વેપારી સપ્લાય ચેઈનની મુશ્કેલી

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

ગ્રામીણ વિસ્તારોમાં હાલત જેટલી જણાવાઈ રહી છે તેટલી ખરાબ નથી

લોકો નાણાંકીય ભીડમાં હોય તો જનધન ખાતા ભરેલા ન હોયઃ કેવી સુબ્રમણ્યમ

ન્યુ દિલ્હી

દેશના મુખ્ય આર્થિક સલાહકાર કેવી સુબ્રમણ્યમે એક ઈન્ટરવ્યુમાં કોરોના અંગેની ચર્ચા વખતે લોકડાઉન દરમિયાન જનધન ખાતામાં જમા પૈસા વધ્યા હોવાની માહિતી આપી હતી. તેમના કહેવા પ્રમાણે આ સ્થિતિ ગ્રામીણ વિસ્તારોમાં હાલત જેટલી જણાવાઈ રહી છે તેટલી ખરાબ નથી તેનો સ્પષ્ટ સંકેત છે.

કેવી સુબ્રમણ્યમે જણાવ્યું કે, કોરોનાના કારણે દેશના અર્થતંત્રને ભારે મોટો આંચકો વાગ્યો છે અને લાખો-કરોડો લોકોની મુશ્કેલી વધી ગઈ છે. લોકડાઉનના કારણે ગરીબો પાસે કરવા માટે કોઈ કામ નથી રહ્યું અને પેટ ભરવાના કોઈ સાધન પણ ઉપલબ્ધ નથી. સાથે જ તેમણે સરકારે અત્યાર સુધીમાં ગરીબો માટે જે પગલા ભર્યા તેની પ્રશંસા પણ કરી હતી.

તેમના કહેવા પ્રમાણે સરકારે ૩૦ કરોડ જનધન ખાતામાં ૫૦૦-૫૦૦ રૂપિયાના બે હપ્તા જમા કર્યા છે. આ મુદ્દે વધુ જણાવતા તેમણે કહ્યું કે, ૧૮ માર્ચના રોજ જનધન ખાતાઓમાં ૧.૧૮ લાખ કરોડ રૂપિયા જમા હતા અને ૧૫મી એપ્રિલના રોજ તે રાશિ ૧.૩૩ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ હતી. જો લોકો ખૂબ મુશ્કેલીમાં હોત તો આ પૈસા ઉપાડી લેવામાં આવેત.

કેવી સુબ્રમણ્યમે કોરોના બાદ ભારતીય અર્થતંત્રને વેગ મળશે તેવો દાવો કર્યો હતો. તેમના કહેવા પ્રમાણે સરકાર સ્ટિમુલસ પેકેજ અંગે વિચારણા કરી રહી છે અને ફંડ્સ એકત્રિત કરવા માટેની તૈયારીઓ ચાલી રહી છે.



હવેના સમયમાં કોઈ પણ કોસ્ચ્યુમ સાથે માસ્ક પહેરવાનું અનિવાર્ય બની જશે એવું કહેવાઈ રહ્યું છે ત્યારે ફેશન જગત એ દિશામાં કાર્યરત થઈ ગયુ છે. લિથુઆનિયાના વિલ્નિયસ ટાઉનમાં , ગયા અઠવાડિયે માસ્ક ફેશન વીક યોજાયો હતો જમાં કેટલાક આર્ટિસ્ટો ચિત્ર-વિચિત્ર માસ્ક પહેરીને ફરતા જોવા મળ્યા હતા.

૨૦૨૦-૨૧માં ભારતનો જીડીપી દર શૂન્ય રહેશેઃ મૂડીઝ

ન્યુ દિલ્હી

મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસને ભારતનું ચાલુ નાણાકિય વર્ષનો વૃદ્ધિદર શૂન્ય ટકા રહેવાનું અનુમાન છે. રેટિંગ એજેન્સીએ કહ્યું કે, ભારતને લોકડાઉન દરમિયાન મોટા ઘટાડાનો સામનો કરવો પડશે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતની ગ્રોથ શૂન્ય પર રહેશે. પરંતુ ૨૦૨૨માં ખુબ જ ઝડપી વાપસી કરશે. જોકે, મૂડીઝે ભારતીય અર્થવ્યવસ્થાને લઈ મોટા આશા વ્યક્ત કરતા કહ્યું કે, ૨૦૨૨માં ભારતીય અર્થવ્યવસ્થાની જીડીપી ગ્રોથ ૬.૬ ટકા સુધી રહી શકે છે.

જો આવું થાય છે તો ભારતને મંદીના સંકટથી નીકળવામાં મદદ મળશે. મૂડીઝે રાજકોષીય નુક્સાન પણ ૫.૫ ટકા રહેવાનું અનુમાન સેવ્યુ છે. આ પહેલા બજેટમાં ભારતના નાણા મંત્રીએ ૩.૫ ટકાના નુક્સાનની વાત કહી હતી. એજેન્સીએ કહ્યું કે, કોરોના સંકટના કારણે ભારત સંપૂર્ણ રીતે અટકી ગયુ છે અને આ વર્ષે તેની અસર જોવા મળશે. તમને જણાવી દઈએ કે, મૂડીઝે કોરોના સંકટ પહેલા જ ગત વર્ષે નવેમ્બર મહિનામાં જ ભારતને સ્ટેબલ એટલે કે, અર્થવ્યવસ્થાથી હટાવી નેગેટિવમાં નાંખી દીધુ હતું. ત્યારે એજેન્સીએ કહ્યું હતું કે તે આગામી સમયમાં પણ ભારતના આર્થિક ગ્રોથ પર નજર રાખશે.

મૂડીઝે પોતાના અનુમાનને લઈ ભારતીય અર્થવ્યવસ્થાના સમેટવાનું કારણ જણાવતા કહ્યું કે, કોવિડ-૧૯નો ઝડપી પ્રસાર, વૈશ્વિક આર્થિક દ્રષ્ટિકોણમાં ઘટાડો, તેલની કિંમતોમાં ઘટાડો અને નાણાકીય બજારમાં ઉથલપાથલ ભારે સંકટનું સર્જન કરી રહ્યા છે. ગ્રામીણ અર્થવ્યવસ્થામાં લાંબા સમયથી ચાલી રહેલા આર્થિક સંકટ, નોકરીઓના સર્જનમાં અછત અને હવે એનબીએફસીના રોકડ સંકટમાં ઘેરાવાના કારણે ભારતની અર્થવ્યવસ્થા મોટા સંકટમાં જઈ શકે છે. આંતરરાષ્ટ્રીય રેટિંગ એજેન્સીએ કહ્યું કે, કેન્દ્ર સરકારના નુક્સાનના લક્ષ્ય, રાજ્ય સ્તરના નુક્સાનનો વિસ્તાર, માલ અને સેવા કરને લાગુ કરવાના પડકારથી સતત નુક્સાન તે દર્શાવે છે કે, નાણાકીય નીતિ નિર્માણ ઓછૂ પ્રભાવી રહ્યું છે.

ભારતીય મૂળના નાગરિકો માટે તમામ વિઝા, ઓસીઆઈ કાર્ડ સ્થગિત રહેશે

વૉશિંગ્ટન

આંતરરાષ્ટ્રિય પ્રવાસ પરનો પ્રતિબંધ જ્યાં સુધી ઉપાડી લેવામાં ન આવે ત્યાં સુધી વિદેશમાં વસતા ભારતીય મૂળના નાગરિકો માટે તમામ વિઝા અને ઓસી આઈ કાર્ડ સ્થગિત રહેશે, એમ ભારતીય એલચી કચેરીએ કહ્યું હતું.

જોકે હાલ ભારતમાં જ હોય અને ભારત બહાર ન જઈ શકે તેવા તેમ જ જેમના વિઝાની મુદત પુરી થઈ ગઈ હોય તેઓ કંઈપણ પ્રકારની વધારાની ફી ચૂકવ્યા વિના વિઝાની મુદત લંબાવવાની અરજી કરી શકશે, એમ ભારતીય એલચી કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. વિઝા ફી પ્રવાસ માટે જેમને ઓવરસિઝ સીટીઝનશિપ ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) કાર્ડ આપવામાં આવ્યા હોય અને જો હાલ તેઓ ભારતમાં ન હોય તો તેમના વિઝા અને ઓસીઆઈ કાર્ડ આંતરરાષ્ટ્રીય પ્રવાસ પરનો પ્રતિબંધ ન હટે ત્યાં સુધી સ્થગિત રહેશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

જોકે, જે પ્રવાસી હાલ ભારતમાં હશે તેમના વિઝા અને ઓસી આઈ કાર્ડ માન્ય ગણવામાં આવશે એમ તેમણે કહ્યું હતું. ઓસીઆઈ કાર્ડ વિદેશમાં વસતા ભારતીય મૂળના નાગરિકો ને ભારતમાં અચોક્કસ મુદત માટે રહેવાની અને કામ કરવાની પરવાનગી આપે છે. જોકે, રાજદ્વારીઓ, સત્તાવાર પાસપોર્ટ ધરાવનાર, સંયુક્ત રાષ્ટ્રસંઘ સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં કામ કરતા લોકો અને પ્રોજેક્ટ અને એમ્પ્લોયમેન્ટ વિઝાધારકો આમાંથી બાકાત હશે, એમ તેમણે કહ્યું હતું.

કોરોના સંકટ વચ્ચે ચીન હિન્દ મહાસાગરમાં જંગી નૌ સેના કાફલો તૈનાત કરશે

ન્યુ દિલ્હી

કોરોના સામે લડાઈ લડી રહેલા ભારતનુ ટેન્શન પાકિસ્તાન બાદ ચીને પણ વધાર્યુ છે. પાકિસ્તાન કાશ્મીર સરહદે ભારતીયે સેના પર ઉશ્કેરણીજનક ગોળીબાર કરી રહ્યુ છે ત્યારે ચીને હવે હિન્દ મહાસાગરમાં પોતાનો યુધ્ધ જહાજોનો એક જંગી કાફલો ઉતાર્યો છે.

દક્ષિણ ચીનિ સાગરમાં દાદાગીરી કરનાર ચીનની નજર છેલ્લાકેટલાક વખતથી હિન્દ મહાસાગર પર પણ છે.ચીને ભારતના પ્રભાવ હેઠળના આ દરિયાઈ વિસ્તારમાં પોતાનુ વર્ચસ્વ જમાવવા માટે ધમપછાડા શરુ કર્યા છે.

ચીને પોતાની નૌસેનાના ઉપમા ટાસ્ક ફોર્સને એડનની ખાડીમાં તૈનાત કરવાની જાહેરાત કરી છે.જેથી હિન્દ મહાસાગરમાં ચાંચિયાઓ સામે લડી શકાય .આ નૌકા કાફલામાં ગાઈડેડ મિસાઈલથી સજ્જ બે યુધ્ધ જહાજો, બે ડઝન હેલિકોપ્ટર અને બળતણ ભરવા માટેનુ જહાજ પણ સામેલ છે.આ કાફલામાં ૬૯૦ નૌ સૈનિકોનો સમાવેશ થાય છે. ચીનનુ કહેવુ છે કે, ચીનના જહાજોને ચાંચિયાઓથી બચાવવા આ કાર્વાહી કરાઈ છે.જોકે છેલ્લા ૬ મહિનાથી આ વિસ્તારમાં ચાંચિયાઓના ઉપદ્રવનો એક પણ કિસ્સો સામે આવ્યો નથી ત્યારે ચીનની આ ચાલ પાછળનો ઈરાદો ભારતને ઘેરવાનો છે. નિષ્ણાતોનુ કહેવુ છે કે, ચીને ભારતની આસપાસના દેશો જેવા કે પાકિસ્તાન, મ્યાનમાર અને બાંગ્લાદેશમાં પોતાના હિત સાધવા માટે બેઝ બનાવ્યા છે.જેના થકી તે ભારતને ઘેરી રહ્યુ છે.

પુતિન અને ટ્રમ્પે ફોન ઉપર વાતચીત કરી

કોરોના સામે સુપરપાવર લાચારઃ ૨૪ કલાકમાં ૨૪૪૮ લોકોના મોત

વૉશિંગ્ટન

કોરોનાની સામે વિશ્વ શક્તિ અમેરિકા સંપૂર્ણ રીતે ધ્વસ્ત થઈ ગયુ છે. કોરોનાનાં કારણે યુ.એસ. માં અત્યાર સુધીમાં સૌથી વધુ મોત નીપજ્યાં છે. એવી આશા રાખવામાં આવી હતી કે કોરોનાની ગતિ ધીમી થશે, પરંતુ તે બન્યુ નહી. આ વખતે શુક્રવારે ફરીથી યુ.એસ. માં રેકોર્ડ મોત કોરોના વાયરસને કારણે થયા છે. કોરોનાને કારણે મૃત્યુઆંક ૨૪ કલાકમાં ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૪૪૮ લોકોનાં મોત નીપજ્યાં છે.

આપને જણાવી દઈએ કે, અમેરિકામાં કોરોનાને કારણે ૭૫,૫૪૩ લોકો મૃત્યુ પામ્યા છે, જે પોતાને વિશ્વની સામે એક મહાસત્તા તરીકે રજૂ કરે છે. કોરોનાને કારણે અમેરિકાની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે, અહીં આ રોગચાળાથી મૃત્યુઆંક ૭૫,૦૦૦ ને વટાવી ગયો છે. વળી એશિયામાં આ વાયરસથી ૧૦,૦૦૦ થી વધુ મોત થઈ છે. જ્યારે સ્વીડનમાં કોરોના રોગચાળાને કારણે ૩,૦૦૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે.

રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે મહામારીને લઈને ગુરુવારે ફોન ઉપર વાતચીત કરી હતી. આ દરમિયાન બન્ને નેતાઓએ એકબીજાને બીજા વિશ્વ યુદ્ધની જીતની ૭૫મી વર્ષગાંઠના અભિનંદન આપ્યા છે. અમેરિકાએ રશિયાને મદદ માટે મેડીકલ સાધનો મોકલવાનો પ્રસ્તાવ રાખ્યો છે.

કોચી ઉતરેલા પાંચ લોકોમાં કોરોનાના લક્ષણ

ભારતીયોને લઈને યૂએઈથી પરત ફર્યા બે વિમાન, ૩૬૩ મુસાફરોની 'વતન વાપસી'

કોચ્ચિ

કોરોનાના કારણે સમગ્ર વિશ્વમાં લોકડાઉનની સ્થિતિ વ્યાપેલી છે જેથી લોકોને તેઓ જ્યાં છે ત્યાં જ રોકાઈ રહેવા ફરજ પડી છે. જો કે, લોકડાઉનના કારણે સમગ્ર વિશ્વમાં ફસાયેલા ભારતીયોની વતનવાપસી શરૂ થઈ ગઈ છે અને ગુરૂવારે બે ઈન્ટરનેશનલ ફ્લાઈટ દ્વારા ભારતના ૩૬૩ પ્રવાસી નાગરિકો કેરળ પહોંચ્યા હતા. ભારત સરકાર 'વંદે ભારત મિશન' અંતર્ગત ભારતીય લોકોને સ્વદેશ લાવવાનું કામ કરી રહી છે તથા દુબઈથી આવેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટ કોઝિકોડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અને બીજી ફ્લાઈટ કોચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરી હતી.

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ રાતે ૧૦:૪૫ કલાકે કોઝિકોડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરી હતી તથા તેમાં ૧૭૭ ભારતીય નાગરિકો અને પાંચ નવજાત સવાર હતા. એરપોર્ટ પર ઉતાર્યા બાદ તે તમામ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું અને તેમને બધાને ૧૪ દિવસ માટે ક્વોરેન્ટિનમાં રહેવુ પડશે. ભારત સરકાર હાલ અન્ય દેશોમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવા માટે પણ આ પ્રકારની ફ્લાઈટ્સની વ્યવસ્થા કરી રહી છે. તેના પહેલા વંદે ભારત મિશન અંતર્ગત એર ઈન્ડિયાની પહેલી ફ્લાઈટ અબૂધાબી ઈન્ટરનેશનલ એરપોર્ટથી રાતે ૧૦:૦૯ કલાકે કોચી એરપોર્ટ પહોંચી હતી જેમાં ૧૭૭ મુસાફર અને ચાર નવજાત સહિત કુલ ૧૮૧ ભારતીય નાગરિકો સવાર હતા. તે પૈકીના પાંચ લોકોમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા છે જેથી તેમને જિલ્લા હોસ્પિટલ અલુવાના આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. તે સિવાય શારીરિક સમસ્યા ધરાવતા એક મુસાફરને એર્નાકુલ જિલ્લા પ્રશાસન તરફથી શોર્ટ-સ્ટે ક્વોરેન્ટિન હોમમાં રાખવામાં આવ્યો છે.

૧૫૦૦૦ ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવશે

આજથી અમેરિકામાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા સ્પેશિયલ ફ્લાઈટ જશે

ન્યુ દિલ્હી

અમેરિકામાંથી ભારતીયોને સ્વદેશ પરત લાવવા માટે શનિવારથી સાત નોન શિડ્યુલ્ડ સ્પેશિયલ ફ્લાઈટ શરૂ થશે તેમ ભારતીય દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય લોકડાઉનને કારણે અનેક ભારતીયો અમેરિકા સહિતના અનેક દેશોમાં ફસાયેલા છે. દૂતાવાસના જણાવ્યા અનુસાર હાલમાં સાત ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્વદેશ પરત આવવા માગતા ભારતીયોની સંખ્યા વધારે હોવાથી કોમ્પ્યુટરાઝ્ડ ડ્રો દ્વારા પસંદગી કરવામાં આવશે. પસંદ પામેલા લોકોને જ ભારત પરત લાવવામાં આવશે. આ અગાઉ ભારત સરકારે સોમવારે જાહેરાત કરી હતી કે સાત મેથી વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને તબક્કાવાર પરત લાવશે. આ માટે સાત મેથી ૧૩ મે દરમિયાન એર ઈન્ડિયાની ૬૪ ફ્લાઈટનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં અલગ અલગ દેશોમાંથી કુલ ૧૫,૦૦૦ ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવશે. વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટેના અભિયાનને વંદે ભારત મિશન નામ આપવામાં આવ્યું છે. અમેરિકાથી ભારત પરત લાવવા માટે ઈકોનોમી કલાસની ટિકિટ ૧૩૬૨ ડોલર, બિઝનેસ કલાસની ટિકિટ ૩૭૨૨ ડોલર અને ફર્સ્ટ કલાસ પેસેન્જરની ટિકિટ ૫૬૧૨ ડોલર રાખવામાં આવી છે.

રાજનાથ સિંહે પિથૌરાગઢથી ચીન સીમા સુધી બનાવેલ રસ્તાનું ઓનલાઈન ઉદ્ઘાટન કર્યું

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનાં આ લોકડાઉનનાં સમયમાં ભારતે પિથૌરાગઢથી અડીને આવેલી ચીન સીમા સુધી રોડ બનાવવામાં સફળતા મેળવી લીધી છે. શુક્રવારનાં નવી દિલ્હીથી રક્ષામંત્રી રાજનાથ સિંહે આ રસ્તાનું ઑનલાઈન ઉદ્ઘાટન કર્યું છે. ઉલ્લેખનીય છે કે કૈલાશ-માનસરોવર યાત્રા માર્ગ તરીકે પ્રસિદ્ધ ધારચૂલાથી લિપુલેખ (ચીન સીમા) સુધી બીઆરઓ દ્વારા નિર્મિત રોડ દેશને સમર્પિત કરવામાં આવ્યો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે દિલ્હીથી વિડીયો કોન્ફરન્સ દ્વારા રોડનું ઉદ્ઘાટન કરતા કહ્યું કે, ચીન સીમા સુધી રસ્તો બનવાથી દેશ મજબૂત થયો છે. રાજનાથ સિંહે કહ્યું કે, "રસ્તો બનવાથી કૈલાશ માનસરોવર યાત્રા સુગમ થશે અને સેના, આઇટીબીપી, એસએસબીનાં જવાન ઉપરની ચોકીઓ સુધી વાહનોથી પહોંચી શકશે. આ રસ્તો રણનીતિ અને ધાર્મિક રીતે ઘણો જ મહત્વપૂર્ણ છે. આપણી સેનાને પણ હવે ચીન સીમા સુધી પહોંચવામાં સરળતા રહેશે. આ અવસર પર ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવત અને થળ સેનાઅધ્યક્ષ જનરલ મનોજ મુકુંદ નરવણે પણ હાજર રહ્યા. આ ઉપરાંત કૈલાશ માનસરોવરની યાત્રા પણ હવે સરળ રહેશે. બીઆરઓએ ૮૦ કિલોમીટરનાં આ રસ્તાથી ધારચૂલાને લિપુલેખ સાથે જોડ્યું છે. આ વિસ્તાર ૬ હજારથી ૧૭૦૬૦ ફૂટની ઊંચાઈ પર છે.

શરાબની દાણચોરી રોકવા મહારાષ્ટ્રએ સરહદ સીલ કરી

મુંબઈ

કોરોના વાઈરસ રોગચાળો ફેલાતો રોકવા માટે હાલ જ્યારે લોકડાઉન લાગુ છે ત્યારે શરાબની દાણચોરી રોકવા માટે મહારાષ્ટ્ર સરકારે પડોશના રાજ્યો સાથે રાજ્યની સરહદોને સીલ કરી દીધી છે.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સરકારે ડઝન જેટલા ચેકનાકાઓ ખાતે સરકારી તેમજ સુરક્ષા કર્મચારીઓને પૂરતી સંખ્યામાં તહેનાત કરી દીધા છે.

આંતર-રાજ્ય ટોળકીઓ દ્વારા મહારાષ્ટ્રમાં શરાબની દાણચોરીની સંભાવના વધી ગઈ હોવાથી રાજ્યના આબકારી જકાત વિભાગે રાજ્યની સરહદોને સીલ કરવાનો નિર્ણય લીધો છે.

એક્સાઈઝ ડ્યૂટી વિભાગે દાણચોરોની ટોળકીઓ તરફથી રહેલા જોખમને ધ્યાનમાં લઈને પડોશના રાજ્યો સાથેની સરહદોને અડીને આવેલા જિલ્લાઓમાં ફ્લાઈંગ સ્કવોડ્સ તથા વિજિલન્સ ટૂકડીઓ તહેનાત કરી છે.

દાણચોરીની પ્રવૃત્તિઓને રોકવા માટે મહારાષ્ટ્ર પોલીસે પણ ૧૨ ચેકનાકાઓ પર જાપ્તો વધારે કડક બનાવી દીધો છે અને સરકારના આદેશ મુજબ, પડોશના રાજ્યો સાથેની સરહદોને સીલ કરી દીધી છે.

રાહત! દેશના ૧૮૦ જિલ્લાઓમાં છેલ્લા ૭ દિવસથી કોરોનાનો કોઈ નવો કેસ નહી

ન્યુ દિલ્હી

દેશમાં ચાલી રહેલા કોરોના સંકટ વચ્ચે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા થોડી રાહત આપે તેવા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશના ૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી. જ્યારે ૧૮૦ જિલ્લાઓમાં છેલ્લા ૭ દિવસોમાં કોરોનાનો એક પણ પોઝિટિવ કેસો નથી મળ્યો.

હાલ ભારતમાં કોરોનાથી મૃત્યુદર ૩.૩% છે અને રિકવરી રેટ ૨૮.૮૩ ટકાની સાથે ૪.૮ ટકા દર્દીઓ ICUમાં સારવાર લઈ રહ્યાં છે. દેશમાં ૧.૧ ટકા દર્દીઓ વેન્ટીલેટર્સ પર છે, જ્યારે ૩.૩ ટકા લોકો એક્સિજન સપોર્ટ પર છે.

સરકાર તરફથી રજૂ કરવામાં આવેલા રિપોર્ટ પ્રમાણે, દેશમાં ટેસ્ટિંગની ક્ષમતા પ્રતિદિન ૯૫,૦૦૦ની છે. હાલ ૩૨૭ સરકારી અને ૧૧૮ ખાનગી લેબોરેટરીમાં કોરોનાની તપાસ થઈ રહી છે.

રિપોર્ટ અનુસાર, દેશમાં હાલના સમયે ૧૩૦ જિલ્લા હૉટસ્પોટ છે. આ સાથે ૨૮૪ નૉન હૉટસ્પોટ જિલ્લા છે અને ૩૧૯ સંક્રમણ મુક્ત જિલ્લાઓ છે. હાલ દેશમાં ૮૨૧ કોરોના હોસ્પિટલ છે, જેમાંથી ૧,૫૦,૦૫૯ બેડ્સ છે. આઈસોલેશન બેડ્સની સંખ્યા ૧,૩૨,૨૧૯ છે. જ્યારે ૧૭,૮૪૦ ICU બેડ્સ છે. આ ઉપરાંત ૧,૮૯૮ કોવિડ હેલ્થ સેન્ટર છે, જ્યા ૧,૧૯,૧૦૯ બેડ્સ છે. જેમાં ૧,૦૯,૨૮૬ આઈસોલેશન બેડ્સ છે અને ૯,૮૨૩ ICU બેડ્સ છે. સરકારી આંકડા પ્રમાણે, દેશભરમાં ૭,૫૬૯ ક્વોરેન્ટાઈન સેન્ટર્સ છે. આ સાથે જ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે, ૨૯.૦૬ લાખ PPE કિટ્સ અને ૬૨.૭૭ લાખ N-૯૫ માસ્ક રાજ્યોને કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવી ચૂક્યા છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

કોપીને લઈને સમસ્યા

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે લોકડાઉન પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઈ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લોકપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. પાયરેસીના શિકાર થયેલી મોટી ફિલ્મમાં રજનિકાંતની કબાલી પણ સામેલ છે. રજનિકાતના એક્શન ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના ૭૦ મિનિટમાં જ લીક થઈ ગઈહતી. ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જો કે ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૩૫૦ કરોડની કમાણી કરી હતી પરંતુ પાયરેસીના કારણે તેને પણ નુકસાન થયુ હતુ. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી

આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે કોઈ જ જોગવાઈ કરવામાં આવી નથી

લોકોની માનસિક અને શારીરિક આરોગ્ય પર માઠી અસર .....

જમ્મુ કાશ્મીર ભારે ટેન્શન હેઠળ છે



૭૦ ટકા લોકો પોતાના કોઈને કોઈ સંબંધીની એકાએક મોતની પીડા ભોગવી ચુક્યા છે : સેનાની સતત હાજરીનુ પણ દબાણ રહે છે

જમ્મુ કાશ્મીરના લોકો હાલમાં જે સ્થિતીમાં લાંબા સમયથી જીવી રહ્યા છે તેના કારણે તેની સીધી અસર તેમના શારીરિક અને માનસિક આરોગ્ય પર થઈ છે. આ અસરનો અંદાજ હાલમાં જ તબીબો દ્વારા કરવામાં આવેલા અભ્યાસથી આવી જાય છે. માનવતાવાદી સંગઠન મેડેસિન્સ ફ્રન્ટિયર(એમએસએફ) એટલે કે સરહદની પરવાહ કર્યા વગર કામ કરનાર તબીબોની ટીમ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસથી આ ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે કાશ્મીરખીણમાં મોટી વયના લોકોની વસ્તી પૈકી આશરે ૪૫ ટકા લોકો માનસિક તણાવ અથવા તો માનસિક ટેન્શનમાં જીવી રહ્યા છે. જે પૈકી ૧૬ લાખ એટલે કે આશરે ૪૧ ટકા લોકો તો ડિપ્રેશનથી ગ્રસ્ત થયેલા છે. આશરે ૧૦ લાખ લોકો ચિંતા અથવા તો અન્ય તકલીફોથી ગ્રસ્ત થયેલા છે. એમએસએફ ઉપરાંત કાશ્મીર યુનિવર્સિટીના સાઈકોલોજી વિભાગ અને કેરળની ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સના નિષ્ણાંતો પણ અભ્યાસ કરી ચુક્યા છે. આ સર્વેના વ્યાપક તારણ પહર પહોંચી જવા માટે વધુને વધુ લોકોને આવરી લેવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ સર્વેમાં પ્રદેશના દસ જિલ્લાના ૩૯૯ ગામોમાં સ્થિત ૫૨૪૮ ઘરને સામેલ કરવામાં આવ્યા હતા. ખાસ બાબત સપાટી પર એ આવી છે કે તમામ લોકોને માત્ર મર્યાદિત પ્રશ્નો જ પુછવામાં આવ્યા ન હતા. સવાલ જવાબના દોરમાં કેટલાક ફોક્સ ગ્રુપ દ્વારા તેમની સાતે લાંબી વાતચીત કરવામાં આવી હતી. જેના કારમે કેટલીક એવી બાબતો જાણવામાં મદદ મળી હતી જે બાબતો પર હજુ સુધી કોઈ વ્યક્તિના ધ્યાન ગયા ન હતા. વર્ષ ૧૯૯૦ના દશકથી જ અલગતાવાદી અને ત્રાસવાદના સકંજામાં જમ્મુ કાશ્મીર રહ્યુ છે. ત્રાસવાદની આગના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત તો થયા છે પરંતુ તેમના પરિવાર પણ અસ્ત વ્યસ્ત થઈ ગયા છે. કાશ્મીર ખીણમાં રહેનાર દરેક વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન ૭.૭ જીવલેણ ઘટનાના સાક્ષી બની રહી છે. ૭૦ ટકાથી વધુ લોકોએ પોતાના કોઈને કોઈ સંબંધીની એકાએક મોતની પીડા સહન કરી છે. સ્વાભાવિક છે કે આ પ્રકારની ઘટનાની સીધી અસર તેમના મન પર અને દિમાંગ પર થઈ છે. આ તમામ બાબતોની સાથે સાથે સેનાની સતત હાજરીનુ દબાણ પણ દેખાઈ રહ્યુ છે. સામાન્ય લોકશાહીના અનુભવ આ લોકો કરી રહ્યા નથી. જેતી તેઓ આ સ્થિતી પણ ભોગવી શક્યા નથી.આધુનિક દુનિયામાં પુરતી સ્વતંત્રતા જે લોકો ભોગવી રહ્યા છે તે સ્વતંત્રતા અહી રહેતા લોકો ભોગવી રહ્યા નથી. સર્વેમાં દર્શાવવામાં આવ્યુ છે કે માનસિક સ્વાસ્થ સેવાઓ સાથે જોડાયેલી સુવિધાઓના અભાવના કારણે લોકોની સ્થિતી વધારે ખરાબ થઈ રહી છે.

સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે સ્થિતીને હળવી કરવા અને લોકોની માનસિક સ્થિતીને સુધારી દેવા માટે હવે રોજગારમાં વધારો કરવાની જરૂર છે. સાથે સાથે સામુદાયિક જાગૃતિ કાર્યક્રમો મોટા પાય હાથ ધરવાની જરૂર છે. જો કે સૌથી મોટી જરૂરીયાત જમ્મુ કાશ્મીરમાં સામાન્ય લોકોની સ્તિતીને બદલવા માટેની છે.

દિલ્હીની મદદ જરૂરી પણ પૂછ્યા વગર રૂપાણીજી ખૂદ નિર્ણયો કેમ નથી લેતા....?

કોરોના વાયરસ વિશ્વના દેશોની ઊંઘ ઉડાડી દીધી છે. જેમાં ભારત પણ બાકાત નથી કોરોનાગ્રસ્ત દેશો બેબસ બની ગયા છે કારણ કે કોરોના મારક દવા કે રસી શોધવામાં એક પણ મહાસત્તા કે વિશ્વભરના દેશોના વૈજ્ઞાનિકોને સફળતા મળી નથી. ત્યારે ભારતના ગુજરાતમા કોરોના વાયરસ અંશ સૂત્ર શોધી કાઢીને તેની દવા પણ નક્કી થઈ શકશે તેવી વાતે વિશ્વના દેશોમાં કંઈક નવું આશાનું કિરણ દેખાયું હતું... પરંતુ આજદિન સુધી એ આશાનુ કિરણ ગોથે ચડી ગયું છે.....! ત્યારે મોટા પ્રમાણમાં કોરોનાએ ઘમરોળી નાખેલ ઈટલીએ કોરોના વાયરસ મારક રસી શોધી કાઢી હોવાનો દાવો કર્યો છે. timesnow ચેનલના કહેવા અનુસાર કોરોના વાયરસની રસી સફળતાપૂર્વક વિકસાવી લીધી છે અને મનુષ્ય પર અસર કરી રહી છે. ઉંદરમા કરાયેલા એન્ટિબોડીઝ માનવીમાં રહેલ કોરોના વાયરસ ઉપર ભારે અસર કરે છે. ઈટાલીએ બનાવેલ આ રસી કોરોના વિરુદ્ધ થઈ ગયેલ પરીક્ષણોમાંનો સૌથી આધુનિક તબક્કો છે. ત્યારે ઈટાલીની આ કોરોના મારક રસી સમગ્ર વિશ્વ માટે આશીર્વાદરૂપ બની રહેશે.... પરંતુ આ રસીનુ ઉત્પાદન જેટ ઝડપે કરવા માટે ઈટલીએ આયોજન કરવું પડશે. અત્યારે વિશ્વભરમાં જે સત્ય બહાર આવ્યું છે તે જો ઈએ તો ચીનની વિશ્વ મહાસત્તા બનવાની ચાલ ઉધી પડી ગઈ છે. કારણ કે તે વિશ્વ કલ્યાણનો વિચાર નથી કરી શકતું અને કરશે પણ નહી... તો આપણે જેને શિક્ષિત અને સુધરેલો સમાજ માનતા હતા તે યુરોપિયન દેશો એવા છે જ નહીં....! આકાશ દર્શન અને કુદરતી લીલા દેખાતી ન હતી કે હવે મહાનગરોના અને નગરોના બાળકો-લોકો અનુભવ કરી રહ્યા છે. જ્યારે આમ પ્રજાજનો જેમનાઉપર વિશ્વાસ રાખતી હતી કે કહેવાતા ધર્મના ઠેકેદારો,પુજારીઓ કે મૌલવીઓ કોરોના સહિત કોઈ દર્દનો ઈલાજ કરી શકતા નથી... સિવાય કે "વાતોના વડા"...કોરોના મહામારીથી બચાવવા ભગવાને સ્વરૂપે આજે વિજ્ઞાન અગત્યનું હથિયાર બની રહ્યું છે... જેમાં ડોક્ટરો, નર્સો, આરોગ્ય અને મેડિકલ કર્મચારીઓ, વહીવટી કર્મચારીઓ, પોલીસ અને પત્રકારોનો સમાવેશ થાય છે... તો માનવી- પ્રાણીઓને પ્રથમવાર માનવતાના અર્થનો અનોભવ થયો છે કે આ જગતમાં કોઈ તેમનું છે.... પરંતુ વેચાઈ ગયેલુ મિડીયા માત્ર જૂઠ, માનવતા ભુલાવતુ ,માનવીની આખે આંધળા પાટા બાધતુ બની રહ્યું છે....! અત્યારે પૈસાની કોઈ કિંમત નથી માત્રને માત્ર માનવતાના સાચા માનવીની કદર થઈ રહી છે.....

ભારતમાં જે પ્રકારે કોરોના વાયરસે વધુમાં વધુ લોકોને પોતાની ચપેટમાં લીધા તેમાં સરકારી તંત્રના આયોજન કર્યા વગરની જાહેરાતો સૌથી મોટી ભૂલ છે.....! જરૂરી સમયે અમેરિકાના લોકોની જેમ પોતપોતાનામાં મશગૂલ રહ્યા.... સરકારે ડબલ્યુ એચ ઓની વાતને ગંભીરતાથી ન લીધી તે જાગૃત લોકો આ બાબતનો અનુભવ કરી રહ્યા છે. ભારતમાં અત્યારે કોરોના સંક્રમિતોનો આક ૫૫ હજારને આબવા તરફ દોડી રહ્યો છે તો મૃતાક ૧૭૦૦ ને પાર થઈ ગયો છે જેને કારણે કેન્દ્ર સરકાર સહિત દેશભરની સરકારો ભારે વિટંબણામા મુકાઈ ગઈ છે. જોકે ગોવા કોરોનિ મુક્ત રાજ્ય બની ગયું છે... તો કેરળ અને રાજસ્થાન રાજ્યો કોરોના રોકવામાં સફળ રહ્યા છે તે હકીકત સ્વીકારવી રહી.....! lockdown જાહેર કર્યા પછી તેને બે વાર લંબાવાતા ૮૦ ટકા પ્રજા ભારે તકલીફમાં મુકાઈ ગઈ છે....! કરોડો લોકોએ રોજગારી- આવક ગુમાવી છે... રાજ્ય સરકારોએ અનાજ સહિતની કેટલીક સહાય આપવા છતાં લાખો કામદારો ભૂખથી ટળવળતા થઈ જતા વતન તરફ ભાગવા રાજ્યોમાંથી નીકળી પડ્યા છે.... સરકારોએ મોડે મોડે પણ ટ્રેન, બસોની વ્યવસ્થા કરી પરંતુ જેની પાસે કાઈ જ બચ્યું નથી તેનાથી વતન જવાનું ભાડું પણ માફ કર્યુ નહીં... તેની મોટી અસર દેશ ભરમાં પડી છે....જે હકીકત સ્વીકારવી રહી.....!

ગુજરાતમાં જે પ્રકારે કોરોનાએ લોકોને પોતાની ચપેટમાં લેવા જેટ ગતિ પકડી તેના કારણે સરકાર હાંફળી-ફાંફળી થઈ ગઈ.... રાજ્યમાં કુલ ૬૬૨૫ કોરોના કેસ નોંધાયા છે તો મૃતાક ૪૦૦ ના આકને આબવાની તૈયારી મા છે. દેશભરમાં કોરોના કેસોમાં મહારાષ્ટ્ર પછી ગુજરાતનો નંબર આવી ગયો છે. તેમાં પણ કોરોના સંક્રમિતો અમદાવાદ, સુરત, વડોદરા મહાનગરોમાં સૌથી આગળ વધવા લાગ્યા છે. અમદાવાદમાં કોરોના કેસનો આક ૫ હજારને આંબવાની તૈયારી માં પહોંચ્યો અને મૃતાક ૩૦૦ ને આબવા દોડ્યો ત્યારે આ ત્રણેય મહાનગરોમાં વધી રહેલ કોરોના કેસો અને મૃતાકના આંકને લઈને રૂપાણી સરકાર હાંફળી-ફાંફળી થઈ ગઈ.....! અને મુખ્યમંત્રી રૂપાણીજીએ કોઈ નિર્ણય ન લેતા તેમને દિલ્હી વડાપ્રધાનશ્રીથી મદદ માગવાના બદલે અમિત શાહથી મદદ માંગી.. જે વાત જાહેર થતા લોકો કહેવા લાગ્યા કે આ કેવા મુખ્યમંત્રી છે કે દરેક બાબતે દિલ્હીને પૂછવું પડે....? સ્વતંત્ર જરૂરથી નિર્ણય કેમ નથી લઈ શકતા....? તેમની પાસે વિશાળ સત્તાઓ છે.... જે કોઈ અધિકારી કે મંત્રી માનતા ન હોય તો આકરા પાણીએ પગલાં ભરવા જોઈએ.... નહીં તો પછી પદ છોડી દેવુ જોઈએ.....! દરમિયાન મુજાઈ ગયેલ સરકારે અમદાવાદને સંપૂર્ણ લોકડાઉનમાં બુધવારે રાત્રીથી અમલ કરવાની જાહેરાત કરતા મોટાભાગના લોકો કરિયાણું-શાકભાજી ખરીદવા કીડીયારાની જેમ નીકળી પડ્યા.... અને વિવિધ દુકાનો પર ટોળા જામ્યા જેના કારણે lockdown નિયમોના ધજીયા ઉડુ ગયા... બીજી તરફ કોરોના દર્દી નોંધાયા નથી તેવા કૃષ્ણનગર સહિતના અમદાવાદના પૂર્વના કેટલાક વિસ્તારોમાં મોડી સાંજે ૬ વાગ્યે પોલીસ દંડા સાથે મેદાનમાં ઉતરી પડી અને તમામ દુકાનો બંધ કરાવવા સાથે શાકભાજી વાળાઓને અને ખરીદનારાઓને ભગાડ્યા તેના કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા.....! મતલબ પોલીસે રાત્રીના બદલે મંગળવાર સાંજથી જ સંપૂર્ણ lockdown નો અમલ કરી દીધો... કે જે લોકડાઉન આગામી ૧૫મી મે સુધી કડક નિયમો સાથે અમલમાં મૂકાયુ છે. માત્ર દૂધ અને દવાની દુકાન ખોલી શકાશે. જોકે ખાનગી ડોક્ટરોની હોસ્પિટલ- દવાખાના ખોલી નાખવા નહી તો લાયસન્સ રદ કરવા સુધીના આદેશો આપ્યા છે તે ધન્યવાદને પાત્ર છે.... પરંતુ ગરીબ, શ્રમજીવીઓ, રોજમદારો પૈકી કેટલાક દર્દીઓને કોરોના સિવાયના રોગોની દવા મળી રહે તે માટે મેડિકલ વાનો રેગ્યુલર ફરતી થાય તેવા આદેશો આપવાનું કેમ ભૂલી જવાયું.....? તેવો લોક સવાલ ઊભો થવા પામ્યો છે.....?! વંદે માતરમ્

'ઉત્તર રામાયણ' સિરિયલ દર્શકોને પસંદ આવી, નંબર વન શો બન્યો

મુંબઈ

દૂરદર્શન પર 'રામાયણ' સિરિયલ પૂરી થયા બાદ 'ઉત્તર રામાયણ'નું પુનઃ પ્રસારણ કરવામાં આવ્યું છે. આ સિરિયલ પણ ચાહકોને એટલી જ પસંદ આવી છે. વર્ષ ૨૦૨૦ના ૧૭મા અઠવાડિયે દૂરદર્શન પર આવતી 'ઉત્તર રામાયણ'એ ટોચનું સ્થાન મેળવ્યું છે. ગ્રામીણ તથા શહેરી વિસ્તારમાં 'ઉત્તર રામાયણ' પ્રથમ નંબરે રહી છે. ટોપ ફાઈવમાં 'ઉત્તર રામાયણ' ઉપરાંત 'મહાભારત', 'બાબા એસો વર ઢૂંઢો', 'મહિમા શનિદેવ કી' તથા 'રામાયણ' સિરિયલ છે. ઓવરઓલ ટોપ ૧૦ ચેનલમાં દૂરદર્શન નંબર વન પર છે. તેને ૧૬,૬૭,૩૨૪ ઈમ્પ્રેશન મળી છે. બીજા સ્થાને સન ટીવી છે, જેને ૧૦,૯૪,૮૦૯ ઈમ્પ્રેશન મળી છે. હિંદી જોનરની વાત કરવામાં આવે તો દૂરદર્શન ૧૬,૬૭,૩૨૪ ઈમ્પ્રેશન સાથે પ્રથમ સ્થાને છે. જ્યારે બીજા સ્થાને દંગલ ચેનલ છે. આ ચેનલને ૧૦,૮૯,૪૧૭ જેટલી ઈમ્પ્રેશન મળી છે. હિંદી જોનરના ટોપ ફાઈવ પ્રોગ્રામની વાત કરવામાં આવે તો પ્રથમ સ્થાન પર દૂરદર્શનની સિરિયલ 'ઉત્તર રામાયણ' છે. બીજા સ્થાને ડીડી ભારતી પર ટેલિકાસ્ટ થતી સિરિયલ 'મહાભારત' છે. જ્યારે બાકીના ત્રણ સ્થાન પર દંગલ ચેનલના શો છે, જેમાં ત્રીજા સ્થાને 'બાબા એસો વર ઢૂંઢો', ચોથા સ્થાને 'મહિમા શનિદેવ કી' તથા પાંચમા સ્થાને 'રામાયણ' છે.

ક્રિકેટ: ભારત ઓસ્ટ્રેલિયામાં ૨ અઠવાડિયા માટે ક્વૉરન્ટીનમાં રહેવા તૈયાર

મુંબઈ

બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાના સીનિયર અધિકારીએ કહ્યું કે, ભારત ઓસ્ટ્રેલિયામાં ૨ અઠવાડિયા માટે ક્વોરન્ટીનમાં રહેવા તૈયાર છે. જો તેમ કરવાથી આ ટૂર સંભવ થતી હોય તો ટીમને કોઈ વાંધો નથી.



ભારત ડિસેમ્બર-જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયામાં ૪ ટેસ્ટ અને ૩ વનડેની સીરિઝ રમવાનું છે. જો આ સીરિઝ ન રમાય તો ઓસ્ટ્રેલિયાને ૩૦૦ મિલિયન ડોલરનું નુકસાન થશે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ અને ફેડરલ ગવર્મેન્ટ વચ્ચે પ્રોટોકોલ અંગે વાતચીત ચાલી રહી છે. BCCIના ટ્રેઝરર અરુણ ધૂમલે કહ્યું કે, બીજો કોઈ વિકલ્પ જ નથી. જો ક્રિકેટને ફરી ટ્રેક પર લાવી હોય તો બધાને આમ કરવું પડશે. ૨ અઠવાડિયા વધુ સમય નથી. આટલો લાંબો સમય લોકડાઉનમાં રહ્યા પછી સ્પોર્ટ્સમેન માટે બીજા દેશમાં જઈને ૨ અઠવાડિયા ક્વોરન્ટીનમાં રહેવું એક સારી વસ્તુ છે. અમે જોશું કે લોકડાઉન પછી નવા નોર્મસ શુ છે. ધૂમલે કહ્યું કે, લોકડાઉન પહેલા ૪ની જગ્યાએ ૫ ટેસ્ટની સીરિઝ રમવા વિશે ચર્ચા થઈ હતી. હવે જો વિન્ડો અવેલેબલ છે, તો બોર્ડ્સે નક્કી કરવાનું છે કે તેમને ૧ ટેસ્ટ વધારે રમાડવી છે કે પછી ૨ વનડે કે ૨ ટી-૨૦? રેવન્યુના પોઈન્ટ ઓફ વ્યૂથી ટેસ્ટ કરતા વનડે અને ટી-૨૦થી વધુ આવક થશે. અત્યારે નુકસાનની ભરપાઈ વધુ મહત્ત્વની છે. જોઈએ બંને બોર્ડ્સ સાથે મળીને શુ નક્કી કરે છે.

રામલીલા ફિલ્મમાં ભણસાલીને ૧૯ રૂપિયાનો મામલો ભારે પડશે



મુંબઇ

જ્યારે ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલા :રામ-લીલા આવી ત્યારે પણ વિવાદ સર્જાયો હતો અને ઘણી વાતો સામે આવી હતી. ત્યારે હવે ફરીથી સંજય લીલા ભણસાલી પર ખતરાની ઘંટી વધી શકે છે. 'ગોલિયોં કી રાસલીલા :રામ-લીલા' બાબતે કોપીરાઇટના કેસમાં સંજય લીલા ભણસાલી માટે મુશ્કેલી વધી શકે છે. કારણ કે હાલમાં બોમ્બે હાઈકોર્ટેઈરોઝ ઈન્ટરનેશનલ મીડિયા લિમિટેડને આદેશ આપ્યો હતો કે, આ ફિલ્મના રાઇટ્સનો જે વિવાદ થયો છે એમાં કંપની સંજય લીલા ભણસાલી પ્રોડક્શનને ૧૯.૩૯ લાખ રૂપિયા આપે.

હાઈકોર્ટે આગળ વાત કરી હતી કે આ રકમ માત્ર ત્રણ અઠવાડિયામાં ભણસાલી પ્રોડક્શન્સને મળી જવી જોઈએ. હવે ઈરોઝે ભણસાલીની વિરુદ્ધ કયદેસર કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો છે. ઈરોઝે જણાવ્યું છે કે, એ સંજય લીલા ભણસાલીની કંપનીની વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરશું. અમે સમજૂતી મુજબ પહેલાં જ ચેક આપી ચૂક્યા છીએ.

એક રિપોર્ટ એવા પણ હતાં કે ભણસાલી આ ફિલ્મના કો-મેકર પણ હતા. ઈરોઝ અને હોલિવૂડ કંપની એસટીએક્સની વચ્ચેની સમજૂતી અયોગ્ય હોવાના કારણે જ આ મામલો ભણસાલીની કંપનીની તરફેણમાં ગયો હતો. ઉલ્લેખનીય છે કે ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલા :રામ-લીલા'ને સંજય લીલા ભણસાલી અને ઈરોઝે મળીને પ્રોડ્યૂસ કરી હતી. ત્યારબાદ કોપીરાઇટની સમસ્યાના કારણે મામલો ડખે ચડ્યો હતો.

એક ખિલાડી ઐસા ભીઃ ધોની મહાન ખેલાડીઓમાંથી એક

મુંબઇ

મહેન્દ્રસિંહ ધોનીએ ડિસેમ્બર, ૨૦૦૪માં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પ્રવેશ કર્યો ત્યારે તે બીજા સામાન્ય ખેલાડીઓની જેમ ટીમમાં સ્થાન મજબૂત કરવામાં મગ્ન હતો. શરૂઆતના થોડા મહિના તો તેની બેટિંગ અને વિકેટકીપિંગની ટેક્નિક તથા આવડત કરતાં તેના લોંગ હેર વિશે વધુ ચર્ચા થતી હતી.

સતત ચાર મેચમાં તે બેટિંગમાં સાવ ફ્લોપ રહ્યો ત્યારે એવી વાતો થવા લાગી કે રાંચીથી આવેલો આ ખેલાડી ભારતીય ટીમમાં થોડા દિવસનો મહેમાન છે. જોકે, એમ હિંમત હારે એવો તે નહોતો. તે બધા પડકારોનો સામનો કરી વળતી લડત આપીને પોતાની કરિયરને અનોખો ઓપ આપવા માગતો હતો.

ટીમ મેનેજમેન્ટે અને ખાસ કરીને કેપ્ટન સૌરવ ગાંગુલીએ તેની ટેલેન્ટને પારખીને તેનામાં ભરપૂર વિશ્વાસ



જાળવી રાખ્યો હતો અને ૨૦૦૫ની પાંચમી એપ્રિલે વિશાખાપટ્ટનમ ખાતે પાકિસ્તાન સામેની વન-ડેમાં તેને વનડાઉનમાં બેટિંગ કરવા મોકલ્યો હતો. ધોની ત્યારે ૨૩ વર્ષનો હતો.

ભારતે બેટિંગ લીધા પછી ચોથી જ ઓવરમાં સચિન તેંડુલકરની વિકેટ પડ્યા બાદ ધોનીને મોકલવામાં આવ્યો હતો. ધોનીએ મોકાનો ફાયદો ઉઠાવી ટીમમાં જગ્યા મજબૂત કરવાની શરૂઆત કરી દીધી હતી. પહેલાં તેણે સેહવાગ સાથે ૯૬ રનની અને પછી દ્રવિડ સાથે ૧૪૯ રનની ભાગીદારી કરી હતી.

ધોનીએ ૧૨૩ બોલમાં ૪ સિક્સર અને ૧૫ ફોર સાથે ૧૪૮ રન બનાવ્યા હતા. તેણે પોતાની આ પ્રથમ સેન્ચુરી વિવિધ પ્રકારના શોટ ફટકારીને નોંધાવી હતી અને ક્રિકેટ જગતને સંકેત આપી દીધો હતો કે 'એક લંબી રેસ કા ઘોડા આ ગયા હૈ'.

તેના ૧૪૮ રન ત્યારે વન-ડેમાં ભારતીય વિકેટકીપરોમાં હાઈએસ્ટ અને વિશ્વભરના વિકેટકીપરોમાં ગિલક્રિસ્ટના ૧૭૨ અને ૧૫૪ રન બાદ ત્રીજા નંબરે હતા. ધોનીની વિનાશક બેટિંગનો પાકિસ્તાન પાસે કોઈ જવાબ નહોતો. આફ્રિદી, મોહમ્મદ સમી, નાવેદ અલ હસન અને હફીઝની બોલિંગને ધોનીએ ચીંથરેહાલ કરી નાખી હતી.

ભારતે ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૩૫૬ રન બનાવ્યા હતા અને પછી પાકિસ્તાનને ૨૯૮ રનમાં ઓલઆઉટ કરીને ૫૮ રનથી શાનદાર વિજય મેળવ્યો હતો. આશિષ નેહરાએ ચાર વિકેટ લીધી હતી.


કરિયરની આ પહેલી જ સદી બાદ ધોનીએ વધુ ૯ સદી ફટકારી હતી જેમાં શ્રીલંકા સામેના ૧૮૩ રન સૌથી વધુ છે. એટલું જ નહીં, વન ડેના વિકેટકીપરોમાં એ હજી પણ હાઇએસ્ટ છે. ધોનીએ વન ડેમાં કુલ ૧૦,૭૦૦ કરતાં પણ વધુ રન બનાવ્યા છે. ધોની વિશ્વનો એકમાત્ર કેપ્ટન છે જે ત્રણેય આઈસીસી ટ્રોફી (વન-ડે વર્લ્ડ કપ, ટી-ટ્વેન્ટી વર્લ્ડ કપ અને ચેમ્પિયન ટ્રોફી) જીત્યો છે.

નેહા કક્કડ દુનિયાભરમાં યૂટ્યૂબ પર સૌથી વધુ સર્ચ થનાર બીજા નંબરની ફિલ્મ આર્ટિસ્ટ બની

મુંબઇ

સિંગિંગની વાત હોય, રિયાલીટી શો હોય, બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ હોય કે પછી ગાવા સાથે નાચવાનું હોય નેહા કક્કડનું નામ મોખરે હોય છે. તે કોઈને કોઈ વાતને લઈ હંમેશાં ચર્ચામાં રહેતી જોવા મળે છે. ફરી તેના નામે એક રેકોર્ડ નોંધાયો છે. આ વખતે નેહા કક્કડે માત્ર દેશના જ નહીં દુનિયાભરના ગાયકોને એક બાબતે પાછળ છોડી દીધા છે. આની સાથે જ નેહા હવે ઈન્ટરનેશનલ સ્ટાર બની ગઈ છે.

વાત એવી છે કે, નેહા કક્કડ દુનિયાભરમાં યૂટ્યૂબ પર સૌથી વધુ સર્ચ કરવામાં આવેલી ફિમેલ આર્ટિસ્ટમાં બીજા નંબરે આવી છે. પહેલા નંબરે અમેરિકન રેપર કાર્ડી બી છે. મોટી વાત એ છે કે, આ યાદીમાં નેહા સિવાય બીજું કોઈ ભારતીય ફીમેલ આર્ટિસ્ટ શામેલ જ નથી. હાલમાં એક સર્વે કરવામાં આવ્યો હતો. એમાં કાર્ડી બી ૪.૮ બિલિયન દર્શકો દ્વારા યૂટ્યૂબ પર સર્ચ



કરવામાં આવી જ્યારે નેહા કક્કડને ૪.૫ બિલિયન વ્યૂઅર્સે સર્ચ કરી છે.

નેહાએ જે મોટી મોટી હસતીઓને પાછળ રાખી દીધી એનું નામ લઈએ તો કોલમ્બિયન સિંગર Karol G, સાઉથ કોરિયન ગર્લ ગ્રુપ Blackpink, અમેરિકન સિંગર Ariana Grande, બ્રાઝિલની સિંગર Marilia Mendonca જેવા નામો શામેલ છે. આ યાદીમાં બીજું સ્થાન મેળવીને નેહા ખૂબ ખુશ છે. નેહાએ ઈન્સ્ટાગ્રામ પર બધાનો આભાર વ્યક્ત કર્યો હતો.

રોહિત શર્મા તેંડુલકર કરતા શ્રેષ્ઠ ઓપનરઃ સિમોન ડૂલ

ક્રાઇસ્ટચર્ચ

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ઝડપી બોલર સિમોન ડૂલે ભારતના સ્ટાર બેટ્સમેન રોહિત શર્માને મહાન ક્રિકેટર સચિન તેંડુલકર કરતા શ્રેષ્ઠ ઓપનર ગણાવ્યો હતો. ડૂલે ભારતની ઓ-લ-ટાઇમ વન-ડે ટીમને પસંદ કરી, જેમાં તેણે રોહિતને સચિન સમક્ષ સ્થાન આપ્યું. આ સાથે તેણે આંકડા સાથે સાબિત કર્યું કે શા માટે રોહિત શર્મા મહાન બેટ્સમેન સચિન તેંડુલકર કરતા વધુ સારો ઓપનર છે.

ડૂલના મતે રોહિતમાં સ્ટ્રાઈક રેટ ઝડપથી વધારવાની ક્ષમતા છે. જ્યારે તે ૬૦, ૭૦ અથવા ૮૦ રનની આસપાસ



હોય છે, ત્યારે તેનો સ્ટ્રાઇક રેટ જોવા યોગ્ય છે. મોટે ભાગે રોહિત ૯૦ ના સ્તરે અટકી જોઈ શકાતો નથી. ડૂલે કહ્યું કે તે કદાચ ૯૦ ના દાયકા વિશે વિચારતો પણ નથી. તે એક મહાન ખેલાડી છે. રોહિત શર્માની વનડે ક્રિકેટમાં ત્રણ બેવડી સદી છે અને તે આ ફોર્મેટમાં ત્રણ ડબલ સદી ફટકારનાર વિશ્વનો એકમાત્ર ક્રિકેટર છે. નવેમ્બર ૨૦૧૪ માં શ્રીલંકા સામે ૨૬૪ રન, જે આંતરરાષ્ટ્રીય વનડે ક્રિકેટમાં હજી શ્રેષ્ઠ છે. ગત વર્ષે યોજાયેલા વર્લ્ડ કપમાં ભારતીય ઓપનરે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે એક જ વર્લ્ડ કપમાં પાંચ સદી ફટકારી હતી.

ડૂલે કહ્યું કે વનડે ઓપનર તરીકે રોહિત શર્મા પ્રથમ પસંદગી છે. જો તમે આંકડા જુઓ તો તમને સચિન અને રોહિતની તુલના વિશે જાણ થશે. રોહિતની સરેરાશ ૪૯ છે, જ્યારે સ્ટ્રાઈક રેટ ૮૮ છે, જ્યારે સચિનનો સરેરાશ ૪૪ છે અને સ્ટ્રાઇક રેટ ૮૬ છે. સંખ્યાની દ્રષ્ટિએ રોહિતની સંખ્યા અસાધારણ છે.

વેબ સિરિઝમાં શાહરૂખ-ઐશ્વર્યા સાથે નજરે પડશે



મુંબઇ

શાહરુખ ખાનની રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ આજકાલ વેબ સિરીઝ પર ઘણી સક્રિય છે અને શક્ય હોય ત્યાં સુધી લોકોને પસંદ આવે તેવું જ ક્વૉન્ટેન્ટ આપી રહી છે. ત્યારે જાણવા મળ્યું છે કે શાહરુખ ખાનની કંપનીએ ઐશ્વર્યાને અપ્રોચ કરી છે. આ એક વેબ સિરીઝ છે જેમાં ઐશ્વર્યા જોવા મળશે.

જો બધું સમુંસૂતરું પાર પડશે તો શાહરુખ ખાનની વેબ સિરીઝથી ઐશ્વર્યા નાના પડદે ડેબ્યુ કરશે. જોકે ઐશ્વર્યાને તેના ચાહકો જલદી મોટા પરદા પર જોવા ઈચ્છે છે. તે મણિ રત્નમની ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી, પરંતુ લોકડાઉનના કારણે તેનું શૂટિંગ અટકી ગયું છે.

ઘણા ઓછા લોકો જાણે છે કે એશ આમિર સાથે 'રાજા હિન્દુસ્તાની'થી પોતાની ફિલ્મી કેરિયર શરૂ કરવાની હતી, પરંતુ તે જ સમયે શરૂ થયેલી મિસ ઈન્ડિયા કોમ્પિટિશન માટે આ ફિલ્મ છોડી દીધી હતી. ત્યારબાદ એશે 'આ અબ લૌટ ચલે' અને 'તાલ' જેવી ફિલ્મોમાં કામ કર્યું. પરંતુ તેને ઓળખ સંજય લીલા ભણસાળીની ફિલ્મ 'હમ દિલ દે ચુકે સનમ'થી મળી અને એશ રાતોરાત સ્ટાર બની ગઈ. જોકે બાદમાં લગ્ન અને આરાધ્યાના જન્મના કારણે તે ફિલ્મોમાં કામ ન કરી શકી. એશે 'જઝબા'થી કમ બેક કર્યું, પરંતુ હજુ સુધી તેને જોઈએ તેવી સ્ક્રિપ્ટ મળી નથી. તો હવે વેબ સિરીઝમાં એશનો જાદુ કેટલો ચાલે છે તે જોવું રહ્યું.

રિતિક રોશન 'તાનાજી'ના દિગ્દર્શક સાથે કામ કરશે

મુંબઇ

દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે દરેક વ્યક્તિ પોતાની રીતે કંઈક ને કંઈક કામ કરી રહી છે જેમાં બોલીવુડના સિતારા પણ ઘરમાં રહીને આવનારા સમયનું પ્લાનિંગ કરે છે. રિતિક રોશન વિશે વાત કરીએ તો તે હાલના સમયમાં ઘરે બેસીને ફિલ્મોની સ્ક્રિપ્ટ વાંચી રહ્યો છે અને આવનારી ફિલ્મોની તૈયારીઓ કરી રહ્યો છે. લોકડાઉન પૂરું થતાં કદાચ રિતિક રોશન પોતાની આવનારી ફિલ્મોની જાહેરાત કરી શકે છે. જોકે હમણાં એવી અફવા હતી કે રિતિક રોશન 'ધ બર્નિંગ ટ્રેન'ની રીમેકમાં જોવા મળશે, પરંતુ રિતિકે કોઈ પણ રીમેકમાં કામ



કરવાની સ્પષ્ટપણે ના પાડી છે. રિતિકને રીમેકમાં કોઈ જ રસ નથી અને આ વાત તમામ નિર્માતા તેમ જ દિગ્દર્શક જાણે છે. રિતિકે છેલ્લે 'અગ્નિપથ'ની રીમેકમાં કામ કર્યું હતું ત્યારબાદ તેણે કોઈપણ રીમેક નથી કરી. જોકે, ઓમ રાઉતની આગામી ફિલ્મ માટે પણ રિતિકનું નામ સંભળાઈ રહ્યું છે. ઓમ રાઉતની 'તાનાજી'એ ૨૦૨૦માં ધમાકેદાર એન્ટ્રી કરી અને ૨૭૯ કરોડ રૂપિયા જેટલી કમાણી કરી હતી. રાઉતે બીજી ફિલ્મો પર કામ કરવાનું પણ શરૂ કરી દીધું છે. જોકે, રિતિકની 'સુપર ૩૦' પછી કોઈ ફિલ્મ આવી નથી આથી તેના ફેન્સ તેની નવી ફિલ્મની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. હમણાં રાકેશ રોશને પણ ખુલાસો કર્યો કે 'ક્રિશ ૪'ની સ્ક્રિપ્ટ પર પણ કામ ચાલુ છે. લોકડાઉન પૂરું થતાં જ આ ફિલ્મનું કામ શરૂ થઈ જશે.

રિતિકની 'સુપર ૩૦' ફિલ્મ લોકડાઉન બાદ ચીનમાં રિલીઝ કરવામાં આવશે. આમ લોકડાઉન પછી ચીનમાં રિલીઝ થનારી તે પ્રથમ ભારતીય ફિલ્મ હશે.

ઉમેશ યાદવે ટી-૨૦ વર્લ્ડકપમાં ભારતની ટીમ કેવી હશે તેની માહિતી આપી



મુંબઇ

દુનિયાભરમાં ક્રિકટની ગતિવિધિઓ બંધ છે, ત્યારે આગામી ઓક્ટોબરમાં યોજાનારી ક્રિકેટ ટી૨૦ વર્લ્ડકપને લઇને પણ આશંકાઓ દર્શાવાઇ રહી છે. હાલ ક્રિકેટરો મેદાનથી દુર પોતાના ઘરમાં સમય વિતાવી રહ્યાં છે. કેટલાક ક્રિકેટરો લાઇવ સેશનમાં ભાગ લઇને ક્રિકટને લગતા સવાલોના જવાબો આપી રહ્યાં છે.

સ્પોર્ટ્સ વેબસાઇટ સ્પોર્ટ્સકીડાની સાથે ઇન્સ્ટાગ્રામ લાઇવ સેશનમાં બોલતા ભારતીય ટીમના ફાસ્ટ બૉલર ઉમેશ યાદવે ટી૨૦ની પ્લેઇંગ ઇલેવનને દર્શાવી છે.

ઉમેશ યાદવે લાઇવ શૉમાં કહ્યું આગામી પુરુષ ટી૨૦ વર્લ્ડકપ ટૂર્નામેન્ટ માટે મારી ટીમમાં રોહિત શર્મા, શિખર ધવન, કેએલ રાહુલ, વિરાટ કોહલી અને શ્રેયસ અય્યર બેટ્સમેન હશે.

ઉમેશ યાદવે પોતાની ટી૨૦ પ્લેઇંગ ઇલેવન વિશે વાત કરતા કહ્યું કે, ધોની પર હજુ ટીમ મેનેજમેન્ટે નિર્ણય નથી લીધો, પણ ધોની ભાઇની મરજી છે કે મારી પ્લેઇંગ ઇલેવનમાં રમે. ઉમેશે ટીમ ઇન્ડિયાનો ધૂરંધર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને પોતાની ટી૨૦ પ્લેઇંગ ઇલેવનમાંથી બહાર રાખ્યો છે. હાર્દિક પંડ્યા છેલ્લા કેટલાય સમયથી ઇજાઓ સામે ઝઝૂમી રહ્યો છે.

ઉમેશ યાદવની ટી૨૦ પ્લેઇંગ ઇલેવનઃ-

શિખર ધવન, રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ, શ્રેયસ અય્યર, એમએસ ધોની/ઋષભ પંત, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, મોહમ્મદ શમી/દીપક ચાહર.

'સોનુ કે ટિટૂ કી સ્વીટી' અને 'દે દે પ્યાર દે'ની સીક્વલ બનશે

મુંબઇ

કાર્તિક આર્યને 'સોનુ કે ટિટૂ કી સ્વીટી'માં તેના પરફોર્મન્સથી બધાંનાં દિલ જીતી લીધાં હતાં અને અજય દેવગને 'દે દે પ્યાર દે'માં તેના ચાર્મિંગ પરફોર્મન્સથી લેડીઝને મોહી લીધી હતી. હવે આવી વધુ ફન મોમેન્ટ્સ માટે તૈયાર રહો. કેમ કે, આ બંને ફિલ્મ્સના પ્રોડ્યૂસર ભૂષણ કુમાર આ બંને ફિલ્મ્સની સીક્વલ્સ પર કામ કરી રહ્યા છે. ભૂષણે કહ્યું હતું કે, 'હા, લવ રંજન અને મારા માઇન્ડમાં 'દે દે પ્યાર દે'ની સીક્વલ છે. અમે ચોક્કસ જ 'સોનુ કે ટિટૂ કી સ્વીટી ૨' કરી રહ્યા છીએ.

આ ગ્રેટ ફ્રેન્ચાઇઝીસ છે.' 'સોનુ કે ટિટૂ કી સ્વીટી'માં કાર્તિકની સાથે સની સિંઘ અને નુસરત ભરૂચા પણ હતી જ્યારે 'દે દે પ્યાર દે'માં અજયની સાથે તબૂ અને રકુલ પ્રીત સિંઘ પણ લીડ રોલ્સમાં જોવા મળી હતી.

વર્લ્ડ ટેસ્ટ સ્પર્ધાના સ્થાને ભારત-પાક સિરીઝ રાખોઃ બ્રેડ હોગ

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર બ્રેડ હોગે યૂટ્યુબ ચેનલ પર અપલોડ કરેલા વીડિયોમાં આશ્ચર્યજનક સૂચનમાં કહ્યું છે કે 'કોવિડ-૧૯ની મહામારીને લીધે બે વર્ષની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ



ખોરવાઈ ગઈ છે અને મારું એવું કહેવું છે કે લોકડાઉન બાદ આ સ્પર્ધાના સ્થાને લોકોનો ટેસ્ટ પ્રત્યેનો ઉત્સાહ પાછો લાવવા ભારત અને પાકિસ્તાન વચ્ચે ટેસ્ટ સિરીઝ રાખવી જોઈએ. એ ઉપરાંત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની એશિઝ ટેસ્ટ સિરીઝ પણ રાખી દેવી જોઈએ.' હોગે વધુમાં કહ્યું, 'લોકડાઉન જશે પછી લોકો અત્યંત રોમાંચક મેચો જોવાનું પસંદ કરશે અને એ માટે આ બે સિરીઝો આદર્શ કહેવાશે. મહામારીએ તો હાઈ વોલ્ટેજ કહેવાતી ક્રિકેટ મેચો રાખવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે.'

ફરહાને સરકારી હોસ્પિટલ્સને ડોનેટ કરી ૧૦૦૦ પીપીઇ કીટ

બૉલિવૂડ એક્ટર ફરહાન અખ્તરે જાહેરાત કરી હતી કે, તેમણે ફ્રન્ટલાઇન વર્કર્સ માટે ૧૦૦૦ PPE કીટ્સ આપી છે. આ ઉપરાંત તેમણે લોકોને પણ જેટલું બની શકે તેટલું ડોનેટ કરવાની અપીલ કરી છે. ૪૬ વર્ષીય અભિનેતાએ સોશિયલ મીડિયા પર આ જાણકારી શેર કરી અને આ વાત તરફ ધ્યાન દોર્યું કે, મેડિકલ ટીમ અને સ્ટાફને પીપીઇ કીટ્સની કેટલી જરૂર છે. અભિનેતાએ રિકોર્ડેડ વીડિયો મેસેજ ટ્વીટર પર શેર કર્યો જેમાં ખુલાસો કર્યો કે, તેમણે ખાનગી રીતે ૧૦૦૦ પીપીઇ કીટ્સ સરકારી હોસ્પિટલ્સને ડોનેટ કરી છે. આ સાથે જ તેમણે લોકોને પણ અપીલ કરી હતી કે, જેટલું બની શકે તેટલું ડોનેટ કરવાની અપીલ કરી છે. આ ઉપરાંત તેમણે પીપીઇ કીટ્સની કિંમત વિશે પણ જાણકારી આપી હતી, જેથી તેને ફોલો કરનારા લોકો આ વિશે વિચારી શકે કે, તેમણે પોતાનું યોગદાન આપવું જોઈએ.

સોશિયલ મીડિયા પર રકુલ પ્રીતનો દારુ ખરીદતો વીડિયો વાયરલ..!!

મુંબઇ

કોરોના વાયરસને લઈને લોકોની સુરક્ષા માટે લોકડાઉનમાં નાના લોકોથી લઈને મોટા લોકો સુધી બધા ઘરમાં બંધ છે. બોલિવૂડમાં પણ સેલેબ્રિટી પોતાના ઘરોમાં બંધ છે. પરંતુ આ વચ્ચે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેણે સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી દીધી છે. કોઈનું કહેવું છે કે આ વીડિયોમાં જોવા મળતી અભિનેત્રી દીપિકા પાદુકોણ છે. તો કોઈએ રકુલ પ્રીત સિંઘનું નામ કહ્યું છે.જ્યારે આ વીડિયોને શેર કરવામાં આવ્યો ત્યારે અભિનેત્રીએ જવાબ આપ્યો. વીડિયો શેર કરનારે લખ્યું કે, લોકડાઉનના સમયમાં રકુલપ્રીત આ શું ખરીદી કરી રહી છે. તો જવાબ આપ્યો કે, મને નહોતી ખબર કે મેડિકલ દુકાન પર દારુ પણ મળતો હશે. આ રીતે રકુલ પ્રીતે જવાબ આપીને બધાને શાંત કરી દીધા હતા. તે દારુ નહીં પણ દવા લઈને ઘરે જતી હતી.





કોરોનાનો ચેપ ના લાગે તે માટે આ દુકાનકાર દવાના પેકેટને પણ સેનેટાઈઝ કરી રહ્યો છે.

અમેરિકાની કંપની વિસ્ટાએ જિઓમાં કર્યું ૧૧,૩૬૭ કરોડનું રોકાણ

મુંબઈ

મુકેશ અંબાણીની આગેવાની હેઠળની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ રોકાણો એકત્રિત કરીને દેવું મુક્ત રિકવરી તરફ આગળ વધી રહી છે. આ શ્રેણીમાં ફેસબુક અને સિલ્વર લેક પછી, અમેરિકાની ખાનગી ઈક્વિટી કંપની વિસ્ટા ઈક્વિટી પાર્ટનર્સ (વિસ્ટા) જિઓ પ્લેટફોર્મ્સમાં ૧૧,૩૬૭ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. જિયો અને રિલાયન્સે ગુરુવારે તેની જાહેરાત કરી હતી. વિસ્ટાનું રોકાણ જિઓ પ્લેટફોર્મમાં તેનો હિસ્સો વધારીને ૨.૩૨% કરશે.

વિસ્ટાના રૂ. ૧૧,૩૬૭ કરોડનું રોકાણ ઇક્વિટી વેલ્યુ રૂ. ૪.૯૧ લાખ કરોડ અને એન્ટરપ્રાઇઝ વેલ્યુ રૂ. ૫.૧૬ લાખ કરોડ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ફેસબુક પછી વિસ્ટા જિઓ પ્લેટફોર્મ પર સૌથી મોટું રોકાણકાર બની છે. જિયો પ્લેટફોર્મ ત્રણ સપ્તાહથી ઓછા સમયમાં ૬૦,૫૯૬.૩૭ કરોડ રૂપિયાનું રોકાણ એકત્રિત કરી ચૂક્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સંપૂર્ણ માલિકીની કંપની જિઓ પ્લેટફોર્મ આગલી પેઢીની તકનીક કંપની છે, જેઓ જિયોના ફ્લેગશિપ એપ્લિકેશન્સ, ડિજિટલ ઇકોસિસ્ટમ્સ અને દેશના નંબર વન હાઈ સ્પીડ કનેક્ટિવિટી પ્લેટફોર્મને એક છત હેઠળ લાવીને દેશ માટે ડિજિટલ સોસાયટી બનાવી રહી છે. રિલાયન્સ જિઓમાં આ ત્રીજું મોટું રોકાણ છે. વિશ્વની અગ્રણી સોશિયલ મીડિયા કંપની ફેસબુકે જિઓમાં ૯.૯ ટકા હિસ્સો, ૪૩,૫૩૪ કરોડમાં અને સિલ્વર લેકે ૧૬૫૫ કરોડનું રોકાણ કરીને ૧.૫૫% હિસ્સો ખરીદ્યો છે.

દારૂની દુકાન ખુલી શકે તો મંદિર કેમ નહિ?: અખાડા પરિષદના અધ્યક્ષનો સવાલ

પ્રયાગરાજ

લૉકડાઉન ૩.૦માં દારૂની દુકાનો ખોલવાની મંજૂરી આપી દેવામાં આવી છે જે બાદ હવે મંદિરોને પણ શ્રદ્ધાળુઓ માટે ખોલી મૂકવાની માંગ ઉઠવા લાગી છે. જ્યારે બીજી તરફ અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરીએ યૂપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનનાથને સવાલ કર્યા. તેમણે કહ્યું કે જ્યારે દારૂની દુકાનો ખુલી શકે છે તો શ્રદ્ધાળુઓ માટે મંદિરના દરાવાજા બંધ કેમ રખાયા છે? તેમણે યોગી સરકાર સમક્ષ સોશિયલ ડિસ્ટેન્સિંગને ધ્યાનમાં રાખી મંદિરના કપાટ ખોલવાની મંજૂરી આપી દેવા માંગણી કરી.

હરિદ્વારના ધર્માચાર્યો અને કાશી વિદ્વત પરિષદ બાદ હવે સાધુ-સંતોની સર્વોચ્ચ સંસ્થા અખિલ ભારતીય અખાડા પરિષદે પણ લૉકડાઉનમાં શ્રદ્ધાળુઓ માટે મંદિર ખોલવાની માંગ કરી છે. મહંત નરેન્દ્ર ગિરીએ કહ્યું કે મંદિર ખોલવાની માંગને લઈ અખાડા પરિષદના મહામંત્રી અને પંચ દશનામા જૂન અખાડાના સંરક્ષક મહંત હરિ ગિરી સાથે વાતચીત બાદ દેશના પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને એક પત્ર પણ લખશે.

મહંત નરેન્દ્ર ગિરીએ કહ્યું કે કોરોનાને લઈ પાછલા દોઢ મહિનાથી લૉકડાઉન છે અને લગભગ ૨ મહિનાથી મંદિરના કપાટ બંધ છે. એવામાં મંદિરોમાં પૂજારીઓ અને અન્ય કર્મચારીઓને વેતન આપવાની માંગમા પણ કઠણાઈ આવી રહી ચે. જ્યારે રાજસ્વ માટે સરકાર દારૂની દુકાનો ખોલવાની મંજૂરી આપી શકે છે, તો તેને બીજી દુકાનો અને મંદિરો ખોલવાની પણ અનુમતિ આપવી જોઈએ, જેનાથી લોકોની રોજી રોટી પણ ચાલતી રહે.

નાણાંપ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું

જાહેર ક્ષેત્રની બેંકોએ માર્ચ-એપ્રિલમાં ૫.૬૬ લાખ કરોડ રૂપિયાની લોન મંજૂર કરી

ન્યુ દિલ્હી

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, જાહેર ક્ષેત્રની બેંકોએ માર્ચ-એપ્રિલ દરમિયાન ૫.૬૬ લાખ કરોડની લોન મંજૂર કરી છે. લોકડાઉન હટાવ્યા પછી તરત જ આ લોનનું વિતરણ શરૂ કરવામાં આવશે. જેનાથી આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે.

સીતારમને એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, માર્ચ-એપ્રિલ ૨૦૨૦ દરમિયાન જાહેર ક્ષેત્રની બેંકોએ ૪૧.૮૧ લાખથી વધુ ખાતાઓ માટે ૫.૬૬ લાખ કરોડથી વધુની લોન મંજૂર કરી છે. આ લોન લેનારાઓ સ્જીસ્ઈ, રિટેલ, કૃષિ અને કોર્પોરેટ ક્ષેત્રના છે. લોકડાઉન સમાપ્ત થયા બાદ આ લોનનું વિતરણ શરૂ કરવામાં આવશે. અર્થવ્યવસ્થા પરત ફરવા માટે તૈયાર છે.

નાણાં પ્રધાન સિતારમને જણાવ્યું કે, જાહેર ક્ષેત્રની બેંકોએ લોનની ચૂકવણીમાં રિઝર્વ બેંક દ્વારા જાહેર કરેલી રાહતનો અમલ કર્યો છે. PSBએ RBI દ્વારા લોનના હપ્તાઓની ચૂકવણીથી રાહતનો લાભ વધાર્યો છે. આ લાભને અસરકારક રીતે લંબાવીને ૩.૨ કરોડ ખાતાઓને ત્રણ મહિનાની રાહત સુનિશ્ચિત કરવામાં આવી છે. શંકાઓનું ઝડપી નિરાકરણ ગ્રાહકોની ચિંતાઓ દૂર કરી આ લોકડાઉન દરમિયાન જવાબદાર બેંકિંગની ખાતરી આપે છે.

સીતારામને જણાવ્યું કે, જાહેર ક્ષેત્રની બેંકોએ નિયોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ(NBFC) અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ (HFC)ને સતત ધિરાણ પ્રવાહ જાળવી રાખવામાં મદદ કરવા માટે ૧ માર્ચથી ૪ મેની વચ્ચે ૭૭,૩૮૩ કરોડ રૂપિયાની લોનને મંજૂરી આપવામાં આવી હતી.

કહુઆમાં ઘરે જવાની માગ સાથે મજૂરોનું હિંસક વિરોધ પ્રદર્શન, અનેક ઘાયલ

કહુઆ

કોરોના વાયરસ મહામારીના કારણે દેશમાં લોકડાઉન છે.. અને હજારોની સંખ્યામાં શ્રમિકો ફસાયેલા છે. રોજગારીના ચક્કરમાં ઘણા મજૂરો ફેક્ટ્રીઓમાં જ રોકાયેલા છે. જમ્મુના કહુઆમાં શુક્રવારે ટેક્સટાઇલ મિલમાં કામ કરનારા મજૂરોએ જોરદાર હંગામો કર્યો. મજૂરોનો આરોપ લગાવ્યો કે તેમને પૂર્ણ વેતન આપવામાં આવે.. માર્ગો પર ઉતરી આવેલા મજૂરોએ ટેક્સટાઇલ મિલની આસપાસના વિસ્તારોમાં તોડફોડ શરૂ કરી દીધી હતી..

આ દરમિયાન તેમણે ત્યાં રહેલા કેટલાક વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું.. પરિસ્થિતિ જ્યારે બેકાબૂ બની ત્યારે કહુઆ જીલ્લાના એસએસપીએ ઘટના સ્થળે પહોંચીને લોકોને સમજાવ્યા..

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે પુલિત્ઝર પુરસ્કાર જીતનારા પત્રકારોને 'ચોર' કહ્યા

વૉશિંગ્ટન

જર્નાલિઝમના જગતમાં પુલિત્ઝર પ્રાઈઝ બહુ પ્રતિષ્ઠિત મનાય છે.જોકે મીડિયાની સામે શિંગડા ભેરવવા માટે જાણીતા ડોનાલ્ડ ટ્રમ્પે આ પ્રાઈઝ જીતનારા પત્રકારોને પણ આડે હાથ લીધા છે.

ટ્રમ્પે આ સન્માન મેળવનારા પત્રકારોને ચોર કહ્યાહ તા અને કહ્યુ હતુ કે, તેઓ પત્રકાર નહી પણ ચોર છે. તેમને આ પુરસ્કાર પાછો આપવા માટે ફરજ પાડવી જોઈએ.કારણકે તેઓ ખોટા હતા.

આ એવોર્ડ જીતનારા પત્રકારોને અમેરિકાના પ્રમુખની ગત ચૂંટણીમાં રશિયાનો હાથ હોવાની તપાસના કવરેજ માટે સન્માન મળ્યુ છે.ટ્રમ્પે કહ્યુ હતુ કે, જે દસ્તાવેજો સામે આવી રહ્યા છે તે સ્પષ્ટપણે કહી રહ્યા છે કે, રશિયા સાથે ચૂંટણી જીતવા માટે કોઈ મિલીભગત નહોતી.

તેમણે કહ્યુ હતુ કે, પુલિત્ઝર પ્રાઈઝ પાછુ આપવામાં આવે.કારણકે તમને ખબર છે કે, આ ખોટા કામ માટે આપવામાં આવ્યુ છે.આ પ્રાઈઝ જેના માટે અપાયુ છે તે અહેવાલો બોગસ હતા.પ્રાઈઝ આપનાર કમિટી માટે પણ આ શરમજનક વાત છે.

લોકડાઉનમાં દારુની હોમ ડિલિવરી જેવી સુવિધા માટે રાજ્યો વિચારે: સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

લોકડાઉન દરમિયાન દેશી-વિદેશી શરાબની દુકાનોને બંધ કરવાના આદેશ આપવા સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો છે. દારુના વેચાણ મુદ્દે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને દારુની હોમ ડિલિવરી જેવી સુવિધા પૂરી પાડવા અંગે વિચારણા કરવા કહ્યુ છે.

લોકડાઉનમાં છૂટછાટ મળતા અનેક રાજ્યોમાં દારુની દુકાનો ખોલવા અને વેચાણની મંજૂરી પણ આપવામાં આવી હતી. જેને લીધે વિતેલા થોડા દિવસોમાં આ વિસ્તારોમાં, ખાસ કરીને દારુ ખરીદતી વેળાએ સોશિયલ ડિસ્ટેન્સિંગના નિયમોનું કોઈ પાલન કરવામાં આવતુ ન હતુ. આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી વાઈન શોપ બંધ કરવાની માંગ કરવામાં આવી હતી. રાજ્યોમાં વાઈન શોપ ઓછી છે અને ખરીદનાર બહોળા વર્ગને લીધે કોરોના ફેલાવાનો ભય વધ રહ્યો છે.

અરજી પર સુનવણી કરતા સુપ્રીમ કોર્ટે એ કેન્દ્રની એ ગાઈડલાઈનને પડકરી હતી, જેમાં લોકડાઉન દરમિયાન દારુ વેચવાની સીધી મંજૂરી આપી દેવાઈ હતી. જોકે વર્તમાન સમયમાં દેશભરમાં, જ્યાં દારુના વેચાણની મંજરી અપાઈ છે એવા રાજ્યોમાં લોકડાઉન દરમિયાન પણ દારુનુ વેચાણ ચાલુ જ રહેશે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને હોમ ડિલિવરી જેવી વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યુ છે.

મુસ્લિમ વિરોધી પોસ્ટ શેર કરવા બદલ ભારતીયએ નોકરી ગુમાવવી પડી

ટોરેન્ટો

કેનેડાના ટોરન્ટો શહેરમાં ભારતીય મૂળના એક રિયલ એસ્ટેટ એજન્ટ રવિ હુડ્ડાને મુસ્લિમ વિરોધી પોસ્ટ સોશ્યલ મીડિયામાં શેર કરવા બદલ નોકરી ગુમાવવી પડી છે.

ટોરન્ટોના બ્રેમ્પટન મ્યુનિસિપલટીએ સ્થાનિક મસ્જિદોમાં રમઝાનના મહિનાના કારણે અઝાન માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની છુટ આપવાનો નિર્ણય લીધો છે.બ્રેમ્પટનના મેયરે આવાતની જાહેરાત કરી હતી.જોકે આ નિર્ણયના પગલે વિવાદ શરુ થયો હતો.કેટલાકે આ નિર્ણયનો વિરોધ પણ કર્યો હતો.મેયરે આ દરમિયાન કહ્યુ હતુ કે, ૧૯૮૪ના કાયદા પ્રમાણે માત્ર ચર્ચના બેલ વગાડવાની છુટ હતી પણ હવે તમામ ધર્મોને તેમાં સામેલ કરાશે.કારણકે આ ૨૦૨૦ છે અને અમે તમામ ધર્મોનુ સન્માન કરીએ છે.

કિમ જોંગ ઉને ચીનના રાષ્ટ્રપતિને કોરોના વાયરસ ઉપર જીત બદલ અભિનંદન પાઠવ્યા

પ્યોંગયોંગ

ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગને વર્બલ મેસેજ મોકલ્યો છે. જેમા તેણે કોરોના વાઈરસને રોકવામાં સફળતા મેળવવા બદલ ચીનના વખાણ કર્યા છે. યોનહાપ ન્યૂઝ એજન્સીએ આ જાણકારી આપી છે. જોકે એજન્સીએ એ સ્પષ્ટ નથી કર્યું કે વર્બલ મેસેજનો અર્થ શું છે અને કિમએ તેને જિનપિંગ સુધી કેવી રીતે પહોંચાડ્યો.

એજન્સી મુજબ, મેસેજમાં કિમને જિંગપિંગને શુભકામના આપી છે અને કહ્યું છે કે ચીન યુદ્ધ જેવી મહામારી રોકવામાં સફળતા મેળવી રહ્યું છે. સાથે જ તેમણે રાષ્ટ્રપતિના સારા સ્વાસ્થ્યની કામના કરી છે. કિમે કહ્યું કે ચીનની પાર્ટી અને લોકો આ સફળતાને જાળવી રાખે અને જિંગપિંગના માર્ગદર્શનમાં જીત મેળવશે.

કિમે બીજીવાર ચીનના રાષ્ટ્રપતિને મેસેજ મોકલ્યો છે. જાન્યુઆરીમાં તેઓએ વાઈરસ સામે લડાઈમાં ચીનને પોતાનું સમર્થન આપ્યું હતું.

ઉત્તર કોરિયાના તાનાશાહ ૨૦ દિવસ પછી ફર્ટિલાઈઝર કંપનીના ઉદ્ઘાટનમાં દેખાયા હતા. ૨૦ દિવસ સુધી તેઓ જાહેરમાં ન દેખાતા તેના ખરાબ સ્વાસ્થ્યના સમાચારો વહેતા થયા હતા. હવે કિમ સ્વસ્થ હોવાની સ્પષ્ટતા થઈ ગઈ છે.



આ જ સંદેશ કે માસ્ક સેવ્સ રિપોર્ટ જનેરોના ક્રાઈસ્ટ ધ રીડીમરના સ્ટેચ્યુ પર બ્લુ લાઈટથી માસ્કની આભા ઉભી કરીને આપવામાં આવ્યો છે.

કોરોના સાથે જ જીવવાની આદત પાડવી પડશે: કેજરીવાલ

દિલ્હીમાં એમ્બ્યુલન્સ સેવાના ૪૫ કર્મચારીઓ કોરોનાની ચપેટમાં

ન્યુ દિલ્હી

દિલ્હીમાં કોરોના સંક્રમણ વધતુ જઈ રહ્યું છે. હવે લક્ષ્મી નગરનાં કૈટ્સ એમ્બ્યુલન્સ સેવાનાં ૪૫ કર્મચારીઓ કોરોના પૉઝિટિવ મળી આવ્યા છે. ૮૦ કર્મચારીઓનો ટેસ્ટ થયો છે. આ ઘણી જ લાપરવાહીનો મુદ્દો છે, કેમકે કૈટ્સ એમ્બ્યુલન્સ દ્વારા દર્દીઓને હૉસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યા છે. કેટલાક કૈટ્સ ઑફિસરનો પરિવાર પણ કોરોનાની ઝપટમાં આવી ગયો છે.

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬ હજાર સુધી પહોંચવા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૪૮ નવા કેસ સામે આવ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે તમામ સાવધાનીઓ છતા સંક્રમણનું ચક્ર તૂટી નથી રહ્યું. ચોંકાવનારી વાત એ છે કે દિલ્હીમાં ફક્ત ૬ દિવસની અંદર ૨ હજાર લોકો કોરોના સંક્રમિત થયા છે. દિલ્હીમાં ૧ મેનાં રોજ ૨૨૩, ૨ મેનાં ૩૮૪, ૩ મેનાં ૪૨૭, ૪ મેનાં ૩૪૯, ૫ મેનાં ૨૦૬, ૬ મેનાં ૪૨૮ અને ૭ મેનાં ૪૪૮ કોરોનાનાં કેસ સામે આવ્યા છે. દિલ્હીમાં ૨૪થી ૩૦ એપ્રિલની વચ્ચે કોરોનાનાં કેસ ૧૧.૨ દિવસમાં ડબલ થઈ રહ્યા હતા, જે ૧થી ૭ની વચ્ચે ૯.૨ દિવસમાં ડબલ થઈ રહ્યા છે. કોરોનાની દહેશતની વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ માને છે કે દિલ્હીવાળાઓએ હવે કોરાનથી લડવાનું શીખવું જ પડશે અને કોરોનાની વચ્ચે જીવવાની આદત પાડવી પડશે.

ઔરંગાબાદમાં પહેલાપાનાથી ચાલુ

થઈ ગઈ હતી.

આ શ્રમિકો એમ માનીને રેલવેના પાટા ઉપર સૂઈ ગયા કે લોકડાઉનમાં રેલવે બંધ છે તેથી રેલગાડી આવવાની તો કોઈ શક્યતા છે જ નહીં અને તેથી તેઓ સલામત છે. પરંતુ કાળનું કરવુ કે પેસેન્જર ટ્રેન તો નહીં પણ ગુડ્ઝ ટ્રેન તેમના પર ફરી વળી હતી.

આ ઘટના કે દુર્ઘટનાની વિગતો પ્રમાણે, મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં રેલવે ટ્રેક પર ૧૬ પ્રવાસી મજૂરો માલગાડીમાં આવી જતા મોત થયા છે. તમામ મજૂર મધ્યપ્રદેશ જઈ રહ્યા હતા. દુર્ઘટના ઔરંગાબાદની પાસે આવેલા કરમાડ સ્ટેશન પાસે બની હતી. ઘટના એ વખતે બની જ્યારે મજૂર રેલવે ટ્રેક પાસે સૂઈ રહ્યા હતા. બે લોકો ઘાયલ થયા છે.

રેલવે મંત્રાલયે જણાવ્યું કે, ઘટના બદનાપુર અને કરનાડ સ્ટેશન વચ્ચેની છે. આ વિસ્તાર રેલવેના પરમણી- મનમાડ સેક્શનમાં આવે છે. શુક્રવાર સવારે ઘણા મજૂરો રેલવે ટ્રેક પર સૂતા હતા. માલગાડીના ડ્રાઈવરે તેમને જોઈ લીધા હતા, બચાવવાના પ્રયાસ પણ કર્યા, પણ દુર્ઘટના બની ગઈ હતી. કેસની તપાસના આદેશ આપી દેવાયા છે.

જ્યારે, કરમાડ પોલીસે જણાવ્યું કે, આ શ્રમિકો જાલનાથી ભુસાવલ જઈ રહ્યા હતા. તેઓ રેલવે ટ્રેકની બાજુમાં જ ચાલી રહ્યા હતા. થાકી ગયા તો પાટા પર જ સુઈ ગયા હતા. શુક્રવારે સવારે પાંચ વાગ્યે તે ગુડ્ઝ ટ્રેનના સંકજામાં આવી ગયા હતા

આ બધા મજૂર મધ્યપ્રદેશના ઉમરિયા અને શાહદોલ જિલ્લાના રહેવાસી હતા જેઓ તેમના ઘરે પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત ઔરંગાબાદના કરમાડ નજીક સવારે ૫.૧૫ વાગ્યે થયો હતો, જેમાં ૧૪ મજૂર મૃત્યુ પામ્યા હતા, જ્યારે બે અન્ય ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કરમાડ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ એજન્સીને જણાવ્યું હતું કે, આ તમામ મજૂરો જલાનાથી ભુસાવલ જઈ રહ્યા હતા. બધા કામદારો મધ્યપ્રદેશમાં તેમના ઘરે પરત ફરી રહ્યા હતા. અધિકારીએ વધુમાં માહિતી આપી હતી કે આ લોકો રેલ્વે ટ્રેક ઉપર ચાલતા હતા. તે જ સમયે, થાકને કારણે, આ લોકો રેલ્વે ટ્રેક પર સૂઈ ગયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ગંભીર દુર્ઘટના પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે રેલવે મંત્રી પીયૂષ ગોયલ સાથે વાત કરી હતી. સ્થિતિ પર નજર રાખવામાં આવી છે. દરેક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, એવી ખાતરી આપી હતી.

જ્યારે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ દુર્ઘટના અંગે ટ્વીટ કર્યું હતું કે, માલગાડીથી કચડાઈ જવાથી મજૂર ભાઈ-બહેનોના મોત થવાથી હેરાન છું. આપણને આપણા રાષ્ટ્ર નિર્માણકર્તાઓ સાથે કરવામાં આવી રહેલા વ્યવહાર પર શરમ આવવી જોઈએ. જે લોકોના મોત થયા છે તેમના પરિવાર સાથે પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલો ઝડપથી સાજા થઈ જાય તેવી પ્રાર્થના કરું છું.

મહારાષ્ટ્ર સરકારે મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાની રાહતની જાહેરાત કરી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કાર્યાલય વતી કહેવામાં આવ્યું છે કે, "કરમાડ (ઔરંગાબાદ) ટ્રેન દુર્ઘટનામાં મૃતકના પરિવારોને પાંચ લાખ રૂપિયાની રાહતની રકમ જાહેર કરવામાં આવી છે." ગૃહમંત્રી અમિત શાહે પણ અસરગ્રસ્ત પરિવારોને સાંત્વના આપી છે.

આ સાથે જ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ તમામ મૃતકોના સગાઓને પાંચ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, મંત્રી અને આદિજાતિ વિકાસ વિભાગના સ્થાનિક ધારાસભ્ય મીના સિંહ આ મજૂરોના મૃતદેહને ઉમરિયા લાવવા માટે ખાસ વિમાનથી ઔરંગાબાદ જવા રવાના થયા હતા

ગૃહમંત્રી અમિત શાહે અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું, "મહારાષ્ટ્ર ટ્રેન અકસ્માતમાં પરપ્રાંતિય મજૂરોના મોત પર દુ:ખ શબ્દોમાં કહી શકાય નહીં. મેં રેલવે પ્રધાન પિયુષ ગોયલ અને કેન્દ્ર અને રેલ્વેના સંબંધિત અધિકારીઓ સાથે વાત કરી છે કે તેઓ તેમની દરેક શક્ય મદદ કરે." અકસ્માતમાં અસરગ્રસ્ત પરિવારો પ્રત્યેની મારી સંવેદના.

સરકાર લોકોનો પહેલાપાનાથી ચાલુ

"સરકાર વિચારી રહી છે કે, જો ઝડપથી પૈસા વાપરશે તો રૂપિયાનું મૂલ્ય કથળશે પરંતુ હાલના સમયે સરકારે જોખમ લેવું પડશે કારણ કે, જમીની સ્તરે પૈસા પહોંચાડવા જરૂરી છે. સરકાર જેટલું વિચારી રહી છે તેટલો આપણો સમય બરબાદ થઈ રહ્યો છે.

આજે કોઈ કોંગ્રેસ, આરએસએસ કે ભાજપનું નથી પણ દરેકે એક હિંદુસ્તાની તરીકે ઉભા રહીને લડવું પડશે. દરેકે ભયના માહોલનો અંત લાવવો પડશે નહીં તો લોકડાઉન દૂર નહીં થાય.

ભારતીય સેના પહેલાપાનાથી ચાલુ

જણાવી રહ્યો છે અને પ્રવાસી મજૂરો, ગરીબો, નાના વેપારીઓને પૈસાની જરૂર છે તથા અનેક લોકોને નોકરી ગુમાવવી પડે તેવો સમય આવી ગયો છે.

રાહુલે જણાવ્યું કે, "સરકાર વિચારી રહી છે કે, જો ઝડપથી પૈસા વાપરશે તો રૂપિયાનું મૂલ્ય કથળશે પરંતુ હાલના સમયે સરકારે જોખમ લેવું પડશે કારણ કે, જમીની સ્તરે પૈસા પહોંચાડવા જરૂરી છે. સરકાર જેટલું વિચારી રહી છે તેટલો આપણો સમય બરબાદ થઈ રહ્યો છે.

આજે કોઈ કોંગ્રેસ, આરએસએસ કે ભાજપનું નથી પણ દરેકે એક હિંદુસ્તાની તરીકે ઉભા રહીને લડવું પડશે. દરેકે ભયના માહોલનો અંત લાવવો પડશે નહીં તો લોકડાઉન દૂર નહીં થાય.

રાજ્ય સરકાર વટહુકમ બહાર પડાશે

ગુજરાતમાં ૧૨૦૦ દિવસ રોજગારી આપનાર નવા એકમોને લેબર લૉમાંથી મુક્તિ

ચીન, જાપાન અમેરિકાથી રોકાણો આકર્ષવા અધિકારીઓની ટીમ બનાવી

ગાંધીનગર

કોરોના મહામારીના કારણે ઊભી થનારી આર્થિક અને ઔદ્યોગિક પરિસ્થિતિનો સામનો કરવા ગુજરાત સરકારે તેના શ્રમ કાયદાઓમાં કેટલાક સુધારા કરતો વટહુકમ બહાર પાડવાનો નિર્ણય શુક્રવારે કર્યો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સોશીયલ મીડિયાના માધ્યમથી જાહેર કર્યું છે કે આગામી સમયમાં ૧૨૦૦ રોજગારી આપે તેવા નવા એકમોને લેબર લૉમાંથી મુક્તિ અપાશે. જોકે, આ છુટછાટમાં લઘુત્તમ વેતન અને શ્રમિકોની સલામતીને લગતા કાયદામાંથી મુક્તિ મળશે નહીં, તેવી ભારપૂર્વક સ્પષ્ટતા તેમણે કરી હતી.

નવા રોકાણો થકી જ્યારથી ઉત્પાદનનો આરંભ થાય ત્યારથી ૧૨૦૦ દિવસ ગણાશે. રોકાણકારે શ્રમિકોને પ્રવર્તમાન લઘુત્તમ વેતન આપવું પડશે અને જો કોઈ દુર્ઘટના થાય તો લેબર લૉ મુજબ વળતર આપવાનું રહેશે. મુખ્યમંત્રીએ એ પણ જાહેરાત કરી કે હાલ ચીનમાંથી જાપાન, તાઈવાન અને અમેરિકાની જુદી જુદી કંપનીઓ પોતાના રોકાણોને અન્યત્ર ખસેડવા વિચારે છે અને તે ભારતમાં રોકાણો કરે એમ છે ત્યારે આવી કંપનીઓનો સંપર્ક કરવા ગુજરાતના વિવિધ અધિકારીઓને જવાબદારી સોંપી છે એમને આમંત્રણ પણ મોકલવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત આપણે વિવિધ એમ્બસીને પણ સંપર્ક કરી ગુજરાતમાં ૩૩ હજાર હેકટર જમીન ઉપર તેઓ પોતાના એકમો પ્લગ એન્ડ પ્રોડકશન પધ્ધતિથી કરી શકે તેવી તૈયારી કરી છે તેની જાણકારી પણ મોકલવામાં આવી છે.

રાજ્યમાં ધોલેરા, સાણંદ, બેચરાજી સહિતના એસઆઈઆર તથા જીઆઈડીસીમાં આ રોકાણો આવે અને રાજ્યમાં નવી રોજગારીની તકો ઉભી થાય એવા પ્રયાસો શરૂ કર્યા છે.

કચ્છમાંથી સ્પેશિયલ ટ્રેનમાં વતન પરત જવા મજૂરોએ બબ્બે હજાર ચૂકવ્યાં !

ભૂજ

કચ્છમાં ફસાયેલાં ઉત્તરપ્રદેશના શ્રમિકો, છાત્રો, મુલાકાતીઓને લઈ પહેલી શ્રમિક સ્પેશિયલ ટ્રેને ભુજથી પ્રયાણ કર્યું હતું. સ્થાનિક નેતાઓ અને વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં ટ્રેનને રવાના કરાઈ હતી.

યુપી ગયેલા લોકોમાં વિવિધ ફેક્ટરીઓમાં કામ કરતાં શ્રમિકો ઉપરાંત કચ્છમાં અભ્યાસ કરતાં છાત્રો, કચ્છની મુલાકાતે આવેલાં લોકો, શેલ્ટર હોમમાં રહેલા લોકોનો પણ સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશ રવાના થયેલાં લોકો પાસેથી ટ્રેનની ટિકિટ પેટે ૬૬૫ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. ફેક્ટરીઓમાં કામ કરતાં શ્રમિકોના નાણાંના ઉઘરાણાં સંબંધિત ઠેકેદારોએ કર્યાં હતા. શ્રમિકોને ભુજ સુધી લાવવા રેલવેની જેમ એસટીના ભાડા પણ વસૂલાયાં હતા. જેથી અનેક ઠેકેદારોએ મજૂરો પાસેથી બબ્બે હજાર રૂપિયા વસૂલ્યાં હતા. આવી જ હાલત શેલ્ટર હોમમાં રહેલાં અનેક લોકોની હતી. ખાવાના સાંસા વચ્ચે આ લોકો ભાડા માટે નાણાં ક્યાંથી કાઢે તે એક યક્ષ પ્રશ્ન હતો. આવા અનેક લોકોના નાણાં માનવતાના નાતે ખુદ વહીવટી તંત્રના અધિકારીઓએ પોતાના ખિસ્સામાં કાઢ્યા હતા.

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ વિરમગામ દ્વારા Face Mask Shield નું વિતરણ કરાયું



વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ , વિરમગામ દ્વારા કોરોના મહામારીમાં નીષ્ઠા પુર્વક ફરજ બજાવતા કર્મચારીઓ, પોલીસ જવાનો, હોમ ગાર્ડ ના જવાનો , મેડિકલ ટીમ , સેવાસદન ના કર્મચારીઓ, નગરપાલિકા ના ફાયર સ્ટાફ તથા પત્રકારો ને Face Mask Shield નું ઝોન સંયોજક હરીશભાઈ મચ્છર ના માર્ગદર્શન હેઠળ સંયોજક જગદીશભાઈ રાવળ, કિરણ સોલંકી, રસીકભાઈ કોળી પટેલ, નીલેશ રાણા દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

ધોરાજીના ધારાસભ્યએ સુરતથી વતન આવવા લોકો માટે ફોન નંબર જાહેર કર્યા

૧૧૦૦ શ્રમિકો સાથે પાંચમી ટ્રેન રાજકોટથી ઉત્તપ્રદેશ જવા રવાના

રાજકોટ

રાજકોટથી વધુ એક શ્રમિકોની સ્પેશિયલ ટ્રેન રવાના કરવામાં આવી હતી. રાજકોટથી ઉત્તરપ્રદેશના બલીયા ગામે ૧૧૦૦ શ્રમિકો સાથે ટ્રેન રવાના કરવામાં આવી હતી. શ્રમિકોની આ પાંચમી ટ્રેન રવાના કરવામાં આવી હતી. પોલીસ અને ઈંહ્લના જવાનોએ ખડેપગે રહી કામગીરી બજાવી હતી. અત્યાર સુધી આ મજૂરોને કાનૂડા મિત્ર મંડળ ટિકિટના પૈસા આપતું હતું. પરંતુ આજે શ્રમિકોએ પોતે ટિકિટ કપાવી હોવાની વાત સામે આવી છે. એક વ્યક્તિએ ૭૩૫ રૂપિયા જેવી રકમ આપી પોતાના ખર્ચે ટિકિટ લઈ પોતાના વતન ગયા છે. ટિકિટના પેસા મુદ્દે તંત્ર પણ મૌન છે. કલેકટર તંત્રએ કાનુડા મિત્ર મંડળને ટિકિટના પૈસા ના આપવા પણ વિનંતી કરી હતી. જો કે કલેક્ટરે આમાં કોઈ પણ જાતની મજૂરોને આર્થિક મદદ કરી ન હતી અને ખુદ મજૂરો પોતાના પૈસે વતન ગયા હતા. રાજકોટથી આજે પાંચમી ટ્રેન ઉપડી હતી અને અત્યાર સુધીમાં પાંચેક હજાર મજૂરોને પોતાના વતન મોકલી આપ્યા છે.

ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય લલિત વસોયાએ સુરતથી વતન કામ માટે આવવા ઈચ્છતા લોકો માટે પોતાના અને પોતાની ટીમના મોબાઈલ નંબર સોશિયલ મીડિયા પર જાહેર કર્યા છે. અમે આપની મદદ માટે આપની વચ્ચે જ છીએ તેવું પોસ્ટર સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યું છે. ઉનાથી ૧૦ એસટી બસ સુરત મોકલવામાં આવી છે. ઉનાના કોંગ્રેસના ધારાસભ્ય પુંજા વંશ દ્વારા મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. સુરતમાં હીરાઘસુ લોકોને લેવા માટે આ બસો મોકલવામાં આવી છે.

જેતપુરના સાડી કારખાનામાંથી ૩૫ જેટલા બાળ મજૂરોને છોડાવાયા

જેતપુર

દેશમાં એક તરફ લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે જેતપુર માં બંધ કારખાના માંથી ૩૫ જેટલા બાળ મજૂરોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. ગુજરાત CID અને મહિલા સંરક્ષણ વિભાગને જેતપુરમાં આવેલ સાડીના કારખાનામાં મોટા પ્રમાણમાંમાં બાળ મજૂરોને રાખવામાં આવ્યા હોવાની માહિતી મળી હતી. CIDમાં ADGP અનિલ પ્રથમની સીધી દેખરેખ હેઠળ ગાંધીનગરથી એક ટીમ મોકલીને જેતપુરના સામાં કાંઠા વિસ્તારમાં આવેલ સાડીના કારખાનામાં સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

જે મુજબ અહીં આવેલ હેન્ડ ફિનિશીંગ અને ટેક્સટાઈલ યુનિટ નામના ૨ કારખાનામાંથી ૩૫ જેટલા બાળ મજૂરોને શોધી કાઢવામાં આવ્યા હતા, અને તેનું રેસ્ક્યુ કરીને છોડાવવામાં આવ્યા હતા. બાળ મજૂરો ને પૂરતું જમવાનું પણ ના મળતું હોવા ની ફરિયાદ સામે આવી હતી. આ તમામ બાળ મજૂરો બીજા રાજયના હોવાનું સામે આવ્યું હતું. આ તમામ બાળ મજૂરોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ કરીને બાળ સુરક્ષાગૃહમાં મોકલી દેવામાં આવશે. ત્યારબાદ તેના માતા પિતાને સોંપવાની કામગીરી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે બાળ મજૂરી રોકવાના કાયદા મુજબ પોલીસ કર્યાવહી શરૂ કરવામાં આવી છે.

ખોટા પાસ લઈને ફરશો તો ભારે પડશે, પાસ વિના અન્ય જિલ્લામાં લોકો ન જાય

રાજસ્થાન બોર્ડર સીલ કરાઈ, દૂધના કેનમાં મસાલાની હેરાફેરી થાય છે : ડીજીપી

ગાંધીનગર

રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, રાજસ્થાનની બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. રાજસ્થાનમાં જવા માટે જરૂરી જિલ્લા કલેક્ટર અને ગૃહવિભાગની મંજૂરી જરૂરી છે એટલે તેમની મંજૂરી વગર પ્રવેશ મળશે નહીં. એટલે રાજસ્થાન જવા માગતાં લોકો રાજસ્થાનના જિલ્લા કલેક્ટર અને જરૂરી તંત્ર પાસે પાસ લઈને જ રાજસ્થાન જવા રોડ મારફતે જઈ શકશો.

લોકડાઉન દરમિયાન પ્રતિબંધિત વસ્તુઓની હેરફેર ઉપર પણ પોલીસ નજર રાખી રહી છે. હાલમાં પોલીસ દ્વારા ગેરકાયદેસર પાન-મસાલાના વેચાણના ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. રાજકોટ ગ્રામ્યમાં દૂધના કેનમાં પાન-મસાલાની હેરાફેરીને પકડી પાડવામાં આવેલ છે. અમરેલીના લાઠીમાં આંતર જિલ્લા મુવમેન્ટ માટે નકલી પાસ બનાવવાની ઘટના સામે આવી છે. અમરેલીમાં ગેરકાયદે ઘૂસવા માટે બે વ્યક્તિઓ દ્વારા નકલી પાસ બનાવવામાં આવ્યો હતો. પોલીસ ઓફિશિયલ પાસ ચેક કરી રહી છે. જેથી પાસ વગર એક જિલ્લામાંથી અન્ય જિલ્લામાં જવા માટે પ્રયત્ન ન કરવો. કોરોનાના સંક્રમણથી મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ સ્વસ્થ થઈને ફરજ પર પરત ફરી રહ્યા છે. અત્યાર સુધી કુલ ૬૭ પોલીસકર્મીઓ કોરોનાને મ્હાત આપીને ફરજ પર પરત ફર્યા છે. ૬૦૧ પોલીસ કર્મીઓએ હોમ ક્વોરન્ટાઈનો સમયગાળો પૂર્ણ કરેલ છે. તો ડિટેઈન કરેલ વાહનો પૈકી અત્યાર સુધી ૨ લાખથી પણ વધારે વાહનો મુક્ત કરી દેવામાં આવ્યા છે. ગઈકાલે સીસીટીવીના આધારે ૧૮ ગુનાઓ દાખલ કરી ૧૯ લોકોની ધરપકડ કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ લૉકડાઉન મેના અંત સુધી વધારવાના સંકેત આપ્યા

ગાંધીનગર

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ પક્ષના નેતાઓને સંબોધિત કરતા સંકેત આપ્યા હતા કે લોકડાઉન મેના અંત સુધીમાં રાજ્યના રેડ-ઝોન વિસ્તારોમાં લંબાવી શકાય એમ છે.

ખાસ કરીને મુંબઈ અને પુણે જેવા મોટા શહેરી વિસ્તારોમાં જ્યાં મહારાષ્ટ્રના કુલ કેસોના ૯૦ ટકા કેસ નોંધાયા છે. નોંધનીય છે કે લોકડાઉન ૩.૦ની સમય મર્યાદા ૧૭ માર્ચે પૂર્ણ થઈ રહી છે. તમામ વિપક્ષી પાર્ટીઓના નેતાઓએ પાર્ટી લાઈનથી વિરુદ્ધ જઈને કેવી રીતે વધુ સારી રીતે પરિસ્થિતિનું સંચાલન કરી શકાય છે તે અંગે સરકારને સૂચન કર્યુ હતું. વિધાનસભાના વિપક્ષી નેતા અને ભાજપના નેતા પ્રવિણ ડારેકર અને વંચિત બહુજન અઘાડીના નેતા પ્રકાશ આંબેડકરએ કહ્યું કે મુખ્યમંત્રી લોકડાઉન વધારવા માગે છે.

ડારેકરે કહ્યું કે મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યની પરિસ્થિતિ નાજુક છે અને મેના અંત સુધીમાં આ કેસો વધી શકે છે. તેમણે ધ્યાન દોર્યુ હતુ કે લોકડાઉન લંબાવી શકાય એમ છે. આંબેડકરે કહ્યું કે મુખ્યમંત્રીએ અમને રાજ્ય દ્વારા લેવામાં આવતા પગલાઓ વિશે જણાવ્યું કે એવી ધારણા હતી કે મેના અંત સુધીમાં કોરોના કેસોમાં વધારો થઈ શકે. તેમણે ધ્યાન દોર્યુ હતું કે લોકડાઉન વધી શકે છે.

કોરોનામુક્ત થયેલ ગીર-સોમનાથ જિલ્લામાં એક કેસ પોઝિટિવ મળતા લોકોમાં ફફડાટ

કોડિનાર

ગુજરાતમાં ૩ કેસો રિકવર થયા પછી કોરોનામુક્ત થયેલા ગીર સોમનાથ જિલ્લામાં ફરીથી એક કેસ સામે આવતાં લોકોમાં ફફડાટ મચી ગયો છે. ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં ફરી કેસ સામે આવતાં શહેર સજ્જડ બંધ કરી દેવાયું છે. પોલીસનો ચુસ્ત બંધોબસ્ત ગોઠવી દેવાયો છે. અગાઉ ગીર સોમનાથ જિલ્લામાં ૩ કેસો નોંધાયા હતા. જોકે, તમામ ત્રણેય દર્દીઓ સાજા થતાં ગીર સોમનાથમાં એક પણ એક્ટિવ કેસો નહોતો.

કોડીનારમાં માર્કેટયાર્ડ, શાકભાજી માર્કેટ, કરિયાણા સહિત તમામ ધંધા રોજગાર બંધ કરી દેવાયા છે. કોડીનાર મામલતદાર અને પીઆઈના આદેશ બાદ બજારો બંધ કરાવી દેવાયા છે. ગુજરાતમાં હાલ કોરોના કહેર મચાવી રહ્યો છે. ગુજરાતમાં કોરોનાની સૌથી વધુ અસર અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ, ગાંધીનગર, પંચમહાલ, બનાસકાંઠામાં છે.

વડોદરામાં જુગાર રમતા ૨૦ જુગારીઓ ઝડપાયાઃ ૧ લાખનો મુદ્દામાલ જપ્ત

વડોદરા

વડોદરા શહેરના વારસીયા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે વારસીયા વિસ્તારમાંથી જુગાર રમતા ૨૦ જુગારીયાઓની ધરપડક કરી છે અને એક લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વારસીયા પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરની પોપ્યુલર બેકરી પાછળ આવેલા મગનભાઈના વાડામાં કેટલાક લોકો પત્તા-પાનાનો હાર-જીતનો જુગાર રમતા હોવાની બાતમી વારસીયા પોલીસને મળી હતી. પોલીસે બાતમીને આધારે રેડ પાડતા ૨૦ આરોપની ધરપકડ કરી હતી અને રોકડ રકમ અને મોબાઈલ મળીને કુલ ૧,૦૨,૬૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઠાકુરભાઈ ઓડ, રીતેશ કનોજીયા, ધર્મેશ ચાલકે, રાહુલ ઉર્ફે તુષાર કણસે, સુરેશ ચૌહાણ, પ્રવિણ ઓડ, સુરેશ માળી, ચંદ્રકાંત પ્રજાપતિ, મહેશ ગજમલ, ક્રિષ્ણાસિંગ યાદવ, રવિ ડિગે, સાગર ત્રિવેદી, દિલિપ ઓડ, વિશાલ ઓડ, દર્શનસિંગ સરદાર, સિતારામ દાંડેરાવ, કનુ રાજપુત, મહેશ દાંડેરાવ, બચ્ચનસિંગ સરદાર, તાનાજી પવાર.

કોરોના સંકટ વચ્ચે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલનો સ્ટાફ હડતાળ પર

અમદાવાદ

ગુજરાત સરકારે એકબાજુ એલાન કર્યું હતું કે રાજ્યમાં જ પીપીઈ કીટ અને માસ્ક તેમજ વેન્ટિલેટર બને છે. જેના કારણે ગુજરાતમાં તેમની અછત નહીં સર્જાઈ. પણ સરકારના આ દાવાની પોલ અમદાવાદની સિવિલ હોસ્પિટલનાં કેન્સર વિભાગના ડોક્ટરોએ ખોલી દીધી છે. કેન્સર વિભાગનો સ્ટાફ પીપીઈ કીટ અને માસ્કની માગ સાથે હડતાળ પર ઉતર્યા છે.

અમદાવાદમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. તેવામાં કોરોના વોરિયર્સ પણ આ ચેપથી બાકાત રહ્યા નથી. અમદાવાદમાં આવેલી સિવિલ હોસ્પિટલ કેમ્પસના કેન્સર વિભાગમાં કોરોનાએ તરખાટ મચાવ્યો છે. કેન્સર વિભાગના ૪૦થી પણ વધારે ડોક્ટરો અને પેરા મેડિકલ સ્ટાફ કોરોનાની ચપેટમાં આવી ગયો છે. જેબાદ સતત કેન્સર વિભાગના ડોક્ટરો અને તંત્ર વચ્ચે રકઝક જોવા મળી રહ્યો છે.

સરકારે કેન્સર વિભાગને પણ ડેજિગ્નેટેડ કોવિડ હોસ્પિટલ તરીકે કાર્યરત કરી છે. તેવામાં આજે કેન્સર વિભાગના સ્ટાફ હડતાળ પર ઉતર્યો હતો. પીપીઈ કીટ અને માસ્ક મુદ્દે સ્ટાફ હડતાળ પર ઉતર્યા હતા. સ્ટાફ હડતાળ પર ઉતરતાં જ સિવિલ તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી. કેન્સર વિભાગમાં હાલ કોરોના પોઝિટિવ દર્દીઓની સારવાર ચાલી રહી છે. તેવામાં સ્ટાફ હડતાળ પર ઉથરતાં જ સિવિલ પ્રશાસન દ્વારા મેડિકલ સ્ટાફ સાથે મંત્રણા શરૂ કરી દેવામાં આવી હતી. અને દર્દીઓને પહેલાં સારવાર મળે તે માટે સમજાવવામાં આવી રહ્યા છે.

દાહોદમાં મહિલાએ બે માથા, ત્રણ હાથ વાળા વિકૃત બાળકે જન્મ આપ્યો

દાહોદ

દાહોદમાં એક ખાનગી દવાખાનામાં એક પ્રસુતાએ બે માથા અને ત્રણ હાથ વાળા વિકૃત બાળકને જન્મ આપ્યો હતો. સોનોગ્રાફી કરાવ્યા બાદ આ મહિલાને તાત્કાલિક ઓપરેશન કરી દેવામાં આવ્યુ હતુ. પરંતુ બાળક મિનિટોમાં જ મૃત્યુ પામ્યુ હતુ. જો કે મહિલાની તબિયત સ્થિર હોવાનુ જાણાયુ છે.

દાહોદ પાસે આવેલા ડુંગરા ફળિયામાં રહેતી એક પરિણીતાને ૮ માસનો ગર્ભ હતો. જેથી આ સગર્ભાને દુખાવો ઉપડતા તેને હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તેના શરીરમાં લોહી બહુ જ ઓછુ હોવાથી તેને પરિવારજનો અન્ય એક ખાનગી દવાખાને લઈ ગયા હતા. પરંતુ આ દવાખાને પણ સફળતા મળી ન હતી.

જેથી છેલ્લે આ સગર્ભાને દાહોદ પાસે આવેલી પડવાલ વુમન્સ હોસ્પીટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં સોનોગ્રાફી કરતા બાળકના શરીરની સંરચના સામાન્ય કરતા વિકૃત જણાઈ હતી તેમજ ગર્ભાશયને પણ નુક્સાન થયુ હોવાનુ માલુમ પડતા ડોક્ટરે તાત્કાલિક ઓપરેશન કરવાની સલાહ આપી હતી. પરિવારજનોએ તબીબની વાત સ્વીકારતા સગર્ભાનુ સત્વરે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બાળકનો જન્મ કરાવતા જ ડોક્ટર તેમજ સ્ટાફ ચોંકી ઉઠયા હતા. કારણ કે આ બાળકને બે માથા અને ત્રણ હાથ હતા. જન્મ વેળાએ પણ આ બાળક જીવીત હતુ. તેમજ પ્રસૂતાની તબિયત પણ સ્થિર હતી. જો કે બાળક ૧૫ મિનીટ બાદ મૃત્યુ પામ્યુ હતુ. આદિવાસી સમાજમાં આવા વિકૃત બાળકને જમરુ કહેવાય છે.

અમદાવાદ સંપૂર્ણ શટડાઉનઃ શહેરની તમામ બોર્ડર સીલ કરાઈ

ગાંધીનગર

રાજ્યમાં કોરોનાનો વ્યપા વધી રહ્યો છે. દિવસેને દિવસે કેસોમાં અસંખ્ય વધારો થઈ રહ્યો છે. ત્યારે રાજ્યનાં ૫૦ ટકા કોરોનાના કેસો ફક્ત અમદાવાદમાંથી બહાર આવ્યા છે. જ્યારે કેસો સામે આવવાથી શહેરની પરિસ્થિતિ વધુને વધુ ગંભીર બનતી જાય છે. તે માટે શહેરની સુરક્ષાને અંતર્ગત તમામ પ્રકારનાં તકેદારી પગલાઓ લેવામાં આવી રહ્યા છે. શહેરની સુરક્ષાને લઈને વહીવટી તંત્ર દ્વારા મહત્વનાં નિર્ણય લેવામાં આવ્યો છે. જેના ભાગરૂપે લોકોને અમદાવાદની અંદર બહાર ન જવા દેવાનો તંત્ર દ્વારા નિર્ણય લેવામા આવ્યો છે. અમદાવાદમાં તમામ બોર્ડર સીલ કરી દેવામાં આવી છે મહારાષ્ટ્ર અને રાજસ્થાનથી આવતા વાહનોને પણ થોભી દેવામાં આવ્યા છે. તો ગાંધીનગર અને ઉતરગુજરાત જતા વાહનો પણ રોકી દેવામા આવ્યાં છે.

વિરમગામના શિયાળ ખાતે થેલેસેમિયાના દર્દીઓ માટે રક્તદાન કેમ્પ યોજાયો



વિરમગામ તાલુકા ભાજપ પ્રમુખ કિરીટસિંહ ગોહિલ દ્વારા આયોજિત કેમ્પમાં ૩૩ લોકોએ રક્તદાન કર્યું

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

કોરોનાની વૈશ્વિક મહામારી અને લોકડાઉનના કારણે થેલેસેમિયાના દર્દીઓને જરૂરી લોહી મળી રહે તેવા ઉમદા હેતુથી શિયાળ મુકામે વિરમગામ તાલુકા ભાજપ પ્રમુખ કિરીટસિંહ ગોહિલ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉત્સાહથી યુવાનોએ રકતદાન કર્યું હતુ. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મંત્રી અને નહેરુ યુવા કેન્દ્ર ના ઉપાધ્યક્ષ પ્રદીપસિંહ વાઘેલા, નવદીપભાઈ ડોડીયા, કરમેશભાઈ, દીપકભાઈ, પ્રવીણસિંહ, વિક્નુભાઈ જાદવ કનુભાઈ, મનોજભાઈ, વિક્રમભાઈ, નગીનભાઈ, હાર્દિકભાઈ અને ગામના સરપંચ સહિતના આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા. આ રક્તદાન કેમ્પમાં ૩૩ બ્લડની બોટલ ડોનેટ કરવામાં આવી હતી.

સિંગતેલના ભાવે ડબ્બે એક જ અઠવાડિયામાં ૬૦ રૂપિયાનો વધારો

રાજકોટ

સિંગતેલના ભાવમાં ફરી એક વખત વધારો જોવા મળ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં સિંગતેલના ભાવે ડબ્બે ૬૦ રૂપિયાનો વધારો જોવા મળી રહ્યો છે. ડબ્બે ૬૦ રૂપિયા વધારો થતાં આજે સીગતેલનો ભાવ ૨૩૦૦ને પાર જોવા મળી રહ્યો છે. રાજકોટમાં સિંગતેલના એક વેપારીએ જણાવ્યું હતું કે, મોટા ભાગના યાર્ડ બંધ સ્થિતિમાં હોવાથી મગફળીની અછત જોવા મળી રહી છે અને નાફેડ પાસેથી મળતી મગફળી ઊંચા ભાવની હોવાથી સિંગતેલના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જયારે કપાસિયા તેલના ડબ્બાના ભાવ પણ ૧૬૦૦ને પાર થઇ ગયા છે. કપાસનો પાક ખેડૂતોના ઘરમાં હોવાથી માર્કેટમાં આવ્યો નથી. આથી કપાસની અછતને કરાણે ભાવમાં વધારો થતો જાય છે.

વેપારીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં બજારમાં જૂની અને નવી બે પ્રકારની મગફળીનું તેલ આવી રહ્યું છે. જેમાં ૨૨૫૦થી ૨૩૬૦ રૂપિયા સુધી સીંગતેલ બજારમાં ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં બજારો બંધ કર્યા બાદ રાજકોટમાં પેનિક જોવા મળી રહ્યો છે અને લોકો સ્ટોક કરી તેલની વધુ ખરીદી કરી રહ્યા છે. જેના કારણે સિંગતેલની માંગ વધતા ભાવમાં વધારો થયો છે. જો નાફેડ દ્વારા નીચા ભાવે મગફળી આપવામાં આવે તો સિંગતેલના ભાવમાં ઘટાડો થઈ શકે તેમ છે.

ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો પગપેસારો,કલોલમાં વધુ ત્રણ કેસ પોઝિટિવ

ગાંધીનગરમાં કોરોનાના વધુ ૯ કેસ, કુડાસણમાં એક જ પરિવારમાં ત્રણ લોકો પોઝિટિવ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસના હાહાકાર વચ્ચે આજે ગાંધીનગરમાંથી એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં આજે કોરોના વાયરસનો બોમ્બ ફાટ્યો છે. ગાંધીનગરમાં આજે નવા ૯ કેસ સામે આવ્યા છે, ત્યારે કુડાસણમાં એક જ પરિવારના ત્રણ સભ્યોને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. આ સાથે જ રાજયમાં કુલ ૭૦૨૬ પોઝિટિવ દર્દી નોંધાયા છે.

ગાંધીનગરમાં આજે નોંધાયેલા કોરોના પોઝિટીવ કેસની વાત કરીએ તો, આજે ત્યાં નવા ૯ કેસ નોંધાયા છે. જેમાં કુડાસણમાં એક જ પરિવારના ત્રણ સભ્યો, રાંદેસણમાં એક યુવતી, નાના ચીલોડા, સેક્ટર ૨૪માં એક-એક કેસ અને કલોલમાં ત્રણ કેસ નોંધાયા છે. આ સાથેજ રાજયમાં કુલ કોરોના પોઝિટિવ દર્દીનો આંકડો ૭૦૨૬એ પહોંચ્યો છે અને કુલ મૃત્યુઆંક ૪૨૫ છે. આ સાથે જ કુલ ૧૭૦૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

ખેડામાં કોરોનાના વધુ ૪ કેસ પોઝિટિવ આવતા ફફડાટ વ્યાપેલો છે. ખેડા જિલ્લાના મહેમદાવાદમાં વધુ ૨, મહુધામાં વધુ ૧ કેસ નોંધાયો છે. નડિયાદમાં હોસ્પિટલના મહિલાકર્મીને કોરોના પોઝિટીવ આવ્યો છે. આ સાથે જ ખેડામાં કોરોનાના કુલ ૨૪ કેસ નોંધાયા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ખેડા જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. મહેમદાવાદ તાલુકાના સુઢા વણસોલ ગામના ૪૦ વર્ષીય પુરુષ અને ૨૮ વર્ષીય યુવતીનો કોરોના પોઝીટીવ આવ્યો છે. મહુધાના ૪૭ વર્ષના વ્યક્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બીજી તરફ નડિયાદમાં આવેલ એન.ડી.દેસાઈ હોસ્પિટલની મહિલા કર્મચારીનો કોરોના રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તમામ દર્દીઓની સારવાર નડિયાદની એન.ડી.દેસાઈમાં આપવા આવી રહી છે.

કોરોના સંકટ વચ્ચે બનાસકાંઠામાં તીડની એન્ટ્રી

બનાસકાંઠા

ગુજરાતમાં ફરી એકવાર તીડનો આતંક જોવા મળી રહ્યો છે. બનાસકાંઠા સહિતનાં વિસ્તારોમાં ભારે તબાહી મચાવ્યા બાદ એકવાર ફરીથી તીડનો ઝૂંડ બનાસકાંઠામાં ઘૂસી ચૂક્યા છે. બનાસકાંઠાના સરહદી તાલુકામાં તીડનું આક્રમણ જોવા મળ્યું છે. જો કે સીએમઓ સવિચ અશ્વિની કુમારે જણાવ્યું હતું કે, તીડનો સામનો કરવા માટે ગુજરાત સરકારે તૈયારીઓ કરી લીધી છે.

રાજસ્થાનના જેસલમેર, બાડમેર અને પંજાબ બોર્ડર સુધી તીડના ટોળેટોળાં છે. તેવામાં તીડનાં આ ઝૂંડે હવે ગુજરાતમાં પણ પ્રવેશ કરી લીધો છે. અગાઉ સીએમઓ સવિચ અશ્વિની કુમારે ગુજરાતમાં તીડ નહીં પ્રવેશે તેવી સંભાવના વ્યક્ત કરી હતી. પણ આજે બનાસકાંઠાના સરહદી તાલુકામાં તીડના ઝૂંડેઝૂંડ દેખાતા ખેડૂતોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. બનાસકાંઠાના વાવ વિસ્તારના મીઠાવી ચારણ ગામ અને રણ વિસ્તારમાં તીડ ત્રાટક્યા હતા. તીડને કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ફરી એકવાર તીડને કારણે પાકને નુકસાન થશે.

કેન્દ્રીય તીડ મંડળે સરહદના જિલ્લાના તમામ કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ કરીને સાવચેતીના પગલા ભરવાની તાકીદ કરી હતી. આવા સંજોગોમાં ગુજરાત સરકારે પણ ગુજરાતમાં રાજસ્થાન નજીકના જિલ્લામાં તેમજ પાકિસ્તાન સરહદ નજીકના વિસ્તારમાં તીડ આવે તો તેનો સામનો કરવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી હોવાનું મુખ્યમંત્રીના સચીવ અશ્વિની કુમારે જણાવ્યું હતું.

ભાવનગરમાં ચાર દર્દીઓએ કોરોનાને પરાસ્ત કર્યો

જામનગરમાં ૭ મહિલા કોરોના પોઝિટિવઃ બોટાદમાં વધુ બે કેસ પોઝિટિવ

જામનગર/રાજકોટ

જામનગરમાં ૭ મહિલાના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાં ત્રણની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની છે જ્યારે ૩ કેસ ૪૦થી ૫૫ અને એક ૭૨ વર્ષના વૃદ્ધા છે. જેમાંથી ત્રણ મહિલા દર્દી જામજોધપુરની છે.

બોટાદમાં વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં હોટસ્પોટ વિસ્તાર વોરાવાડમાં ૮૦ વર્ષના વૃદ્ધ અને ૪ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બોટાદ જિલ્લામાં અત્યાર સધીમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪૯ થઈ છે. જેમાં ૧૧ લોકો સાજા થયા, ૨ના મોત અને ૩૬ દર્દી હાલ સાળંગપુર કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ભાવનગરમાં વધુ એક કેસ નોંધાતા પોઝિટવ કેસની સંખ્યા ૮૪ થઈ છે. શહેરના આંબાચોક વિસ્તારમાં રહેતા રોશનબેન મહમદઅલી લાખાણી (ઉ.વ.૬૨)ને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. ભાવનગરમાં આજે વધુ ચાર દર્દીએ કોરોનાને પરાસ્ત કર્યો છે. જેમાં રોલીંગ મિલના માલિક કુમાર વોરોએ કોરોના પર જીત મેળવી છે. ચારેય દર્દીને રજા આપવામાં આવી છે.

ભાવનગરમાં વધુ ચાર કોરોનાગ્રસ્ત દર્દીઓના બંને રિપોર્ટ નેગેટિવ આવતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. ટોટલ ૨૯ દર્દીઓ રોગ મુક્ત થયા છે. ભાવનગરના કાજીવાડ ગઢ્ઢરનો ચોક નજીક રહેતા અરબાઝ ઈદરીશભાઈ કુરેશી (ઉ.વ. ૨૨)ને તા. ૧૮ એપ્રિલના રોજ પોઝિટિવ રીપોર્ટ આવ્યો હતો. ગીતાચોક પ્રભા વિલામાં રહેતા કુમારભાઈ રસિકભાઈ વોરા (ઉ.વ ૪૨)ને તા. ૨૪ એપ્રિલે પોઝિટિવ રીપોર્ટ આવ્યો હતો. સંઘેડીયા બજાર મોચી શેરીમાં રહેતા રૂક્ષાનાબેન મુન્નારભાઈ શેખ (ઉ.વ ૪૫)ને તા.૨૪ એપ્રિલે પોઝિટિવ રીપોર્ટ આવ્યો હતો અને સિહોરના જલુના ચોકમાં રહેતા યાસીનભાઈ હનીફભાઈ દસાડિયા (ઉ.વ ૨૨)ને તા.૨૬ એપ્રિલના રોજ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. આ ચારેય કોરોનાગ્રસ્ત દર્દીઓ આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. સઘન સારવાર બાદ ચારેયના બંને રિપોર્ટ નેગેટિવ આવતા આજે રજા આપવામાં આવી છે. ભાવનગરમાં ૮૪ કેસ નોંધાયા છે. જેમાંથી ૬ના મોત, ૨૯ દર્દીઓ રોગમુક્ત થતા રજા આપવામાં આવી છે અને ૪૯ દર્દીઓ આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે.

૨૫૦૦ શાકભાજીવાળાઓએ ૩ દિવસમાં સ્ક્રિનિંગ કરાવવાનુ ફરજિયાત

સાવલીમાં કોરોનાનો પ્રથમ પોઝિટિવ કેસઃ વડોદરામાં આંકડો ૪૭૦ને પાર

વડોદરા

વડોદરા જિલ્લાના સાવલીમાં કોરોના વાઈરસનો પ્રથમ કેસ નોંધાયો છે. સાવલીના માતા ભાગોળ વિસ્તારમાં ૩૭ વર્ષના યુવાન રાજેશ મંગળભાઇ પરમારનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ યુવાન સાવલી શાક માર્કેટ વિસ્તારમાંથી સંક્રમિત થયો હોવાનો થયો ખુલાસો થયો છે. ગુરૂવારે સાવલી જન્મોત્રી હોસ્પિટલ ખાતે યુવાનનું સેમ્પલ લેવામાં આવ્યું હતું અને આજે તેનો રિપોર્ટ પોઝિટવ આવ્યો છે. જેને પગલે સાવલી તંત્રમાં દોડધામ મચી ગઇ છે.

વડોદરા શહેર અને જિલ્લામાં કોરોના વાઈરસના કુલ પોઝિટિવ દર્દીઓનો આંક ૪૭૭ દર્દીઓ પર પહોંચી ગયો છે અને મૃત્યુઆંકનો ૩૨ ઉપર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં કોરોનાની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યની સંભવિત સ્થિતિને ધ્યાનમાં રાખી લોકોને શાકભાજી સહિતની જીવનજરૂરી ચીજવસ્તુ મળી રહે તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના સુરક્ષિત પગલા પણ લેવાય તે માટે વહીવટીતંત્રે ચાર મહત્વના નિર્ણય કર્યા છે.

શાકભાજીના ફેરિયાઓને સુપર સ્પ્રેડર ગણવામાં આવે છે ત્યારે ૨૫૦૦ જેટલા શાકભાજીવાળાઓ એ આગામી ત્રણ દિવસમા તેમના નજીકના અર્બન હેલ્થ સેન્ટરમાં બપોરના સમયે જઈને પ્રો એકટીવ સ્ક્રિનિંગ કરાવવાનું રહેશે અને જરૂર પડે તો સેમ્પલ પણ આપવાનું રહેશે. આ સ્ક્રીનિંગ દરમ્યાન ડાયાબિટિશ, હાઈપરટેન્શન, કિડનીની બીમારી, શ્વાસની બીમારી મળી આવશે તો તેમને હાઈરિસ્ક ગણીને તેમની તેમજ ૬૫ વર્ષથી વધુ વયના લોકોની શાકભાજી વેચાણની પરવાનગી રદ કરીને હોમ ક્વોરન્ટીન કરવામાં આવશે. બીજુ, શાકભાજીવાળાના હેલ્થ કાર્ડ આ સેન્ટર ખાતે રાખવામાં આવશે અને જે શાકભાજીવાળા ત્રણ ત્રણ દિવસના સમયાંતરે હેલ્થ સેન્ટરમાં આવીને નિયમિત સ્ક્રિનિંગ નહીં કરાવે તેમની પરવાનગી પણ આપોઆપ રદ કરી દેવામાં આવશે.

વસ્ત્રાલમાં પરપ્રાંતિયોના ટોળેટોળાં ઉમટ્યાઃ સોશિયલ ડિસ્ટન્સિંગની ઐસી-તૈસી

અમદાવાદ

બીજા રાજ્યોમાં આવેલા પોતાના વતન જવા માગતા લોકોને સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે રીતે ટ્રેનો અને બસોમાં રવાના કરાઈ રહ્યા છે. જોકે, અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આજે કંઈક અલગ જ દ્રશ્યો જોવા મળ્યા હતા. વતન જવા ભેગા થયેલા લોકો એવા ટોળે વળ્યા હતા કે સોશિયલ ડિસ્ટન્સિંગનો જોખમી રીતે અભાવ દેખાયો હતો.

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિયો રહે છે. અહીં કોરોનાના કેસ પણ નોંધાઈ ચૂક્યા છે. જોકે, આજે સવારથી જ અહીં હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર પોતાના સામાન સાથે વતન જવા ઉમટી પડ્યા હતા. લોકોની ભીડ એટલી બધી હતી કે સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા હતા. એક અંદાજ અનુસાર, ગુજરાતમાં ૨૦ લાખથી વધુ પરપ્રાંતિયો પોતાના ગૃહ રાજયમાં જવા માગે છે, જેમાંથી હજુ માંડ ૨૦ ટકાની વ્યવસ્થા થઈ શકી છે.

એક તરફ અમદાવાદમાં લોકો ઘરોની બહાર ના નીકળે તે માટે દૂધ અને દવા સિવાયની તમામ દુકાનો બંધ કરાવી દેવાઈ છે, પોલીસ અને અર્ધલશ્કરી દળોને શહેરમાં તૈનાત કરવામાં આવ્યા છે. કામ વિના ઘરની બહાર નીકળતા લોકો સામે સખ્ત કાર્યવાહી કરાઈ રહી છે. જ્યારે બીજી તરફ, વસ્ત્રાલમાં આજે સોશિયલ ડિસ્ટન્સિંગનો ભયજનક રીતે અભાવ જોવા મળ્યો હતો.

ફસાઈ ગયેલા ગુજરાતીઓને રવિવારે સ્વદેશ પરત લવાશેઃ સરકાર

ગાંધીનગર

વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં ફરી વળેલી કોરોના વાઈરસના ચેપની મહામારીને પરિણામે ફસાઈ ગયેલા અને પરત ન આવી શકતા ગુજરાતના ૧૦૦૦ વિદ્યાર્થીઓને દસમીમેએ ગુજરાત પરત લાવવામાં આવશે, એવી જાહેરાત મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે કરી છે. આ વિદ્યાર્થીઓ અમદાવાદ એરપોર્ટ પર પહોંચે તે પછી તમામનું સઘન સ્કેનિંગ કરવામાં આવશે.

આ સ્કેનિંગ બાદ યોગ્ય જણાશે તો તેમને તેમના ઘરે જવા દેવામાં આવશે. અન્યથા તેમને આઈસોલેશન સેન્ટરમાં ક્વોરન્ટાઈન કરાશે. વિદેશમાં ફસાયેલા વિદ્યાથીઓ અમદાવાદ એરપોર્ટ પર આવે તે વખતે તેમની તબીબી ચકાસણી કરવા માટેની સુવિધા બરાબર કરવામાં આવી છે કે નહિ તેની ચકાસણી કરવા માટે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે એરપોર્ટ ખાતે ગયા હતા અને એરપોર્ટ પર કરવામાં આવેલી તૈયારીની ચકાસણી કરી હતી.

એક હજાર વિદ્યાર્થીઓ ૧૦મી મેએ સવારે આવી પહોચશે. કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે અમલી બનાવાયેલા નર્બંગુહ માં વિદેશમાં ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ ફસાયા છે. આ વિદ્યાર્થીઓને વિદેશથી પરત લાવવા રાજ્ય સરકારે અનેક પ્રયાસો કર્યા હતા. વિદેશ મંત્રાલય સાથે પરામર્શમાં રહીને કરેલા પ્રયાસો ના ફળદાયી પરિણામ સ્વરૂપે ૧૦મી મેના રોજ સવારે એક હજારથી વધુ વિદ્યાર્થીઓ પરત ફરી રહ્યા છે.

સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરી સામૂહિક ઈબાદત કરતા ૨૦ લોકો ઝડપાયા

ભાવનગર

ભાવનગરના પાલીતાણા ખાતે સાદડી ભવનના ખાંચામાં આવેલી ખોજાની વાડીમાં કલમ ૧૪૪ નો ભંગ કરી સામુહિક અને સોશિયલ ડિસ્ટન્સની જાળવણી વગર ઈબાદત કરતા ખોજા સમાજના ૨૦ લોકોને પોલીસે ઝડપી પાડ્યા હતા. આ તમામ લોકોએ રોઝા ખોલ્યા બાદ સામુહિક ઈબાદત બાદ સમૂહમાં ભોજન પણ લીધું હતું. આ તમામ એક પરિવારના પણ આજુબાજુમાં જ અલગ અલગ જગ્યાઓ પર રહેતા હતા. ઝડપાયેલા લોકો પૈકી હેન્ડીક્રાફટ, શાકભાજીના વેપારી અને કૌટુંબિક ભાઈઓ થાય છે. ૧૯ વર્ષના યુવાનથી લઈને ૬૭ વર્ષના વૃદ્ધ સુધીના ૨૦ લોકો ઝડપાયા છે.

ઝડપાયેલા લોકોમાં સજાદાઅલી મહેબુબઅલી દાઉદાણી, કોમરઅલી નુરઅલી દાઉદાણી, અબ્બાસઅલી યુસુફઅલી દાઉદાણી, હસનેન અનવરઅલી દાઉદાણી, જુલ્ફીકાર શોકતઅલી દાઉદાણી, અબ્બાસઅલી રજાકઅલી દાઉદાણી, ઈરફાન ગુલામઅલી દાઉદાણી, મહેબુબઅલી મહમદઅલી દાઉદાણી, શોકતઅલી મહમદઅલી દાઉદાણી, અબજલઅલી હબીબઅલી દાઉદાણી, મુર્તુજાઅલી રમજાનઅલી દાઉદાણી, સાદીકઅલી હબીબઅલી દાઉદાણી, હૈદઅલી શાબાનઅલી દાઉદાણી, સાદીકઅલી યુસુફઅલી ગોવાણી, સાદીકઅલી હુસેનઅલી દાઉદાણી, મુસ્તાકઅલી રમજાનઅલી દાઉદાણી, અનવરઅલી બરકતઅલી દાઉદાણી, ગુલામઅલી શાબાનઅલી દાઉદાણી, હુસેનઅલી મહમહઅલી દાઉદાણી અને રમજાનઅલી બરકતઅલી દાઉદાણીનો સમાવેશ થાય છે.

ધારાસભ્ય મેવાણીના પીએ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના પીએ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી છે.ધારાસભ્યના પીએ પર આક્ષેપ છે કે તેણે ખોટા આદિવાસી દસ્તાવેજો બનાવ્યા હતા.જેમા ખોટી અટક બતાવીને તેણે ચૂંટણી કાર્ડ સહિતના દસ્તાવેજો બનાવ્યા હતા. ઉલ્લેખનિય છે કે પીએ અમરનાથે અગાઉ છાપી પોલીસ પર હુમલો કર્યો હતો.

કોરોના સંકટ વચ્ચે આરકેસી સ્કૂલે વાલીઓ પાસે ફી માંગતા વિવાદ

રાજકોટ

એક તરફ લોકડાઉન છે બીજી તરફ લોકોના ધંધા રોજગાર પણ બંધ છે. આવા સમયે કેટલાક શાળા સંચાલકો ભાન ભૂલી અને વાલીઓ પાસે ફી ની માંગ કરી રહ્યા છે. રાજકોટની મોદી સ્કૂલ બાદ RKC સ્કૂલ દ્વારા પણ વાલીઓ પાસે ફીની માંગ કરતી હોવાની ફરિયાદ જિલ્લા શિક્ષણ અધિકારીને મળતા નોટિસ પાઠવી પરિસ્થિતિ રાબેતા મુજબ ન થાય ત્યાં સુધી કોઈ પાસે ફી ન માંગવા સૂચના આપવામાં આવી છે.

રાજકોટ ખાનગી શાળા સંચાલક ના પ્રમુખ અજય પટેલ એ જણાવ્યું હતું કે રાજકોટની બે ખાનગી શાળા ફી માટે વાલીને ફોર્સ કરતા હોવાની ફરિયાદ મળતા સંચાલક મંડળ એ નોટિસ પાઠવી છે. સાથ સાથ જ્યાં સુધી પરિસ્થિતિ નોર્મલ ન થાય ત્યાં સુધી ફી ન લેવા નિર્ણય કર્યો છે. ઉપરાંત હાલમાં વેકેશનનો સમય હોવાથી JEE અને NEET સિવાય કોઈ પણ શાળાએ ઓનલાઈન કલાસીસ પણ ન ચલાવવા સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે રાજકોટની મોદી સ્કૂલ હર હમેશ સરકાર ના નિયમોને ઘોડી પી જતી હોય છે અને વિવાદોના ઘેરામાં રહેતી હોય છે. આમ છતાં સરકાર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં શા માટે નથી આવતી તે પણ એક સવાલ છે.

લોકડાઉનમાં હેલ્પલાઈન નંબર પર ૧૦૭૭ લોકોએ રજૂઆત કરી

જિલ્લા કન્ટ્રોલ રૂમમાં ૩૦ કર્મચારી ૨૪ કલાક ફરજ બજાવે છે

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે લોકોને મદદરૂપ થવા માટે રાજયના તમામ જિલ્લાઓમાં કંટ્રોલરૂમો શરૂ કરવામાં આવ્યા છે. આવા સમયે સુરત શહેર-જિલ્લામાં વસતા લોકોને યોગ્ય સલાહ-સૂચન અને મદદ મળી રહે તે માટે સૂરત શહેરના અઠવાલાઈન્સ ખાતે આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રમાં ૨૮ માર્ચથી જિલ્લા કંટ્રોલરૂમ રાતદિવસ ધમધમી રહ્યો છે. જિલ્લા કલેકટર શ્રી ડો. ધવલ પટેલની સીધી દેખરેખ હેઠળ રાઉન્ડ ધ ક્લોક ચાલતાં કંટ્રોલ રૂમના હેલ્પલાઈન નંબર ૧૦૭૭ પર લોકોની રજૂઆતો, સમસ્યાઓનું યથાયોગ્ય નિરાકરણ કરાઈ રહ્યું છે.

જિલ્લા વહીવટીતંત્રના તમામ વિભાગોની સાથે સુરત જિલ્લામાં ૨૪૮૭ કાર્યરત ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાં નાયબ કલેકટર, મામલતદાર સહિતના અધિકારીઓ તેમજ ૩૦ કર્મયોગીઓ કાર્ય કરી રહ્યા છે. લોકડાઉનના પરિણામે અનેક સમસ્યાઓ અંગેના કોલ લોકો દ્વારા કરવામાં આવ્યા છે. જેનું કર્મચારીઓ દ્વારા યોગ્ય સલાહ સુચન અને માર્ગદર્શન આપીને સમસ્યાઓનું સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે. પ્રથમ પાળીમાં સવારના ૮.૦૦ થી ૩.૦૦, બીજી પાળીમાં ૩.૦૦ થી ૧૧.૦૦ તથા ત્રીજી પાળીમાં રાત્રિના ૧૧.૦૦ થી સવારના ૮.૦૦ એમ ૨૪૮૭ કંટ્રોલરૂમ કાર્યરત છે.

વધુ વિગતો આપતા મામલતદાર ડો.દિપલ ભારાઈએ જણાવ્યું કે, લોકડાઉન બાદ શરૂ કરવામાં આવેલા કંટ્રોલ રૂમમાં ૩૦ અધિકારી-કર્મચારીઓ ત્રણ પાળીમાં ૨૪ કલાક ફરજ બજાવી રહ્યા છે. કંન્ટ્રોલ રૂમની ૧૦૭૭ નંબરની હેલ્પલાઈન પર આવતા કોલ માટે પાંચ હન્ટીક લાઈનો આપવામાં આવી છે. રોજના ૫૦૦ થી ૭૦૦ જેટલા કોલ કંટ્રોલરૂમમાં આવી રહ્યા છે. જેમાં ૪૨ દિવસ દરમિયાન ૧૫,૦૨૪ જેટલા ફોન રિસીવ કરીને જરૂરી માર્ગદર્શન આપીને લોકોની સમસ્યાઓ દુર કરવામાં મદદરૂપ થયા છીએ. જેમાં ખાસ કરીને ભોજન સંબધિત ૯૨૪૯, વ્હીકલ સંબધિત પાસ માટે ૨૧૧૦, દવાઓ મેળવવા માટે ૧૮, મેડિકલ જરૂર માટે ૪૧, પોલીસ સંબધિત ૨૭ તથા અન્ય ૧૪૫૮ જેટલી ફરિયાદોમાં માર્ગદર્શન તથા સંબધિત વિભાગોમાં ફરિયાદ ટ્રાન્સફર કરવામાં આવી છે. જેમ કે, ભોજન સંબંધિત ફરિયાદ હોય તો જે તે વ્યકિતના નજીકના ભોજન કેન્દ્રના સ્થળની વિગતો તેમને આપવામાં આવે છે. તથા વતન જવા માટેના બસ, ટ્રેન અંગેની પૂછપરછના અંગેના કોલ રિસીવ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, પી.એમ.ઓ., સી.એમ.ઓ. તેમજ અલગ અલગ રાજયોમાંથી માંથી આવેલા ઈમેલ દ્વારા અંદાજે ૨.૫૦ લાખ લોકોની સમસ્યાઓનું હકારાત્મક દિશામાં નિરાકરણ લાવવામાં આવ્યું છે. જેમ કે, અન્ય રાજયમાંથી સુરતમાં રહેતા લોકોને વતનમાં મોકલવા, ભોજન કે અન્ય સમસ્યાઓની ઈમેલ દ્વારા ફરિયાદ આવે તો જે તે સંબંધિત વિભાગને જાણ કરીને નિરાકરણ લાવવામાં આવે છે. હાલમાં મહત્તમ વ્યવસાયો બંધ હોવાથી વતન જવાની ફરિયાદો પરપ્રાંતિય શ્રમિકો દ્વારા કરવામાં આવી રહી છે, જેમાં તેમને રાજ્ય અને કેન્દ્ર સરકારના દિશાનિર્દેશ મુજબ આપવામાં આવતી ટ્રાવેલ પરમિશનની પ્રક્રિયાથી તેમને માહિતગાર કરવામાં આવતાં હોવાનું દિપલબેને જણાવ્યું હતું. ઘણી વાર પોલિસ દ્વારા ડિટેઈન થતાં વાહન, દૂધ અને શાકભાજી, મેડિકલ ઈમરજન્સી પાસ, સામાજિક સંસ્થાઓ દ્વારા મદદની ભાવના વ્યક્ત કરતાં કોલ પણ મોટી સંખ્યામાં પ્રાપ્ત થાય છે, જેને યોગ્ય રીતે માર્ગદર્શન આપી સહાયરૂપ બની રહ્યા છીએ.કોલ કરનાર વ્યક્તિના નામ સરનામાં અને સંપર્ક નંબર જેવી પ્રાથમિક વિગતો રજીસ્ટરમાં નોંધવામાં આવે છે, જેથી જરૂર પડ્યે તે વ્યક્તિનો સંપર્ક સાધી શકાય છે.

વલસાડ જિલ્લામાંથી ચોથા દર્દીએ કોરોનાને માત આપી

વલસાડ

વલસાડ જિલ્લાના ચોથા દર્દીએ કોરોનાને માત આપી હોસ્પિટલમાંથી રજા લઇ બહાર નીકળતા હોસ્પિટલની તમામ ટીમ દ્વારા ફુલોની વર્ષા કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. વલસાડ જિલ્લાના કેળવણી, પટેલ ફળિયા, તા.ધરમપુરના આશાવર્કર બહેનનું બીજું સેમ્પલ નેગેટીવ આવતાં આજે કોવિડ હોસ્પિટલ, સિવિલ, વલસાડ ખાતેથી રજા આપવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં આજદિન સુધી નોંધાયેલા કુલ-૬ કોરોના પોઝિટિવ પૈકી ચાર વ્યક્તિઓને રજા આપવામાં આવી છે, જ્યારે એકનું મોત થવા પામ્યું છે. આમ હવે એક માત્ર દર્દી સારવાર હેઠળ છે. આશાવર્કરે આરોગ્યકર્મીઓ અને ભગવાનનો આભાર માનતા જણાવ્યું હતું કે, કોરોનાથી બચવું હોય તો ઘરે જ રહેવું જોઈએ અને આવશ્યક કામ સિવાય ઘરની બહાર નીકળવું ન જોઈએ.

ટ્રેન સુધીની બસ સેવા શ્રમિકો માટે નિ:શુલ્ક

સુરત

સુરત શહેરમાં કોરોના વાયરસની મહામારીના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા પરપ્રાંતિય શ્રમિકોને પોતાના વતન ઉતરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા જવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તે સંદર્ભે સુરત મહાનગરપાલિકાના માન. મેયર ડો. જગદીશ પટેલના સૂચન અન્વયે પરપ્રાંતિય શ્રમિકોને શહેરના નિયત કરવામાં આવેલા વિસ્તારના નિશ્ચિત સ્થાનેથી સુરત રેલ્વે સ્ટેશન સુધી પહોંચાડવા માટે નિ:શુલ્ક બસની સેવા પૂરી પાડવામાં આવશે.

સુરત જિલ્લાના વરેલી ગામે પોલીસ પર પથ્થરમારો કરનારા ૪ આરોપીઓ પોઝિટીવ

સુરત

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના વરેલી ગામે પોલીસ પર પથ્થરમારો કરનારા આરોપીઓ પૈકી ૪ આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૪ મેના રોજ વરેલી ગામે પોલીસની ટીમ પર લોકોના ટોળાએ પથ્થરમારો કર્યો હતો.

વરેલી ગામે પોલીસ પર પથ્થરમારો કરનારા આરોપીઓ પૈકી ૪ આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ ત્યાર બાદ પોલીસે ૨૦૦થી વધુ આરોપીઓની ધરપકડ કરી હતી. જે પૈકી ૪ આરોપીઓ કોરોનાથી સંક્રમિત હોવાનું સામે આવ્યું છે. આથી હવે તમામ આરોપીઓના માસ ટેસ્ટિંગની કાર્યવાહી હાથ ધરાઇ છે. અત્યાર સુધીમાં ૪૫ આરોપીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે પૈકી ૪ આરોપીઓને રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઇ છે.

પબજી ગેમ રમવાની ના પાડતા વઢવાણના ૧૫ વર્ષીય વિદ્યાર્થીએ કરી આત્મહત્યા

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ શહેરમાં ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના મૃત્યુથી રહસ્ય ઊભું થયું છે. આ વિદ્યાર્થીએ પોતાના ઘરે ૨ મેએ આત્મહત્યા કરી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ૧૫ વર્ષીય યશપાલ લિમ્બાડનો મૃતદેહ ખારવાની પોળ ખાતે પોતાના ઘરે ધાબા પર લોખંડની ગ્રીલ પર દોરડા વડે ગળેફાંસો લગાવેલી હાલતમાં મળ્યો હતો.

લિમ્બાડ ગાંધીનગરની નજીક આવેલા કુડાસણની સીબીએસઈ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો અને પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે તેને પોતાના મોબાઈલમાં પબજી રમવાનું વ્યસન હતું. જોકે, પોલીસે તેના ફોનની તપાસ કરી હતી અને તેમાં જાણવા મળ્યું હતું કે તેણે છેલ્લે ૩૦ એપ્રિલના રોજ પબજી ગેમ રમી હતી.

વઢવાણ પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી શક્તિસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે અત્યાર સુધી અમારી તપાસમાં લામે આવ્યું છે કે લિમ્બાડના માતા-પિતાએ તેને ૩૦ એપ્રિલ બાદ પબજી ગેમ રમવા દીધી ન હતી. તેના કારણે તે ઘણો જ હતાશ થઈ ગયો હતો અને તેના કારણે તેણે આ અંતિમ પગલું ભર્યું હોઈ શકે છે.

જોકે, આત્મહત્યા કરી ત્યારે લિમ્બાડ પોતાના સ્કૂલના મિત્રો સાથે મોબાઈલ ફોનના ગ્રૂપ ચેટમાં એક્ટિવ હતો. વાઘેલાએ જણાવ્યું હતું કે, તેણે વોટ્સએપ ગ્રૂપમાં પોતાના ક્લાસના મિત્રો સાથે વાતો કરી હતી. લિમ્બાડના ક્લાસના મિત્રોની પૂછપરછ બાદ તેની આત્મહત્યાનું ખરું કારણ સામે આવી શકે છે.

ડાંગમાં કોરોના સામે લડવા આરોગ્ય તંત્રમાં ભારે જુસ્સો

આરોગ્ય કર્મીઓના ટેસ્ટ નેગેટિવ આવતા ફરજમાં તૈનાત

આહવા

વિશ્વભરમાં પ્રસરેલ નોવેલ કોરોના વાઇરસ COVID 19 ના ડાંગ જિલ્લામાં પ્રથમ કેસ પ્રકાશમાં આવતા જ કલેકટર શ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ સીધા સંપર્કમાં આવેલ તમામ વ્યક્તિઓને ૧૪ દિવસના ફેસીલીટી ક્વોરન્ટાઇન હેઠળ મુકવામાં આવ્યા હતા. કોરોના પોઝેટીવ કેસના સીધા કે પરોક્ષ રીતે આવેલા તમામ લોકોના રીપોર્ટ નેગેટીવ આવતા ડાંગ જિલ્લા કોરોના COVID 19 હોસ્પિટલમાં તમામ સ્ટાફ પોતાની ફરજ ઉપર હાજર થઇ ગયો છે.

આઇસોલેશન ઈનચાર્જ બ્રધર શ્રી વિજયભાઇ રાઠવાએ જણાવ્યું હતું કે કોરોના સામેના જંગમાં અમે ફરી સૌ એક બની લડવા તૈયાર છીએ. સરહદે સૈનિક દેશ માટે લડે છે એ જ રીતે અમે કોરોનાનો હિંમતભેર સામનો કરીશું અને ડાંગને કોરોના મુક્ત બનાવીશું.

આઇસોલેશન ઈનચાર્જ બ્રધર શ્રી સુભાષભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે અમારા તમામ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. સરકારશ્રી દ્વારા અમારી ખુબ કાળજી લેવામાં આવી છે. સવાર-સાંજ વિનામૂલ્યે ભોજન સહિત ચા-નાસ્તો અને દરરોજ સવારમાં આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા અમોને ઔષધિય ઉકાળો આપવામાં આવતો હતો.

છૂટછાટની વચ્ચે સેમસંગે ૩,૦૦૦ કર્મચારીઓ સાથે પ્લાન્ટ શરૂ કર્યો

નોઈડા

કોરોના વાયરસથી ઝઝૂમી રહેલા નોઈડામાં ધીમે-ધીમે જીવ જીવન ફરીથી ધબકતું થઈ રહ્યું છે. નોઈડાના સેક્ટર ૮૧ સ્થિત સેમસંગ ઈલેક્ટ્રોનિક પ્લાન્ટમાં કામ શરૂ થઈ ગયું છે. શુક્રવારે ૩૦૦૦ મજૂરોનની સાથે કંપનીએ કામ શરૂ કર્યું. તમામ કર્મચારીઓને બસો દ્વારા ફેક્ટ્રીમાં લાવવામાં આવ્યા હતા.

સરકારે લોકડાઉન-૩.૦ માં થોડા કર્મચારીઓની સાથે ફેકટ્રીના સંચાલનની મંજૂરી આપી છે. ૩૫ એકરમાં ફેલાયેલી આ ફેક્ટ્રીનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે-ઈને કર્યું હતું. આ દુનિયાની સૌથી મોટી મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટ છે.

રતનપુર રાજસ્થાન બૉર્ડર પર હંગામો: પ્રવેશ આપવાનું બંધ કરી દેતા લોકો અટવાયા

ગાંધીનગર

રાજ્યમાંથી પરપ્રાંતીયોના વતન વાપસીની પ્રક્રિયા પુરજોશમાં છે. સુરતથી લઈને રાજસ્થાન બોર્ડરસુધી અને કચ્છથી લઈને મધ્યપ્રદેશ બોર્ડર સુધી ઠેરઠેર પરપ્રાંતીયો વાહનોમાં અને વિશેષ રેલગાડીઓમાં વતન ભણી ચાલ્યા છે. જોકે, રાજસ્થાન બોર્ડર પર આજે સ્થિતિ વણસી ગઈ છે. રાજસ્થાન સરકારે અચાનક પલટી મારી હોય તેમ પોતાના અને બહારના રાજ્યના લોકોને અરવલ્લી બોર્ડર પરથી પ્રવેશ આપવાનું બંધ કરી દેતા મોટી માથકૂટ સર્જાઈ છે.

પ્રાપ્ત અહેવાલો મુજબ અરવલ્લી બોર્ડર પર પરપ્રાંતીયોના ટોળેને ટોળા વળ્યા છે. ગાડીઓની લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. પોલીસે સરકારની પરવાનગીનું બહાનું આપીને જાણે લોકોને રીતસરના રઝળાવી દીધા હોય તેવો માહલો છે. અહીંયા વાહનોની કતારોમાં અટવાયેલા લોકો ૪૩ ડિગ્રી ગરમીમાં શેકાઈ રહ્યા છે. આ લોકો પોતાના વતનમાં જવા માંગે છે. પોલીસ કહી રહી છે કે સરકારે ૬ મે પછીના પાસધારક વાહનના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો છે.

એક બાજુ કોરોના અને બીજી બાજુ રોજગારી ગુમાવેલા પરપ્રાંતિયોએ હિજરત આણી છે. વતનભણી રહેલા આ મજબુર હિજરતીઓને પડ્યા માથે પાટું જેવો ઘાટ સર્જાયો છે. રાજસ્થાનની ગેહલોત સરકાર અરવલ્લી બોર્ડર પર યાત્રિકોને પજવી રહી છે. સરકાર પાસધારકને પ્રવેશ નથી આપી રહી અને પોલીસ કારણ પણ સ્પષ્ટ નથી કરી રહી. હાલમાં તો રોડની બંને બાજુ માંડવા બાંધી દેવામાં આવ્યા છે.

તાપી જિલ્લામાં ૧૩ જેટલી 'જલ સે જલ' યોજના મંજૂર કરતા કલેક્ટર

વ્યારામાં યોજાઈ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની બેઠક

વ્યારા

તાપી જિલ્લામાં રૂ.૩૪૬.૬૩ લાખની નવી ૧૩ જેટલી "નલ સે જલ" યોજનાઓને સૈદ્ધાંતિક મંજૂરી આપતા તાપી કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ,જીલ્લામાં પ્રગતિ હેઠળની વિવિધ ૮૯ યોજનાઓ પૈકી ૨૮ જેટલી યોજનાઓ પૂર્ણતાને આરે છે, જે સત્વરે કાર્યાન્વિત થાય તેવું સમુચિત આયોજન ગોઠવવા વાસ્મોના અધિકારીઓને સૂચના આપી છે.

આવી યોજનાઓ સત્વરે કાર્યાન્વિત થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર શક્ય તે તમામ મદદ માટે તૈયાર છે તેમ જણાવી કલેક્ટર શ્રી હાલાણીએ, વાસ્મોની ઘર જોડાણ યોજનાઓમાં ખાસ કરીને વ્યારા, અને ડોલવણ તાલુકાઓમાં કામગીરી વધારવા માટે પણ સૂચના આપી હતી.

કેટલીક યોજનાઓમાં ઈજારદારો દ્વારા કામગીરી અધૂરી છોડી દેવાતા યોજના ઉપર તેની વિપરીત અસર થાય છે. જેથી આવા ઈજારદારો અને સંબંધિત યોજનાની દેખભાળની જેની જવાબદારી છે તેવા વાસ્મોના અધિકારીઓની જવાબદારી નક્કી કરવાની સૂચના આપતા કલેક્ટર શ્રી હાલાણીએ, પાણી સમિતિ દ્વારા સંચાલિત યોજનાઓમાં શક્યત; હેન્ડપંપ આધારિત યોજનાઓ ને તિલાંજલિ આપવા પણ અનુરોધ કર્યો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં નાણાનાં અભાવે અધૂરી રહેલી યોજનાઓને અન્ય યોજનાઓ સાથે જોડીને સત્વરે પૂર્ણ કરવાની અપીલ કરતાં જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંહે ગ્રામ પંચાયતો અને પાણી સમિતિની ભૂમિકા સુનિશ્ચિત કરવાની પણ હિમાયત કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીની ચેમ્બરમાં યોજાયેલી વાસ્મોની બેઠકમાં પાણીની ચોરી સહિત, હેન્ડપંપ રિપેરિંગ માટેના કંટ્રોલ રૂમ, હયાત સોર્સનો સમુચિત ઉપયોગ, ટેન્કરની આવશ્યકતા જેવા મુદ્દે પણ ઉચ્ચાધિકારીઓએ વિસ્તૃત માર્ગદર્શન પૂરું પડ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.વહોનીયા, પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેર શ્રી સુધાકર દુબે, વાસ્મોના યુનિટ મેનેજર સહિત સમિતિ સભ્યોએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

આંખો દ્વારા કોરોના ફેલાવવાનું જોખમ સૌથી વધારે: હોંગકોંગ યુનિ.નો દાવો

હોંગકોંગ

સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે. ત્યારે હોંગકોંગ યૂનિવર્સિટીના સંશોધકોએ દાવો કર્યો છે કે, આંખો દ્વારા કોરોના વાયરસ ફેલાવાવનં જોખમ સૌથી વધારે છે. તેમનો દાવો છે કે, સાર્સની તુલનામાં કોરોના વાયરસ આંખોથી ૧૦૦ ગણો વધારે ફેલાઈ શકે છે.

હોંગકોંગ યૂનિવર્સિટીમાં સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના ડો. માઇકલ ચાન ચી-વાઈના નિવૃત્વવાળી ટીમને વિશ્વભરમાં સૌથી પહેલા તેના પૂરાવા આપ્યા છે કે કોરોના વાયરસ વ્યક્તિમાં બે જગ્યાએથી પ્રવેશ કરી શકે છે. રિસર્ચરનો આ રિપ્રોટ ધ લાન્સ રેસ્પિરેટરી મેડિસનમાં પબ્લિશ થયો છે. ડો. માઇકલ ચાને કહ્યું, 'અમને અમારા રિસર્ચમાં જાણવા મળ્યું છે કે, જીછઈજી-ઝ્રદ્ર-૨ વ્યક્તિની આંખો અને હવા દ્વારા સાર્સની તુલનામાં સંક્રમિત કરવામાં વધારે કુશળ છે. તેમાં વાયરસનું સ્તર લગભગ ૮૦થી ૧૦૦ ગણું વધારે છે.'

એટલા માટે જ લોકોને સતત સલાહ આપવામાં આવી રહી છે કે કોરોના સંક્રમણથી બચાવ માટે પોતાની આંખોને ન અડવી અને નિયમિત રીતે હાથ ધોવા. યૂનિવર્સિટીના સંશોધકોને પહેલા જાણવા મળ્યું હતું કે, કોરોના વાયરસ સ્ટેનલેસ સ્ટીલ પર અને પ્લાસ્ટિક પર સાત દિવસ સુધી જીવિત રહી શકે છે.

ડો. ચાને કહ્યું, 'કોવિડ-૧૯ મહામારી હોંગકોંગમાં હવે સ્થિર થઈ રહી છે, પરંતુ દુનિયાના ઘણાં એવા દેશો છે જ્યાં સ્થિતિ હજુ પણ ગંભીર છે. રશિયા અને યૂરોપમાં હજુ પણ દરરોજ અનેક નવા કેસ સામે આવી રહ્યા છે. આપણે હજુ પણ બચાવની જરૂરત છે.'

વિશાખાપટ્ટનમ ગેસ ગળતર મુદ્દે એનજીટીની એલજી પોલીમર્સ-કેન્દ્રને નોટિસ

ન્યુ દિલ્હી

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) એ વિશાખાપટ્ટનમમાં ગુરુવારે થયેલી ગેસ ગળતરની ઘટનામાં કેન્દ્ર, એલજી પોલીમર્સ ઈન્ડિયા પ્રા., કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તેમજ અન્યને શુક્રવારે નોટિસ ફટાકરી છે. વિશાખાપટ્ટનમાં બનેલી આ ગોઝારી ઘટનામાં ૧૧ લોકોના મોત થયા હતા તેમજ ૧,૦૦૦ જેટલા લોકો ગેસ ગળતરથી પ્રભાવિત થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. એનજીટીએ એલજી પોલીમર્સ ઈન્ડિયા પ્રા.ને મૃતકોને વચગાળાના વળતર પેટે ૫૦ કરોડ જમા કરાવવા પણ આદેશ કર્યો છે. એનજીટીના અધ્યક્ષ જસ્ટિસ આદર્શ કુમાર ગોયલના વડપણ હેઠળ પાંચ સભ્યોની બેન્ચનું ગઠન કરાયું છે જેમાં જસ્ટિસ બી શેષાયાન રેડ્ડીનો સમાવેશ થાય છે. આ બેન્ચ ગેસ ગળતરની ઘટનાની તપાસ કરી ૧૮મી મે સુધીમાં રિપોર્ટ આપશે.

લોકોના જીવ, જાહેર સ્વાસ્થ્ય તેમજ પર્યાવરણને નુકસાન પહોંચાડવાના પ્રાથમિક અંદાજ સાથે અમે એલજી પોલીમર્સ પ્રા લિ.ને વચગાળા માટે ૫૦ કરોડના વળતરની રકમ જમા કરાવવા આદેશ કરીએ છે. આ રકમ વિશાખાપટ્ટનમના જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે જમા કરાવવાની રહેશે. આ રકમ કંપનીની નાણાકીય શાખ અને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવી હોવાનું એનજીટીએ ઓર્ડરમાં જણાવ્યું હતું.

આર્થર રોડ જેલમાં કોરોનાનો વિસ્ફોટ, ૭૭ કેદીઓ સહિત ૧૦૩ લોકોનો રિપોર્ટ પોઝિટિવ

મુંબઈ

કોરોના મહામારીથી મહારાષ્ટ્ર દેશનું સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે. અહીં આ જીવલેણ વાઈરસથી સંક્રમિત દર્દીઓના આંકડામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. એકલા ગુરૂવારે જ રાજ્યમાં કોરોનાના ૧૩૬૨ નવા કેસો નોંધાયા હતા. હવે એવા સમાચાર મળી રહ્યાં છે કે, આ વાઈરસે મુંબઈની જેલોમાં પણ પગપેસારો કર્યો છે. રાજ્યની આર્થર રોડ જેલમાં અંદાજે ૧૦૩ લોકોના રિપોર્ટ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે

આ અંગે રાજ્યના ગૃહમંત્રી અનિલ દેશમુખે જાણકારી આપતા જણાવ્યું કે, મુંબઈની આર્થર રોડ જેલમાં સામે આવેલા કોરોનાના કુલ કેસોમાં ૭૭ કેદીઓ છે અને ૨૬ જેટલા કર્મચારીઓ સામેલ છે. કોરોના સંક્રમિત કેદીઓને આજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. જેમને પોલીસની દેખરેખ હેઠળ જીટી હોસ્પિટલ અને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં ખસેડવામાં આવશે. આ સાથે જ કોરોના પોઝિટિવ સ્ટાફની સારવાર પણ હોસ્પિટલમાં કરવામાં આવશે. બીજી તરફ મહારાષ્ટ્ર માટે સૌથી ચિંતાજનક વિસ્તાર ધારાવીમાં પણ કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. મ્સ્ઝના જણાવ્યા પ્રમાણે, અહીં એક જ દિવસમાં ૫૦ નવા કેસો સામે આવ્યા છે. જે બાદ આ ગીચ વસ્તીમાં કોરોના પોઝિટિવ લોકોની સંખ્યા વધીને ૭૮૩ થઈ ગઈ છે, જ્યારે અત્યાર સુધી ધારાવીમાં કુલ ૨૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

અંકલેશ્વરમાં વહેલી સવારે બેફામ જીપ ડેરીમાં ઘૂસી ગઇ

દુર્ઘટનામાં સદનસીબે જાનહાની થઇ નથી

અંકલેશ્વર

અંકલેશ્વર ના ભરૂચી નાકા પાસે આજે વહેલી સવારે એક જીપ ચાલકે કાબૂ ગુમાવતા એક રીક્ષા ને અડફટે લઇ જીપ ને દુધ ડેરી માં ઘૂસી ગઇ હતી સદનશીબે કોઈ ને ઈજા પહોંચી ન હતી.

શહેરના ભરૂચી નાકા પાસે આજે વહેલી સવારે છ વાગ્યા ના સુમારે બોલેરો જીપ નંબર UP 16 BK 0731 નો ચાલક પોતાની જીપ લઇ ને પૂરઝડપે તાલુકા ના સરફુદીન ગામે જઈ રહ્યો હતો ત્યારે સામે થી આવતી રીક્ષા નં. GJ16 Y 6438 ને ટક્કર મારી રીક્ષા ને પલ્ટી ખવડાવી જીપ ને નજીક માં આવેલી ઉમિયા દૂધ ડેરી બંધ દુકાન ના પાટીયા તોડી જીપ અંદર ઘૂસાડી દીધી હતી અને અંદર ભારે નુકશાન કર્યું હતું સદનશીબે ડેરી બંધ હોવાથી કોઈ ની જાનહાની થવા પામી ન હતી.

આ જીપ સરફુદીન ગામે ચાલતા બ્રીજ ના કોન્ટ્રાક્ટર એલ એન્ડ ટી કંપની માં કોન્ટ્રાક્ટ માં ચાલી રહી છે ઘટના ની જાણ જીપ કોન્ટ્રાક્ટર અને ડેરી ના માલિક આવી પહોંચ્યા હતા પરંતુ હજુ સુધી કોઈ પોલીસ ફરીયાદ થઈ નથી

કોરોના વાયરસનું સંક્રમણ રોકવા લિંબાયત ઝોનનો સંપર્ક નાબુદ કરી એપીએક્સ પધ્ધતિથી સર્વે

સુરત

પ્રેસનોટ(COVID ૧૯) સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં કોરોના વાયરસના(COVID ૧૯) ના સંક્રમણના સૌથી વધારે કેસો જોવા મળેલ છે. જેથી આજ રોજ માન. કમિશનર શ્રી બંછાનિધિ પાની ધ્વારા લિંબાયત ઝોનમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે વિશેષ પ્રયાસો શરૂ કરવામાં આવેલ છે. ગત રોજ માન. મેયર ડ. જગદીશ પટેલની અધ્યક્ષતામાં લિંબાયત ઝોનનાં કોર્પોરેટરશ્રીઓ સાથે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ મિટીંગમાં તમામ સદસ્યશ્રીઓને લિંબાયત વિસ્તારમાં કોરોના વાયરસના વધતા જતા સંક્રમણની પરિસ્થિતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે તમામ સદસ્યશ્રીઓએ ઉત્સાહથી સહયોગ આપ્યો હતો તેમજ લિંબાયત ઝોનના સ્થાનિક અગ્રણીઓ સાથે પણ મિટીંગ યોજવામાં આવી હતી. લિંબાયત ઝોનમાં આજથી આગામી ૩ દિવસ સુધી મોટા પ્રમાણમાં લોકોને હોમિયોપેથી દવાની ડિસ્ટ્રીબ્યુશનની અને તેના સેવનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.તેમજ ડોર ટુ ડોર સર્વેલન્સ માટે આવતીકાલથી ૨૫૦ ટીમ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે. 'પ્રથમ વાર સુરત મહાનગરપાલિકા દ્વારા લિંબાયત ઝોનમાં APX પધ્ધતિ મુજબ ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવશે.

A એટલે ARI ના કેસ પ્રાથમિક રીતે લાગતા હોય શરદી, તાવ, ઉધરસ અથવા ડાયેરીયા, કોવિડના કોઈપણ લક્ષણ હોય, તો તેવા લોકોના ઘરની બહાર છ લખવામાં આવશે.

P એટલે કોઈપણ ઘરમાં વયસ્ક લોકો હોય અથવા એમને ડાયાબીટીસ, હાર્ટ, કિડની કે લંગસને લગતી બિમારી હોય એવા કોઈપણ પ્રકારના કો-મોર્બિડ કન્ડિશન હોય તો તેવા લોકોના ઘરની બહાર" લખવામાં આવશે. અને X એટલે જો અગાઉના બે પૈકી કોઈપણ લક્ષણ નહી હોય તો તેવા લોકોના ઘરની બહાર X લખવામાં આવશે .લિંબાયત ઝોનને આઈલેન્ડ સ્ટ્રેટજી મુજબ એક ટાપુ તરીકે રાખવામાં આવશે.

હાઈડ્રોલીક વિભાગમાં પાણીની ટાંકીમાં ત્રણ દિવસથી પડેલા યુવકને બહાર કઢાયો

સુરત

કતારગામમાં પાલિકાના હાઈડ્રોલીક વિભાગમાં પાણીની ટાંકીમાં ત્રણ દિવસથી પડેલા યુવકને બહાર કાઢવામાં આવ્યો છે. યુવક પાણીની ટાંકીમાં પડ્યો હોવાની જાણ થતા ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચ્યું હતું અને રેસ્ક્યુ હાથ ધરી યુવકને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ યુવકની માનસિક સ્થિતી સારી ન હોવાનું સામે આવ્યું છે. હાલ યુવકને ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે, કતારગામમાં આવેલા પાલિકાના હાઈડ્રોલીક વિભાગમાં આવેલી પાણીની ટાંકીમાં કોઈ યુવક પડી ગયો હોવાનો ફાયર વિભાગને કોલ મળ્યો હતો. જેથી ફાયર વિભાગને કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતા. ત્યારબાદ રેસ્કયુ હાથ ધરી યુવકને બહાર કાઢ્યો હતો. ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, આ યુવક છેલ્લા ત્રણ દિવસથી આ પાણીની ટાંકીમાં પડ્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવકની માનસિક સ્થિતી સારી ન હોવાનું સામે આવ્યું છે. હાલ યુવકના પાણીની ટાંકીમાંથી બહાર કાઢી ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. યુવકની હાલત નાજૂક હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીજીના પૌત્રવધુ ડો. શિવાલક્ષ્મીના પાર્થિવ દેહનો ઉમરા ખાતે આંગી સંસ્કાર

ડો.શિવાલક્ષ્મી છેલ્લા બે વર્ષથી ભીમરાડ ગામમાં વસવાટ કરતા હતા

સુરત

સુરતમાં સ્થાયી થયેલા મહાત્મા ગાંધીના પૌત્રવધુ ડૉ. શિવાલક્ષ્મી ગાંધીનું ગઈ કાલે જૈફ વયે પીપલોદની હોસ્પિટલમાં દુઃખદ નિધન થતા આજે સવારે સદ્‌ગતના પાર્થિવ દેહને ઉમરા સ્મશાન ભૂમિમાં અગ્નિદાહ અપાયો હતો. સુરતના ભીમરાડ ગામમાં ડો. શિવાલક્ષ્મી ગાંધી છેલ્લા બે વર્ષથી રહેતા હતા અને ગામના બળવતંભાઈ પટેલ તેમની સેવા કરતા હતા.

ગાંધીબાપુના પરિવારનો સુરત અને ભીમરાડ ગામ સાથે અનોખો સંબંધ છે. ગાંધીબાપુએ દાંજીના મીઠાના સત્યાગ્રહ બાદ સુરતમાં ભીમરાડ ખાતે પ્રથમ સભા સંબોધી હતી. આજ ભીમરાડ ગામમાં તેમના પૌત્રવધૂ ડો.શિવાલક્ષ્મી ગાંધીનું ગુરુવારે નિધન થયું હતું. ડો. શિવાલક્ષ્મી ગાંધી છેલ્લા બે વર્ષથી સુરતમાં ભીમરાડમાં રહેતાં હતા. ભીમરાડ ગામે ગાંધી આશ્રમ, સ્મારક મૂર્તિમંત થાય, યુવાધનને સત્યાધુનિક સુવિધાસંપન્ન આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ અને કેળવણી મળે એ હેતુથી ડો. શિવાલક્ષ્મી ગાંધી સતત કાર્યશીલ હતાં.

ભીમરાડ ગામ અને કોળી સમાજના અગ્રણી બળવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ડો. શિવાલક્ષ્મી ગાંધી છેલ્લા ૭ દિવસથી પીપલોદ ૫૨ આવેલી હોસ્પિટલમાં દાખલ હતાં. અઢી મહિના પહેલાં તેઓ ઘરમાં પડી ગયાં હતાં. તે સમયે ઠાપાના ભાગે વાગવાની સાથે જ શરીર કમજોર થઈ ગયું હતું. ત્યારબાદ ખોરાક બંધ કરી દીધો હતો. નાદુરસ્ત તબિયતને કારણે હોસ્પિટલમાં દાખળ કર્યા હતા.

તેમના પતિ અને ગાંધીબાપુના પૌત્ર કનુભાઈ ગાંધીએ ૪ વર્ષ પહેલા સુરતમાં અંતિમ શ્વાસ લીધા હતા. ત્યારબાદ ડો. શિવાલક્ષ્મી થોડા સમય દિલ્હી રહ્યા બાદ ફરી સુરત પરત ફર્યા હતાં. ડો. શિવાલક્ષ્મી ઈંગ્લેન્ડમાં ઉછર્યા છે, કનુભાઈ અમેરિકામાં અભ્યાસ બાદ નાસાના વૈજ્ઞાનિક બન્યા હતા. ત્યાંજ ડો. શિવાલક્ષ્મી પણ પ્રોફેસર હતાં. ૨૦૧૪માં કનુભાઈ અને ડો.શિવાલક્ષ્મી અમેરિકાથી ભારત પરક ફર્યા હતા.

કીમના સહકારી અગ્રણી હાજી ફિરોજભાઈ કાનુગાનું નિધન

પીઠ આગેવાનની વિદાયથી લોકોમાં શોકની લાગણી

સુરત

કીમ ગામના મુસ્લિમ સમાજના પીઢ અગ્રણી અને કીમ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ , કીમ એજ્યુકેશન સોસાયટીના કારોબારી સભ્ય તથા કીમ સીયાલજ મંડળીના પૂર્વ પ્રમુખ, સરકારી આગેવાન હાજી ફિરોજભાઈ કાનુગાનું આશરે ૯૦ વર્ષની વયે ગુરુવારના દિવસે નિધન થતા સમગ્ર હિન્દુ-મુસ્લિમ સમાજમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

હાજી ફિરોજભાઈ કાનુગા ડો. કાનુગા પરિવારના સ્વભાવે સરળ અને માયાળું હતા. તેઓ કોઈ પણ સમાજના સામાજિક કાર્યમાં આગળ આવીને ઉભા રહીને સમાજ સેવાઓ કરવાની સાથે તેઓ કોઈ પણ સમાજના ઝઘડાઓ જેવી બાબતમાં રસ લઈ સમાધાન વલણ ધરાવી સમાધાન કરાવતા હતા. કીમ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે પારદર્શક વહીવટ તેમજ સહકારી તંત્રે પણ પારદર્શક વહીવટ પુરુ પાડ્યું હતું. હાજી ફિરોઝભાઈ કાનુગાનું તા. ૭મીને ગુરુવારે સાંજે દુઃખદ અવસાન થતા હિન્દુ-મુસ્લિમ સમાજમાં ઘરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મોડી રાત્રે તેમના માદરે વતન હાંસોટ ખાતે દફન કરી દેવામાં આવ્યા હતા.

મોમ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા ઉકાળાનું વિતરણ કરાયું

અંકલેશ્વર

અંકલેશ્વર નગરપાલિકા અને વુમન વેલ્ફેર ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે અંકલેશ્વરના ત્રણ રસ્તે કોરોના વાયરસ સામે રક્ષણ આપતો આયુર્વેદિક ઉકાળાનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર નગરપાલિકા તેમજ અંકલેશ્વર મા કાર્યરત ધ વુમન વેલફેર ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે હાલમાં ચાલી રહેલા વૈશ્વિક મહામારી કોરોના વાઈરસને અટકાવવા માટે તેમજ લોકોને કોરોના વાયરસ સામે લડવાની શક્તિ આપતો આયુર્વેદિક ઉકાળાનું વિતરણ અંકલેશ્વરના ત્રણ રસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વેલફેર ટ્રસ્ટના રશ્મી જોશી ઉપરાંત અંકલેશ્વર નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા મુખ્ય વિસ્તાર હોવાથી અનેક લોકોએ આ સ્વાસ્થ્ય વર્ધક પીણા નો લાભ લીધો હતો.

તાપમાનમાં આંશિક ઘટાડો થયો

સુરત

ગતરોજ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને વટાવી જતા શહેરીજનોને કાળઝાળ ગરમીનો અનુભવ થયો હતો. આજે સવારથી પવનની દિશા બદલતા સાંજ સુધી ગરમીમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થાય તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ અધિકતમ તાપમાન ૪૦.૧ ડીગ્રી નોંધાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૮.૦ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા અને હવાનું દબાણ ૧૦૦૮.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ-પશ્ચિમ દિશાથી કલાકના ૭ કિલોમીટરની સરેરાશથી પવન ફુંકાઈ રહ્યો છે. નવસારીમાં ગતરોજ અધિકતમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૬.૩ ડીગ્રી નોંધાયું છે. આજે સવારથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પશ્ચિમ દિશાથી પવન ફુંકાવાની સાથે ગરમીમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થાય તેવી શક્યતા છે.

નવસારી જિલ્લામાં વધુ એક કેસ કોરોના પોઝિટિવ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં ગઈકાલે તા.૦૭/૦૫/૨૦૨૦ના રોજ ૮૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૨૧, જલાલપોર-૨૧, ગણદેવી-૨૧, ચીખલી-૦૨, ખેરગામ-૦૮ વાંસદા-૦૯ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૧૬૨૫ સેમ્પલ પૈકી ૧૫૩૨ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૮૫ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૮,૫૨,૬૦૭ વસ્તીને આવરી લેવામાં આવી છે. તા.૦૭/૦૫/૨૦૨૦ ના રોજ ૦૧ કેસ નોંધાતા નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૮ પોઝીટીવ કેસ નોંધાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

સુરત શહેર કોંગ્રેસ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ

સુરત

નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ની મહામારીમાં સુરત શહેરના નાગરિકો માટે માહિતી માર્ગદર્શન અને મદદ કરવાના હેતુસર સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કંટ્રોલ રૂમનું આયોજન કરવામાં આવેલ છે. તેમ સુરત કોંગ્રેસના પ્રથકતા કિરણ રાયકાએ જણાવ્યું છે. જે નાગરિકો વતન જવા માંગતા હોય તેમને માટે મદદ-માર્ગદર્શન માટે નીચેનો હેલ્પલાઈન નંબર ચાલુ કરવામાં આવેલ છે. હેલ્પ લાઈન નં. ૯૯૯૮૩૩૧૨૧૧ જાહેર કરાયો છે. તેમાં ગત રોજ સાંજે ૭ કલાક સુધીમાં ૨૨૦ જેટલા વ્યક્તિઓએ ફોન કરી મદદ કરવા જણાવેલ.

અંકલેશ્વર કોંગ્રેસે સતત બીજા દિવસે પરપ્રાંતીયોને રેલવેનું ભાડુ ચૂકવ્યું

શ્રમજીવીઓને વતન પહોંચાડવા કોંગ્રેસ દ્વારા માનવીય સહાય

અંકલેશ્વર

અંકલેશ્વર શહેર તેમજ તાલુકા કોંગ્રેસ દ્વારા રાજ્ય સભા સાંસદ અહેમદ પટેલની સૂચનાથી સતત બીજા દિવસે પણ વતન જવા માટે ઈચ્છુક શ્રમિકોને રેલવેનું ભાડું ચૂકવવામાં આવ્યું હતું.

અંકલેશ્વરના વતની અને રાજયસભા સાંસદ અહેમદ પટેલે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના સૂચન બાદ અંકલેશ્વર શહેર તાલુકા સહિત ભરૂચ જિલ્લા કોંગ્રેસને સૂચના આપી હતી અને અંકલેશ્વર શહેર તાલુકામાં વસતા જે પણ શ્રમિકો રેલવેનું ભાડું ખર્ચી શકે એમ નથી તેઓ પોતાના ઘરે જઈ શકે એ માટે રેલવેનું ભાડું ચૂકવવા માટેની પણ વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. જે સંદર્ભે ગુરુવારે પણ ભરૂચ થી બિહાર રવાના થનાર ટ્રેનમાં મુસાફરી કરનારા અંકલેશ્વર શહેર તાલુકાના શ્રમીકોને શહેર તેમજ તાલુકા કોંગ્રેસના આગેવાનોએ અને કાર્યકર્તાઓએ શોધી-શોધીને ઘરે જઈને તેમને રેલવે ભાડું ચૂકવ્યું હતું અને તેમને પરત ઘરે જવા માટે સહાય કરી હતી.

નોંધનીય છે કે બુધવારે ઉત્તર પ્રદેશના ગોરખપુર ખાતે ટ્રેન રવાના થઈ હતી જેના સંદર્ભે પણ મંગળવારે રાત્રે અંકલેશ્વર શહેર તેમજ તાલુકા કોંગ્રેસના આગેવાનોએ શ્રમીકોને ઘરે જઈને રેલવેનું ભાડું ચૂકવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલા ઉપરાંત ભરૂચ જિલ્લા કોંગ્રેસ અગ્રણી નવલસિંહ જાડેજા, કાર્યકારી પ્રમુખ હેમેન્દ્ર ઉપાધ્યાય, કોંગી આગેવાન મગનભાઈ માસ્તર, પરપ્રાંતીય અગ્રણી રાજનારાયણ શુક્લા સહિત તાલુકા પંચાયત સભ્યો અને શહેર-તાલુકાના હોદ્દેદારો પણ જોડાયા હતા.

જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ આ કપરી પરિસ્થિતિમાં પરપ્રાંતીય લોકોની ચિંતા કરી છે અને તેમની સૂચના બાદ જ રાજ્યસભા સાંસદ અહેમદ પટેલની સુચનાથી આ શ્રમિકો પોતાના વતન જઈ શકે એ માટે અમે જેઓ ભાડું ખર્ચી શકે તે માટે સક્ષમ નથી તેઓને માનવતાની દ્રષ્ટિએ ભાડું ચૂકવ્યું છે. આગામી દિવસોમાં પણ આ સેવાકીય પ્રવૃત્તિમાં કોંગ્રેસ સદાય અગ્રેસર રહેશે.

પરપ્રાંતીય સમાજના આગેવાન રાજનારાયણ પણ જણાવ્યું હતું કે આજે ઉત્તર પ્રદેશ અને બિહાર સહિતના પૂર્વોત્તર રાજ્યોના શ્રમિકોની હાલત ભરૂચ જિલ્લામાં દયનીય બની ગઈ છે ત્યારે કોંગ્રેસ દ્વારા એમની મદદ માટે જે પગલું લેવામાં આવ્યું છે તે ખરેખર પ્રશંસનીય છે આ બદલ રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી તેમજ રાજ્યસભા સાંસદ અહેમદ પટેલના પ્રયત્નોને ખરેખર બિરદાવવા લાયક ગણી શકાય.

૫ શાકભાજીવાળા અને ફુટ વિક્રેતાઓ તેમજ ૨ ડેરી સંચાલક કોરોનાની ઝપેટમાં

સુરતમાં કોરોના બેકાબૂ: પોઝિટિવ કેસનો આંકડો ૮૨૫ને પાર

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, શહેર જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૮૨૫ થઈ ગઈ છે. જેની સાથે શહેર જિલ્લામાં કોરોનાનો મૃતાંક ૩૭ થઈ ગયો છે. આ સાથે શહેર જિલ્લામાંથી અત્યાર સુધીમાં કુલ ૩૯૦ દર્દીઓ સાજા થયા છે. નવા નોંધાયેલા પોઝિટિવ દર્દીઓમાં વધુ ૫ શાકભાજી અને ફુટ વિક્રેતાઓ તેમજ ૨ ડેરી સંચાલક, એક પાલિકા કર્મચારી, તબીબ અને બેંક મેનેજરનો સમાવેશ થયો છે.

૯થી ૧૪ મે સુધી એપીએમસી માર્કેટ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, શાકભાજાના ૨૫થી વધુ વિક્રેતાઓના રિપોર્ટ પોઝિટિવ આવતા આ નિર્ણય કરવામાં આવ્યો છે.

નવા નોંધાયેલા પોઝિટિવ દર્દીઓમાં વધુ ૫ શાકભાજી અને ફુટ વિક્રેતાઓ તેમજ ૨ ડેરી સંચાલકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેની સાથે કોરોના સામે યુદ્ધ લડી રહેલા અન્ય ફ્રન્ટલાઈન વોરિયર્સ પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. જેમાં એક પાલિકા કર્મચારી, તબીબ અને બેંક મેનેજરનો સમાવેશ થયો છે.

ભાજપ કાર્યકરે શ્રમિકો પાસેથી રેલ્વેની ટિકિટના લાખો ઉઘરાવ્યા: પરત માંગતા શ્રમિકનું માંથુ ફોડ્યુ

સુરત

સુરતમાંથી હાલ મોટા પ્રમાણમાં શ્રમિકોને તેમના વતનમાં મોકલવામાં આવી રહ્યા છે. આ માટે તંત્ર તરફથી ખાસ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. બીજી તરફ શ્રમિકોને વતન મોકલવામાં પણ અમુક એજન્ટો સક્રિય થઈ ગયા છે. આ લોકો મૂળ કિંમત કરતા વધારે કિંમતમાં ટ્રેનની ટિકિટ વેચી રહ્યા છે. સુરતના આવા જ એક કિસ્સામાં લિંબાયત વિસ્તારના ભાજપના એક કાર્યકરો પર શ્રમિકો પાસેથી ટિકિટના પૈસા ઉઘરાવી લીધા બાદ ટિકિટ અન્ય લોકોને વેચી દીધાનો આક્ષેપ થયો છે. જે વ્યક્તિએ ટિકિટ માટે પૈસા આપ્યા હતા તેણે ટિકિટ માંગતા ભાજપના કાર્યકરે તેના પર હુમલો કરી દીધો હતો. આ મામલે શ્રમિકે વીડિયો વાયરલ કર્યો હતો. જેમાં જોઈ શકાય છે કે શ્રમિકના માથામાંથી લોહી નીકળી રહ્યું છે.



મજૂરોને કોઈ તકલીફ ન પડે તે માટે ભાજપે તેમના કાર્યકોને રાજય પ્રમાણે મજૂરોના નામની નોંધણી અને તેમની પાસેથી પૈસા લઈને ટિકિટ પહોંચાડવાનું કામ સોંપ્યુ છે. લિંબાયત વિસ્તારથી ઝારખંડ જવા માટે ભાજપે રાજેશ વર્મા નામના વ્યક્તિને કામ સોંપ્યું છે. ભાજપના રાજેશ વર્માને શ્રમિક વાસુદેવે તારીખ પમેના રોજ ૧૦૦ લોકોની ટિકિટ પેટે રૂ. ૧.૧૬ લાખ ચૂકવ્યા હતા. આ સમયે રાજેશ વર્માએ વાસુદેવને છઠ્ઠી મેના રોજ ટિકિટ લઈ જવાનું કહ્યું હતું. જોકે, ટિકિટ ન મળતા વાસુદેવે સાતમી મેના રોજ રાજેશ વર્માને ઘરે ગયો હતો અને ટિકિટની માંગણી કરી હતી. આ સમયે ભાજપના કાર્યકરે ટિકિટ આપવાને બદલે તેના માથામાં લાકડાનો ફટકો મારીને તેને લોહીલુહાણ કરી દીધો હતો.

હુમલાની ઘટના બાદ રાત્રે ભાજપના કાર્યકર રાજેશ વર્માની ઓફિસ બહાર લોકોનું ટોળું એકઠું થયું હતું. આ વાતની જાણ થતાં પોલીસ દોડી આવી હતી. પોલીસ સમક્ષ ટોળાએ આક્ષેપ લાગવ્યો હતો કે રાજેશ વર્માએ પૈસા લઈને ટિકિટ આપી નથી. જે બાદમાં પોલીસે ટ્રેનની વ્યવસ્થા અને પૈસા પરત અપાવવાની ખાતરી આપ્યા બાદ મામલો થાડે પડ્યો હતો.

શ્રમજીવીઓએ કોરોના તપાસ માટે સિવિલમાં લગાવી લાંબી લાઈન



લોકડાઉન દરમિયાન વતન જવા ઉતાવળા બનેલા પરપ્રાંતીયોની સમસ્યાનો કોઈ અંત આવતો નથી. લાખો પરપ્રાંતીયો દેશના વિવિધ પ્રાંતમાં એનકેન પ્રકારે જવા અધિરા બની ગયા છે. દરમિયાન ઓરિસ્સા હાઈકોર્ટે કોરોના તપાસ રિપોર્ટ બાદ ઓરિસ્સામાં પ્રવેશ આપવાનો હુકમ કરતા સુરતથી ઓરિસ્સા વચ્ચે દોડતી સ્પેશિયલ ટ્રેનો બંધ કરી દેવામાં આવી છે. આવી કપરી સ્થિતિમાં નવી સિવિલમાં કોરોના ટેસ્ટ માટે ઓરિસ્સાના શ્રમજીવીઓએ લાંબી લાઈન લગાવી દીધી હતી.

સુરત કોંગ્રેસે ભાડુ ખર્ચી બુક કરાવેલી ટ્રેનમાં યુપીના ૧૨૦૦ શ્રમિકો રવાના

શ્રમિકોની ટ્રેનને માજી મેયર કદીર પીરઝાદા, બાબુભાઈ રાયકાએ લીલીઝંડી દેખાડી

સુરત

સમગ્ર વિશ્વ, દેશ અને રાજયમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલો છે.જ્યારે વિશ્વ આરોગ્યક સંસ્થા (WHO) એ આ વાયરસને મહામારી જાહેર કરેલ છે.આજે વિશ્વના અનેક દેશોમાં આ રોગ અતિ તીવ્રતાથી ફેલાઈ રહેલ છે,આજે સમગ્ર ભારત સહિત ગુજરાત રાજ્યમાં પણ કોરોના વાયરસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. અને સમગ્ર દેશમાં લોકડાઉન-૩ જાહેર કરવામાં આવેલ છે. ત્યારે સુરતમાં પણ લોકડાઉન ના કારણે ધંધા-રોજગાર બંધ હે ત્યારે સુરતમાં વસતા પરપ્રાંતીય શ્રમિકો અને ગરીબ લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. શ્રમિકો પાસે પોતાનું એક તક નું ભોજન પણ નથી બચ્યું ત્યારે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. અને પોતાને વતન જવા માંગે છે પરંતુ તેઓની પાસે વતન જવા માટે ભાડાના પૈસા ના હોય આવી પરિસ્થિતીમાં એક સક્ષમ વિપક્ષ તરીકે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતિ સોનીયા ગાંધી એ આવા ગરીબ શ્રમિકોને તેમના વતન જવા તેઓનું પરિવહન ભાડું કોંગ્રેસ પક્ષ ભરપાઈ કરશે તેવી ધોષણા કરેલ. જે અનુસંધાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડા અને ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતાશ્રી પરેશભાઈ ધાનાણી ના સહયોગ થી આજ રોજ સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉત્તરપ્રદેશ ના ૧૨૦૦ શ્રમિકો ને વિના મૂલ્ય સુરત-અમેઠી-સુલ્તાનપૂર સ્પેશિયલ ટ્રેન સુરત રેલ્વે સ્ટેશન પરથી રવાના કરવામાં આવી હતી આ પ્રસંગે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી બાબુભાઈ રાયકા, સુરત મહાનગરપાલિકા ના વિપક્ષ નેતા શ્રી પ્રફુલભાઈ તોગડિયા, સુરતના માજી મેયર શ્રી કદીર ભાઈ પીરઝાદા દ્વારા આ સ્પેશિયલ ટ્રેન ને લીલી ઝંડી તેમજ તિરંગો બતાવી પ્રસ્થાન કરાવી હતી.

ડાંગ જિલ્લામાં એપીએલ વન કાર્ડ ધારકોને અન્ન વિતરણ

સંખ્યાબંધ કાર્ડધારકોએ લાભ જતો કર્યો

આહવા

વિશ્વભરમાં કોરોના વાઈરસને કારણે સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર કરાયું હતું. આ સમય દરમિયાન દેશના તમામ નાગરિકો માટે સરકારશ્રી દ્વારા અનાજનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું.

ડાંગ જિલ્લામાં છેવાડાના ગામડાઓ સુધી અનાજ વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોર દ્વારા સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આજરોજ મે મહિનાનું નોન એન.એફ.એસ.એ. એ.પી.એલ.૧ કાર્ડધારકોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાયું હતું. જે તા.૧૨/૦૫/૨૦૨૦ સુધીમાં આપવામાં આવશે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી પ્રતિક પટેલે જણાવ્યું હતું કે ગત માસમાં ૫,૫૨૦ પૈકી ૪,૪૯૨ વ્યક્તિઓ એ આ લાભ લીધો હતો. અને જરૂરિયાત ન હોય એવા કુલ ૪૨૨ લોકોએ દેશહિતમાં અનાજ નહી લઈને પોતાનો લાભ જતો કર્યો હતો. ગૌર્યા ગામના સંગીતાબેન યોગેશભાઈ ગાવિતે જણાવ્યું હતું કે મને સરકારની યોજનામાં ૧૦ કિ.ગ્રા.ઘઉં, ૩ કિ.ગ્રા.ચોખા,૧ કિ.ગ્રા.ખાંડ અને ૧ કિ.ગ્રા.ચણાની દાળ આપવામાં આવ્યું છે. જેનો મને આનંદ છે.

ટ્રેનની ટિકિટનું રજીસ્ટ્રેશન બંધ કરાયુ હોવાની વાતથી યુપીવાસીઓનો હોબાળો

સુરત

કોરોના મહામારીથી સર્જાયેલી અનિશ્ચિત સ્થિતમાં વતન જવા મજબૂર બનેલા શ્રમિકો માટે નિયમો રોજ રોજ ફરી રહ્યાં છે. સૌ પ્રથમ ઓડિશા જવાની ટ્રેન શરૂ કરવામાં આવી પરંતુ ઓડિશા હાઈકોર્ટ દ્વારા શ્રમિકોને કોરોના ટેસ્ટ કર્યા બાદ નેગેટિવ લોકોને જ રાજ્યમાં આવવા કહેતા ટ્રેન કેન્સલ કરાઈ છે. પરંતુ યુપીની ટ્રેન ચાલું છે તેમ છતાં યુપીવાસીઓમાં વાત ફેલાઈ કે ટ્રેનનું રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું છે જેથી મોટી સંખ્યામાં યુપીવાસીઓએ રજીસ્ટ્રેશન સેન્ટર પર પહોંચી



હોબાળો મચાવ્યો હતો.

ગોડાદરામાં આવેલી અરિહંત એકેડમી ખાતેથી યુપી જનારા લોકો માટેના રજીસ્ટ્રેશનનું કામ ચાલું છે. લોકોને ટોકન આપીને તેમના રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યાનું જણાવતાં મયુરભાઈએ ઉમેર્યું કે આજે યુપીવાસીઓમાં સમજ ફેર થઈ હતી. ઓડિશા અને બિહારની ટ્રેન રદ કરવામાં આવી છે.જેથી યુપીવાસીઓમાં પણ તેમની ટ્રેન રદ થવાનો ડર પેદા થયો હતો. જેથી તેમનું બુકીંગ બંધ ન થાય તે માટે મોટી સંખ્યામાં યુપીવાસીઓ રજીસ્ટ્રેશન સેન્ટર પ ઘસી આવી હોબાળો મચાવ્યો હતો. જો કે આખરે સેન્ટરના ગેટ બંધ કરી તમામને સમજાવવામાં આવ્યાં હતાં.

લુડો ગેમ મુદ્દે પતિ-પત્નિ વચ્ચે ઝઘડો થતા પતિએ આત્મહત્યા કરી

રાજપીપળા

હાલ લોકડાઉન વચ્ચે ઘરમાં પતિ-પત્ની વચ્ચે કંકાશના બનાવો વધી રહ્યા હશે એ સ્વાભાવિક છે.થોડો સમય પેહલા લોકડાઉન દરમિયાન પતિ-પત્ની વચ્ચે લુડો ગેમ રમવા બાબતે તકરાર થઈ હતી એ તકરાર પોલીસ મથક સુધી પહોંચી હતી.પણ નર્મદા જિલ્લામાં તો પતિ-પત્ની વચ્ચે થયેલી તકરારમાં પતિએ આત્મહત્યા કરી હોવાની ઘટના ઘટી છે.

બન્યું એવું કે નર્મદા જિલ્લાના ડેડીયાપાડાના કેવડી ફળિયામાં રહેતા ભરત દેવજી વસાવાના (ઉ.વ.૪૦) ઘરે નવો ચૂલો બનાવ્યો હતો.જેથી એણે પોતાની પત્ની મંજુલા વસાવાને (ઉ.વ.૩૮) એ ચૂલા પર સારું જમવાનું બનાવવા કહ્યું ત્યારે પત્ની મંજુલાએ પતિને મેણો મારતા એમ કહ્યું કે તમે કોઈ કામ ધંધો કરતા નથી ફક્ત રખડયા જ કરો છો. દરમિયાન પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ અને પત્નીના મેણાથી ખોટું લાગી આવતા પતિ ભરત વસાવાએ ખેતરના શેઢામાં આંબાના ઝાડની ડાળી પર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે પત્નીની ફરિયાદના આધારે ડેડીયાપાડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત શહેરમાં લોકડાઉનનો જનતા દ્વારા ચુસ્તપણે અમલ

કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં BSFના જવાનોનું પેટ્રોલિંગ

સુરત

આજે ત્રીજા તબક્કાના લોકડાઉનનો પાંચમો દિવસ છે. બીજા તબક્કાનું લોકડાઉન તા.૩જીએ પૂર્ણ થતા કેન્દ્ર સરકારે વધુ બે અઠવાડિયાનું લોકડાઉનનો અમલ કર્યો હતો. સુરત શહેરમાં પણ લોકડાઉન દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાતું નથી. જેને કારણે સુરત મનપા કમિશનર બચ્છાનિધિ પાની અને પો.કમિ. બ્રહ્મભટ્ટ દ્વારા લોકડાઉનનું કડક પાલન કરાવવા માટે નવા નવા નિયમોનું અમલ કરી રહી છે. સુરત શહેરમાં આજે ત્રીજા તબક્કાના લોકડાઉનનો પાંચમો દિવસ છે. તંત્ર દ્વારા લોકડાઉનના નિયમોનું ચુસ્ત પાલન કરવા માટે સુરતની પ્રજાને વારંવાર અપીલ અને વિનંતી કરી રહી છે.

સુરત શહેરમાં લોકડાઉનનું કડકપણે પાલન કરવા માટે પોલીસ તંત્રે કમ્મર કસી લીધી છે. શહેરના કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં સ્થાનિક પોલીસ સાથે બીએસએફના જવાનો ફ્લેગમાર્ચ કરી રહી છે.

સમર્થ હોમીયોપેથિક કિલનિક દ્વારા

ઈમરજન્સી સેવાના કર્મચારીઓને હોમિયોપેથીક દવાનું વિતરણ

વલસાડ

વલસાડ જિલ્લાના સમર્થ હોમીયોપેથીક કિલનિક દ્વારા જિલ્લાના કોરોના ફ્રન્ટકલાઈનર્સ હીરોઝ- ૧૦૮ ઈમરજન્સી, ખિલખિલાટ અને આરોગ્ય સંજીવનીના ૨૪૦ જેટલા કર્મચારીઓને હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ મુશ્કેલીના સમયમાં જયારે કર્મચારીઓ પોતાના જીવ જોખમમાં મુકીને પ્રજાની સેવાનું કામ અવિરતપણે કરી રહી છે. તથા ઘણી વખત ડોકટર, નર્સ તથા અન્ય કર્મચારીઓ પોતે પણ બીમારીનો ભોગ બની જતા હોય છે ત્યારે તેઓના સ્વાસ્થ્યની સંભાળ રાખવાનું બીડું અન્ય લોકોએ ઉપાડયું છે. વલસાડ જિલ્લાના સમર્થ હોમીયોપેથીક કિલનિકના ડો. સુકેતુ શાખી દ્વારા તમામ ફ્રન્ટલાઈનર્સને હોમિયોપેથીક દવા આપવામાં આવી છે. આ હોમીયોપેથીક દવા ૩ દિવસ લેવાની હોય છે. તેનાથી રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. તેની અસર ૧૫ દિવસ સુધી રહે છે અને હોમીયોપેથીક દવા હોવાના કારણે તેનાથી કોઇ આડઅસર થતી નથી. કોવિડ ૧૯ની મહામારીમાં ફરજ બજાવતા ફ્રન્ટલાઈનર્સ માટે આ દવા એક બુસ્ટકર ડોઝનું કામ કરશે એમ ડો. સુકેતુ શાસ્ત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

ભારત સરકારના આયુષ મંત્રાલયે આપેલી માર્ગદર્શિકા અનુસાર અમૃત પેય ઉકાળો તથા હોમિયોપેથીક દવાનો ઉપયોગ રોગ પ્રતિકારક શકિત વધારવા થવો જોઈએ. વલસાડ જિલ્લામાં વિવિધ સંસ્થાઓ, હોમીયોપેથીક કિલનિક તથા સરકારી આયુર્વેદિક હોસ્પિટલ આયુર્વેદિક દવાખાના દ્વારા ઉકાળા તથા દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેથી વલસાડ જિલ્લામાં સામાન્ય લોકોની સાથે-સાથે મહામારીમાં જીવ જોખમમાં મુકતા ફ્રન્ટલાઈનર્સ પણ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન સારી રીતે રાખી શકે.

નવસારી સિંધી કેમ્પ વિસ્તારમાં હોમિયોપેથિક દવાનું વિતરણ

શકિતવર્ધક ઉકાળાનું પણ વિતરણ કરાયું

નવસારી

ભારત સરકારના આયુષ મંત્રાલયના નિદર્શન મુજબ કોરોના વાઇરસ સામે રક્ષણ મેળવવા બનાવેલ ઉકાળો તથા રોગ પ્રતિકારક શકિત વધારવા માટેની હોમિયોપેથિક દવાનું વિતરણ વોર્ડ નં-૧૯, સિંધીકેમ્પ ખાતે નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઈ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, નવસારી જિલ્લામાં કાર્યરત આયુર્વેદ અને હોમીયોપેથી દવાખાનાથી કોરોના વાયરસ સામે રોગ પ્રતિકારક શકિત વધારવા ઉકાળો તેમજ દવાનુ નિયમિત વિતરણ થાય છે. આયુર્વેદમાં રોગપ્રતિકારક શકિત વધારવા અને સ્વસ્થ્ય રહેવા માટે કેટલાક ઉપાયો છે. જો કોઇ વ્યક્તિને શરદી, ઉધરસના લક્ષણ દેખાય તો તરત ડોકટરનો સંપર્ક કરવો જોઇએ. કોરોનાથી બચવા રોગ પ્રતિકારક શકિત વધારવી એ જ રામબાણ ઇલાજ છે.

નવસારી સરકારી આયુર્વેદ હોસ્પિટલ કાલિયાવાડીના ડાલ.ઉર્વિબેન પટેલના માર્ગદર્શન હેઠળ કોરોના વાઇરસ સામે લડવા માટે નવસારીના પ્રજાજનોને અમૃતપેય શકિતવર્ધક ઉકાળો તથા હોમીયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવે છે. જેનો લોકોએ બહોળી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.યોજાયેલા કાર્યક્રમમાં ૧૫૦૦ જેટલા લાભાર્થીઓને ઉકાળો તથા હોમિયોપેથિક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કર્ણભાઈ હરિયાણી, ડાલ.અજય શર્મા, હરીશભાઈ માંગલાની, જિજ્ઞાસાબેન પારેખ, પરેશાબેન ભટ્ટ, રશ્મિબેન સોની સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયાં હતાં.

નવસારી પોલીસે ૧૨૩ વાહનો જપ્ત કર્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૦૬/૦૫/૨૦૨૦ ના રોજ પોલીસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૧૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૩૨ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૧૨૩ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૬ મે સુધીમાં કુલ ૭૮૭૫ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૮૭૦૦ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

નવસારીમાં પત્નીની હત્યા કરી પતિની આત્મહત્યા

સુરત

નવસારી નજીક આવેલા મોલધરા ગામે પારસી ટેકરા ફળીયામાં રહેતાં શ્રમજીવી દંપતિની ભેદી સંજોગોમાં લાશ મળી આવતા ચકચાર મચી છે. પતિની લીમડાના ઝાડ ઉપર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. જ્યારે પત્નીની પૂર્ણા નદીમાંથી લાશ મળી આવતા હત્યાની આશંકા સાથે પોલીસ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ નવસારી નજીક આવેલા મોલધરા ગામે રહેતો મૂળ ખેરગામનો વતની કિશોરભાઈ ઝીણાભાઈ હળપતિ (ઉ.વ.૨૭) તથા તેની પત્ની અનીતા કિશોરભાઈ હળપતિ (ઉ.વ.૨૫) ખેત મજૂરી કામ કરી દાંપત્ય જીવન વિતાવી રહ્યા હતા. આ બંને પતિ પત્ની વચ્ચે ઘણાં સમયથી અવાર નવાર લડાઈ ઝઘડો થતો રહેતો હતો. બંને ગઈકાલે રાત્રે પોતાના ઘરેથી પરત ન આવતા તેઓની શોધખોળ કરતા આજે સવારે પૂર્ણા નદીમાંથી અનીતાબેન હળપતિની ભેદી રીતે લાશ મળી આવી હતી. ત્યારબાદ પતિ કિશોરની ગ્રામજનોએ શોધખોળ કરતા અવાવરૂ જગ્યામાંથી કિશોરભાઈ હળપતિની લીમડાના વૃક્ષ ઉપર ઓઢળી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. તેના પગમાં ઈજા તેમજ લીંમડાના ઝાડ પાસે ઓઢણીનો ટુકડો મળી આવતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે અને હત્યા કે આત્મહત્યા જે અંગે નવસારી રૂરલ પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે ધસી જઈ લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી છે. જે અંગે રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચમાં ૧૨૦૧ શ્રમિકોને ટ્રેન મારફતે વતનમાં મોકલવા તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી



હાલમાં સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ (COVID-39) ફેલાયેલ છે.જે અનુસંધાને ગુજરાત રાજ્યમાં પણ નોવેલ કોરોના વાયરસ ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે ભરૂચ જીલ્લા કલેકટર મારફતે ભરૂચ જીલ્લામાં રહેતા યુ.પી.ના પરપ્રાંતિય૧૨૦૦ જેટલા લોકોને વતનમાં જવા પરવાનગી આપવામાં આવી જે અન્વયે જીલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાં તથા વહીવટી તંત્ર દ્વારા મળીને પરપ્રાંતિયોને સોશીયલ ડીસ્ટન્ટસીગ જળવાઇ રહે તે રીતે વતના કરવાની સુચના મળતા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ તથા ભરૂચ શહેર 'સી' ડીવી. પોલીસ તથા ગુજરાત રેલ્વે પોલીસ તથા આર.પી.એફ ના સંકલન થી અત્રેના જીલ્લામાં જંબુસરના ૨૩૭, વાગરા ૫૪૧, હાંસોટ ૧૦૨ તથા ભરૂચ શહેર ના ૩૨૧ મળી કુલ ૧૨૦૧ પરપ્રાંતિય માણસોનુ સોશીયલ ડીસ્ટન્ટસીગ રાખી મેડીકલ ચેક અપ કરાવવામા આવેલ તથા તેઓ તમામને એસ.ટી.બસો દ્વારા બસોમાં પણ સોશીયલ ડીસ્ટન્ટરસીગ જળવાઇ રહે તે રીતે ભરૂચ રેલ્વે સ્ટેશન લાવવામાં આવેલ અને રેલ્વે સ્ટેશને તેઓને ગરમી ના લાગે તે માટે મંડપનું આયોજન કરી વહીવટી તંત્ર દ્વારા પાણી અને નાસ્તાની વ્યવસ્થા કરી કુલ ૧૨૦૧ જેટલા પરપ્રાંતિયોને ઉત્તરપ્રદેશના ગોંડા મુકામે ટ્રેન મારફતે રવાના કરવામાં આવેલ છે.

રાંદેર પોલીસનું મુસ્લિમો પ્રત્યે સુગ ધરાવતું વલણ !?

રાંદેર પોલીસના કેટલાક કર્મચારીઓ અને કથિત મહિલા પોલીસ અધિકારી દ્વારા અભદ્ર ભાષા સાથે મુસ્લિમો કોરોના મહામારીનું કસરણ હોય તેમ વર્તન થઈ રહ્યું હોવાની રજુઆત કરાઈ છે જે અત્રે અક્ષરશઃ પ્રસ્તુત છે જે બાબતે ઉચ્ચ પોલીસ અધિકારીઓનું ધ્યાન દોરવું રહ્યું કે રજુઆત જો સાચી હોય તો ઘટના બાબતે આમ ન થાય તેવી સુચના કરવી જરૂરી છે અન્યથા મહામારી સાથે વયમનસ્ય ફેલાય તો સ્થિતિ વણસી શકે.

નાંદોદના નિકોલી ગામની સીમમાંથી ૯૦ કિલો તરબૂચની ચોરીનો પ્રયાસ : ૨ વિરુદ્ધ ફરિયાદ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા ના નિકોલી ગામ ના એક ખેતર માંથી તરબૂચ ની ચોરી કરવાનો પ્રયાસ કરનાર બે વિરુદ્ધ ખેતર માલિકે ફરિયાદ આપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નિકોલી ગામના પાર્થ પ્રકાશભાઈ પટેલની ફરિયાદ મુજબ ગત તારીખ ૬ માં ની સાંજે તેમના નિકોલી ગામની સિમ માં આવેલ ખેતર માં રોપેલાં તરબૂચ માંથી ૯૦ કિલો જેવા તરબૂચ ચોરી કરવાના ઈરાદે નવપરા ગામના સંદીપ હાનાભાઈ વસાવા અને અન્ય એક વ્યક્તિ જેના નામની ખબર નથી એ ઘૂસ્યા હતા પરંતુ આ બંને ને લોકો જોઈ જતા બંને ત્યાંથી નાસી છૂટ્યા હતા. આમલેથા પોલીસે પાર્થ પટેલ ની ફરિયાદ ના આધારે બે વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજપીપળા રેડક્રોસ ખાતે ઈન્ટર નેશનલ રક્તદાન દિવસ નિમિત્તે રકદાન કરતા જાગૃત નાગરિકો : સ્વૈચ્છિક રક્તદાન કરનારાઓનું વિશેષ સન્માન



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

૮ મેં ને સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેશનલ રેડ ક્રોસ દિવસ તરીકે મનાવવામાં આવે છે. ત્યારે આજના ૮ મેં ના દિવસ નિમિત્તે રાજપીપળા રેડક્રોસ સોસાયટીમાં ત્રણ યુવા કાર્યકરો એ રક્તદાન કરી આ દિવસને પ્રેરણામય બનાવ્યો હતો.

ઈન્ડિયન રેડક્રોસમાં માનદ મંત્રી રમેશભાઈ રાણા મેનેજીંગ કમિટી ના જયેશભાઇ દોશી,ભરતભાઇ વ્યાસ,વહીવટી અધિકારી એચ.એચ.ગજજર તથા સર્વે સ્ટાફે રેડક્રોસ ના સ્થાપક જેન હેનરી દુનાન્ટ ની આ માનવતા વાદી સંસ્થા ની સ્થાપના કરવા બદલ વિશ્વના કરોડો વ્યક્તિઓને તેનો લાભ મળી રહ્યો છે.રકદાન થી અનેક જીવન ને બચાવી શક્યાં છે.

ત્યારે આજના દિવસે અજય કુમાર રોહિત, રાજેન્દ્રસિંહ ગોહિલ, એન. આર. આઈ જયેશભાઇ શાહે ખાસ હાજર રહી રક્તદાન કર્યું હતું. આ દિવસે રાજપીપળા રેડક્રોસ ના ચેરમેન એન. બી. માહિડા,વાઇસ ચેરમેન ડો. દર્શનાબેન દેશમુખ સહિતના અન્ય સભ્યો એ રક્તદાન કરનાર તમામ નો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

આજના દિવસે રેડક્રોસ સાથે સંકળાયેલા તમામનું તાળીઓના ગડગડાટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું અને આ કોરોના ની મહામારી વચ્ચે પણ નિયમિત રક્ત દાન કરનાર રકતદાતા ઓને સન્નમાનવા માં આવ્યા હતા. સાથે આજે સ્વૈચ્છિક રક્તદાન કરનારા અજયભાઈ રોહિત, જયેશભાઈ જે.શાહ તથા રાજેન્દ્રસિંહ ગોહિલ નું ખાસ અભિવાદન કરી વિશેષ સન્નમાન કરાયું હતું.

હાલમાં લોકડાઉન ની પરિસ્તીથી હોય રાજપીપળા રેડક્રોસ ખાતે રક્ત ની ઉણપ છે માટે રક્તદાતાઓ રક્તદાન કરે તો આવનારા સમયમાં જરૂરિયાત મંદોને રક્ત આપી શકાશે. રક્ત દાતાઓ એ રક્તદાન કરવું હોય તો તેમને ઘરે થી લઈ જવા અને મુકવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

લોકડાઉનમા પણ સખી વન સ્ટોપ સેન્ટર નર્મદાની અવિરત કામગીરી કાબિલે તારીફ

ઘરેલુ હિંસાથી પિડીત મહીલાઓના રક્ષણ, કાઉંસેલીંગ માટે ત્રણ શીફ્ટમા સંસ્થાની ટીમ દ્વારા સતત મોનીટરીંગ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



કોરોના વાયરસ મહામારી અને વૈશ્વિક સંકટ મા કોરોના યોદ્ધાઓ ની સમકક્ષ કામગીરી કરતુ નર્મદા જીલ્લા નુ ઈનરેકા સંસ્થાન સંચાલીત "સખી વન સ્ટોપ સેન્ટર" પતિ કે સાસરીયાઓ ના ત્રાસ થી વાજ આવી ગયેલી સ્ત્રીઓ ને તેઓ આત્મહત્યા કરી લે તે હદે પહોંચી જતી અટકાવવા માટે તેમજ અસ્થિર મગજ ની મહીલાઓ ને શોષણ થી બચાવવા માટે સરકાર ના મહીલા અને બાળ વિકાસ વિભાગ તરફ થી પ્રોગ્રામ ચલાવવામાં આવી રહ્યું છે, જેમા પિડીત મહીલાઓ ને તેમના બાળકો સહીત લાવીને રાખવામાં આવે છે, તેમને રહેવા જમવા સાથે ની તમામ પ્રાથમિક જરૂરિયાતો પુરી પાડવામાં આવે છે.

૧૮૧ અભયમ ૧૦૮ ઈમરજન્સી સેવા તથા મહિલા પોલીસ વિભાગ તરફ થી મળતી મહીલા અને બાળ ઉત્પીડન ની ફરિયાદો અને સીધે સીધી મળતી ફરિયાદો ને આધારે સખી વન સ્ટોપ સેન્ટર નર્મદા ૨૪ કલાક વર્ષ ના ૩૬૫ દિવસ સતત કામગીરી મહીલા સ્ટાફ ના પ્રભુત્વ મા બજાવવા મા આવી રહી છે. ફોન ઉપર મળતી ફરિયાદો ને ફોન ઉપર પણ મહીલા કર્મચારીઓ દ્વારા કાઉંસેલીગ કરવામા આવે છે જેથી કરી ને તાત્કાલીક કોઈ બનાવ કે દુર્ભાગ્યપુર્ણ ઘટના ને ઘટતા રોકી શકાય અને દેશ સહીત રાજય ની ડોમેસ્ટીક વાયલેંસ એટલે કે ઘરેલુ હિંસા નું પ્રમાણ ઘટાડી શકાય.

સખી વન સ્ટોપ સેન્ટર,નર્મદા દ્વારા આજદીન સુધી લગભગ ૪૦ થી વધુ મામલાઓને ટ્રેસ કરવામા આવ્યા છે, અને સંકલંન સાધી ને પરિસ્થિતિ ને સુધારવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રથી ભરૂચની હદમાં આવી કોરોનો વાયરસના જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરતી ભરૂચ શહેર સી ડીવીઝન પોલીસ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા ની સુચના તેમજ માર્ગદર્શન મુજબ આજ રોજ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.પી.ઉનડકટ તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો સાથે ભરૂચ શહેર સી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન ભરૂચ જીલ્લા કંટ્રોલ રૂમ તરફથી વર્ધી મળેલ કે "એક ઈસમ મહારાષ્ટ્રથી ભરૂચ આવી રંગ ક્રિષ્ના એવન્યુ ઝાડેશ્વર ખાતે પોતાના ઘરમાં રહે છે તે વર્ધી આધારે આ જગ્યાએ જઈ ચેક કરતા એક વ્યક્તિ મળી આવેલ જેની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ આદર્શ પ્રાભાકર ચૌધરી ઉવ ૨૫ હાલ રહેવાસી મકાન નં એ/૪૧ રંગ ક્રિષ્ના એવન્યુ ઝાડેશ્વર ભરૂચ, મૂળ રહેવાસી મકાન નં ૪૩૮ ખરેપાડા તાનશી ચિનગની દાહણ જી.થાણે,મહારાષ્ટ્ર નાએ કોઈપણ સક્ષમ અધિકારી ની પરવાનગી કે મંજૂરી વગર મહારાષ્ટ્રથી ભરૂચ ખાતે આવી પોતાના ઘરમાં રહેવા લાગેલ જેથી જાહેરનામા નો ભંગ કરેલ હોય તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

યુવકને ઓનલાઈન થાળીનો ઓર્ડર મોંઘો પડ્યો: ખાતામાંથી ૫૦ હજાર ઉપડી ગયા

સુરત

કોરોના વાઈરસ વચ્ચે લોકડાઉનમાં ઠગ બેડો ઓનલાઈન ઠગાઈ કરતા નથી અટકી રહ્યો ત્યારે સુરત ના યુવકને ઓનલાઈન ઓર્ડર આપવો ભારે પડ્યો છે. ફેસબુક પર 3seventy kitchen માં ઓનલાઈન ફુડ ઓર્ડર કરવાથી રૂા. ૨૦૦માં એક થાળી પર બે થાળી ફ્રી ની જાહેરાત વાંચી ઓર્ડર બુક કરાવનાર પાંડેસરાના દરજી યુવાનના બેંક એકાઉન્ટમાંથી ઠગ દ્વારા રૂપિયા . ૪૯,૯૯૬ ઉપાડી લીધા હતા. જોકે યુવકે આ મામલે પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાય છે.

સુરતના પાંડેસરા વિસ્તારમાં ગોપાલ નગરમાં રહેતો અને દરજી કામ કરતા નિતીન સાકરલાલ કાંગરીવાલા ગત તા. ૩૦ એપ્રિલના રોજ પોતાનું ફેસબુક આઇડી જોઇ રહ્યો હતો. ત્યારે ફેસબુક પર 3seventy kitchen નામની સાઇટ પર ઓનલાઈન ફુડ ઓર્ડર કરવાથી રૂપિયા ૨૦૦માં એક થાળી પર બે થાળી ફ્રી હોવાની જાહેરાત વાંચી ઓર્ડર બુક કરાવવા મોબાઈલ નં. ૮૩૮૯૮૫૩૫૯૮ પર કોલ કર્યો હતો.

આ નંબર પર વાત કરનારે ઓર્ડર પૈકીના રૂપિયા ૧૦ ડેબિટ કાર્ડથી અને રૂા. ૨૦૦ કેશ ઓન ડિલીવરી આપવાના રહેશે એમ કહી ટેક્સ મેસેજથી એક લીંક મોકલાવી હતી. નિતીને લીંક ઓપન કરી ડેબિટ કાર્ડનો ૧૬ આંકડાનો નંબર અને સીવીવી નંબરની ડિટેઈલ ભરતાઠગો દ્વારા વધુ એક લીંક મોકલાવી હતી.

ત્યાર બાદ એક પછી એક રૂા. ૯૯૯૯ના ચાર ટ્રાન્જેક્શન થકી રૂપિયા ૩૯,૯૯૬ અને ત્યાર બાદ વધુ રૂપિયા ૧૦ હજાર મળી કુલ રૂપિયા ૪૯,૯૯૬ની મત્તા ભેજાબાજે તફડાવી લીધી હતી. જેથી આ અંગે નિતીને આજ રોજ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પુત્રના આપઘાતનો વ્હેમ રાખી સસરાએ પુત્રવધુ પર ડમ્બલ્સથી જીવલેણ હુમલો કર્યો

સુરત

કોરોના વાઈરસને લઈને લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે મહિલા પર અત્યાચારની ઘટના સતત વધી રહી છે ત્યારે સુરતમાં પુત્રના આપઘાત બાદ ઘર કંકાસને લઈને આપઘાત કર્યા વહેમ સાથે સસરા દ્વારા પુત્ર વધુને ઘરમાં મગજ મારી કરે છે તેવો વહેમ રાખીને તેના પર જીવલેણ હુમલો કરવાની ઘટના સામે આવી છે. વિધવા પુત્રવધુ પર સસરાએ ડમ્બલ્સ વડે હુમલો કરતા પુત્રવધુનું માથામાં ૧૮ ટાંકા આવ્યા હતા. આ મામલે પોલીસે સસરા વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.


સુરતમાં એક બાજુ લૉકડાઉન કાર્યરત છે ત્યારે સુરત સહિત દેશભરમાં મહિલાઓ પરના અત્યાચારની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. તેવામાં સુરતના અમરોલી વિસ્તારમાં એક હિચકારા હુમલાની ઘટના નોંધાઈ છે. આ ઘટનામાં ફરિયાદી પ્રિયંકાબેને પોતાના સસરા વિરુદ્ધ ડમ્બલ્સથી માર મારી જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ નોંધાવી છે.

અમરોલીની મનિષા સોસાયટીમાં રહેતા પ્રિયંકાબેન બંસુના લગ્ન ચેતન બંસુ સાથે થયા હતા. ગત તારીખ ૨૮ ફેબ્રુઆરીના રોજ ચેતન બંસુએ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. ત્યારબાદથી પ્રિયંકા બંસુ પોતાના ૮ વર્ષના પુત્ર કનિશ્ક સાથે સસરાના ઘરે જ રહેતા હતા.

જોકે, પુત્રએ વહુના કારણે આપઘાત કરી લીધો હોવાનો વહેમ રાખી અને સસરા દ્વારા તેના પર અમાનુષી અત્યાચાર ગુજરાવામાં આવતો હતો. દરમિયાન સસરાએ પ્રિયંકાને ઘરમાં મગજમારી કેમ થાય છે તેવું કહીને ડમ્બલ્સના ૩-૪ ઘા મારી દેતા લાચાર પ્રિયંકા બહેનનું માથું ફૂટી ગયું હતું અને તેમના માથેથી લોહીની ધાર વહેવા લાગી હતી. સારવાર દરમિયાન તેમના માથે ટાંકા આવ્યા હતા.

રાજપીપળા નગરપાલિકા દ્વારા વેરો વધારવા મુદ્દે અપક્ષ સભ્ય મહેશ વસાવાએ વિરોધ નોંધાવ્યો

રાજપીપળા



રાજપીપળા નાગર પાલિકા આર્થિક મુશ્કેલી નો સામનો કરી રહી છે પોતે જાહેર સ્ટ્રીટ લાઈટો અને પાણી માટે મોટરોમાં વપરાતી લાઈટ બીલ નથી ભરી શકતી કોરોના વોરિયર્સ એવા સફાઈ કામદારોના પગાર કરી નથી શકતી એટલું તો ઠીક જેસીબી કે ફોગીગ મશીનો નું રીપેરેશન કરવા માટે પણ પાલિકા પાસે નાણાં નથી કેમ કે પાલિકા પાસે આવકનું કોઈ સાધન નથી એવું ખુદ પાલિકા સત્તાધીશો જણાવે છે.

એક બાજુ લોકડાઉન વચ્ચે પાલિકાને ચલાવવા ચીફ ઓફિસર જયેશ પટેલે વેરા વધારાના પ્રસ્તાવથી પાલિકા વર્તુળમાં ખળભળાટ મચી ગયો છે.જો કે આ માટે નગર જનોના વાંધા આવી રહ્યા છે પણ તમામ વાંધાનો સામાન્ય સભામાં નિકાલ આવશે.પાલિકા સત્તાધીશો અને વિપક્ષ પણ હાલ ચીફ ઓફીસરના નિર્ણયને સમર્થન આપી રહ્યા છે.બીજી બાજુ સત્તાધારી ભાજપના સભ્ય,વિપક્ષ કોંગ્રેસ ના અને અપક્ષ કેટલાક સભ્યોએ આ વેરા વધારાનો વિરોધ કરતા પાલિકા વેરા વધારા મુદ્દે સત્તાધીશો વચ્ચે મતભેદ પેદા થયો છે.ત્યારે હવે કેટલો વેરો નક્કી થાય એ આવનારો સમયજ બતાવશે.

લોકડાઉન ના સમય માં વેરો વધારો ગેરવ્યાજબી : મહેશ વસાવા

આ બાબતે રાજપીપળા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સભ્ય મહેશભાઈ વસાવાએ વેરા વધારા ને ગેર વ્યાજબી ગણાવી વિરોધ કરી જણાવ્યું કે પાલિકા માં ૨૪ સભ્યો છે જેમાંથી ફક્ત ૬ સભ્યો એ આ વેરા વધારાનો વિરોધ નોંધાવ્યો છે જેમાં ૧ ભાજપ ૧ કોંગ્રેસ અને ૪ અપક્ષ સભ્યો છે નગરપાલિકા ના કામદારો ના પગાર ન થવા બાબતે પાલિકા પાસે પૈસા નથી એવું ચીફ ઓફિસર જણાવે છે તે વાત ગેરવ્યાજબી ૨૫-૩૦ વર્ષ થી કાયમી કર્મચારીઓ ની ભરતી કરાઈ નથી ઉપરાંત હંગામી કર્મચારી ઓનું શોષણ થાય છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.હાલ જ્યારે લોકડાઉન માં લોકોને ખાવાના ફાંફાં છે ત્યારે વેરો વધારવા નો નિર્ણયજે શરમ જનક છે અને રાજપીપળા ની પ્રજા સાથે ખુલ્લી છેતરપિંડી છે ત્યારે આ વેરો વધારો પાછો ખેંચાય તેવી માંગ કરી હતી

વિરોધપક્ષના નેતાએ આડકતરી રીતે સાશક પક્ષ સાથે સુર પુરાવ્યો....

વિરોધપક્ષના નેતા કોંગ્રેસ ના મુન્તઝીર શેખે જણાવ્યું કે રાજપીપળા પાલિકાની પરિસ્થિતિ અતિ ગંભીર છે ૧૦ કરોડ જેટલી માતબર રકમ ફક્ત લાઇટબીલ ની જ બાકી છે તેમણે આડકતરી રીતે ઠરાવ માં સહી કરીને પોતાની સંમતિ આપી દીધી છે પરંતુ જણાવ્યું છે કે વેરા વધારા માટે સંમતી નથી આપી ફક્ત ફરતો ઠરાવ છે તેમાં સહી કરી છે અમે પ્રજાની પડખે રહીશું અને બોર્ડ માં નક્કી વેરા કરીશું અને વેરો વધવા નહીં દઈએ તેમ જણાવ્યું હતું.

ત્યારે હવે આવનારો સમયજ બતાવશે કે રાજપીપળા ની પ્રજા આ અસહ્ય વેરા વધારા બાબતે કેટલો વિરોધ નોંધાવે છે તેમજ ચૂંટણી ટાણે વોટ માંગતા કેટલા સભ્યો પ્રજાનું સાચું હિત ઈચ્છે છે કે કેમ તે જોવું રહ્યું.

- વેરા વધારવા બાબતે સૂચિત જોગવાઈઓ ...
- પાણી વેરો : રહેણાંક અને બિન રહેણાંક ૬૦૦ થી વધારી ૧૦૦૦ રૂપિયા, બિન રહેણાંક કારખાના ઈત્યાદિ ૧૦૦૦ થી વધારી ૨૦૦૦ રુપિયા
- ગટર વેરો : રહેણાંક ૧૨ રૂપિયા થી વધારી ૮૦ રૂપિયા, બિન રહેણાંક ૧૨ રૂપિયા થી વધારી ૧૫૦ રૂપિયા
- દિવાબત્તી વેરો / સામાન્ય સફાઈ વેરો : પેહલા હતો નહીં હાલ જોગવાઈ રહેણાંક ૧૨૦ + ૧૨૦ , બિન રહેણાંક ૨૫૦ + ૨૫૦ રૂપિયા
- છૂટક લારી ગલ્લા : કેબીન / લારી ગલ્લા / માર્કેટ રૂપિયા ૫ થી વધારી ને ૨૦ રૂપિયા, ગાર્ડન હાથલારી રૂપિયા ૫૦ થી વધારી ૧૦૦ રૂપિયા
- આકારણી ની નકલ ૫૦ રૂપિયા
- આવકનો દાખલો / બીપીએલ લાભાર્થી ૧૦ રૂપિયા
- જમીન નુ ઝોનિંગ સર્ટિ ૨૦૦ રૂપિયા